RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક


Date:- 11-05-2026 I VOL : 12 I Issue : 55 I Page : 8 I Price : 1.00/-


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

**સુવિચાર**

ઈચ્છાઓ પૂરી ના થાય તો ક્રોધ વધે છે... અને, ઈચ્છાઓ પૂરી થાય તો લોભ વધે છે... ”


3  દક્ષિણના રાજકારણમાં થયો 'થલપથી' યુગનો પ્રારંભ

4  ટેક્નોલોજીના અવિચારી ઉપયોગની વિનાશલીલા

6  બોલિવૂડમાં હજુ પણ પુરુષોનું વર્ચસ્વ: કૃતિ સેનન

7  સૂર્યવંશીનો વર્લ્ડ રેકોર્ડ, ટી20માં સૌથી ઝડપી 100 સિક્સર ફટકારનારો બેટ્સમેન


## એક નજર...

### સિંગર અને એક્ટ્રેસ સોફી ચૌધરીનો સ્ટાઈલિશ લૂક વાયરલ



એક્ટ્રેસ અને સિંગર સોફી ચૌધરી તેની ફેશન સેન્સ અને શાનદાર ગાયકીથી લોકોના દિલ પર રાજ કરે છે. દરેક વ્યક્તિ તેની સુંદરતાના દિવાના છે. સોફી ચૌધરી દરેક લૂકમાં ખૂબ જ સુંદર લાગે છે. સોફી ચૌધરીએ હાલમાં પોતાના ઈન્સ્ટાગ્રામ પર સ્ટાઈલિશ અંદાજમાં તસવીરો શેર કરી છે. નવા લૂકમાં સોફી ચૌધરી ખૂબ જ સુંદર લાગી રહી છે.

# 'પેટ્રોલ-ડીઝલનો ઉપયોગ ઓછો કરો': PM મોદી

## ભારતમાં ઓઈલના મોટા-મોટા કૂવા નથી, આજે વર્ક ફ્રોમ હોમ જેવા ઉપાયોની જરૂર છે

**નવી દિલ્હી**

પીએમ નરેન્દ્ર મોદીએ રવિવારે કહ્યું કે આજના સમયમાં પેટ્રોલ, ગેસ અને ડીઝલનો ઉપયોગ ઓછો કરવો



પડશે. પડોશમાં ચાલી રહેલા યુદ્ધની અસરથી દુનિયાભરમાં પેટ્રોલ-ડીઝલના ભાવ અનેક ગણા વધી ગયા છે. પીએમએ હૈદરાબાદમાં કહ્યું- ભારત પર આ વૈશ્વિક સંકટની અસર વધુ છે, આપણી પાસે તેલના મોટા કૂવા નથી. તેમણે કહ્યું કે જે શહેરોમાં મેટ્રો છે, ત્યાં લોકો મેટ્રોનો ઉપયોગ કરે. કારપુલિંગ કરે. આજે વર્ક ફ્રોમ હોમ જેવા ઉપાયોની જરૂર છે. આ પહેલા પીએમએ બેંગલુરુમાં કહ્યું કે DMKએ હંમેશા કોંગ્રેસના હિતમાં કામ કર્યું, પરંતુ સત્તાનું સમીકરણ બદલાતા જ કોંગ્રેસે પહેલી જ તકે DMKની પીઠમાં છરો ભોંકી દીધો. આજના સમયમાં પેટ્રોલ, ગેસ અને ડીઝલનો ખૂબ સંયમ સાથે ઉપયોગ કરવો જોઈએ.

આપણે આયાતી પેટ્રોલિયમ ઉત્પાદનોનો ઉપયોગ ફક્ત જરૂરિયાત મુજબ જ કરવો જોઈએ. કોરોના કાળમાં દેશે વર્ક ફ્રોમ હોમની જે વ્યવસ્થા વિકસાવી. આજે સમયની માંગ એવી છે કે જો આપણે આ વ્યવસ્થાઓને ફરીથી શરૂ કરીએ તો તે દેશના હિતમાં હશે. 75 વર્ષ પછી આસામમાં ભાજપ સરકારે હેટ્રિક હાંસલ કરી લીધી છે. પુડુચેરીમાં પણ ભાજપ-એનડીએ સરકાર ફરીથી સત્તામાં પાછી ફરી છે. આ જીત પછી હું તેલંગાણાના લોકોની ભાવનાઓને પણ જોઈ રહ્યો છું. કોંગ્રેસ પાર્ટી માત્ર છેતરપિંડી કરવાનું જાણે છે. કોંગ્રેસ પોતે જૂઠું બોલે છે અને તેની ગેરંટીઓ પણ ખોટી હોય છે. કર્ણાટકમાં છેલ્લા ત્રણ વર્ષથી આ જ સ્થિતિ જોવા મળી રહી છે. 40 વર્ષ પહેલા 400થી વધુ બેઠકો જીતનારી પાર્ટી છેલ્લા ત્રણ ચૂંટણીઓમાં મળીને પણ 100 બેઠકોનો આંકડો પાર કરી શકી નથી. તેમ છતાં કોંગ્રેસ અને તેના સહયોગી પક્ષો પોતાની હાર માટે આખી દુનિયાને જવાબદાર ઠેરવી રહ્યા છે. કોંગ્રેસ અને DMK વચ્ચે છેલ્લા 25-30 વર્ષથી ગાઢ સંબંધો રહ્યા છે. પરંતુ સત્તાનું સમીકરણ બદલાતા જ કોંગ્રેસે પહેલી જ તકે DMKની પીઠમાં છરો ભોંકી દીધો.

## યોગી મંત્રીમંડળમાં 6 નવા મંત્રી, 2નું પ્રમોશન

**લખનઉ**

યોગી કેબિનેટનું આજે રવિવારે બીજી વખત વિસ્તરણ થયું. 2 કેબિનેટ, 4 રાજ્યમંત્રી અને 2 રાજ્યમંત્રીઓને પ્રમોશન આપીને રાજ્યમંત્રી (સ્વતંત્ર પ્રભાર) બનાવવામાં આવ્યા છે. રાજભવનમાં સૌથી પહેલા ભાજપના પૂર્વ પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર ચૌધરીએ શપથ લીધા. ત્યારબાદ સપામાંથી બળવો કરનાર ધારાસભ્ય મનોજ પાંડેએ શપથ લીધા. બંનેને કેબિનેટ મંત્રી બનાવવામાં આવ્યા છે. ત્રીજા નંબરે અજીત પાલ અને પછી સોમેન્દ્ર તોમરે શપથ લીધા. બંને ધારાસભ્યો પહેલા રાજ્યમંત્રી હતા, હવે તેમને રાજ્યમંત્રી (સ્વતંત્ર પ્રભાર) બનાવવામાં આવ્યા છે. ત્યારબાદ કૃષ્ણા પાસવાન, કૈલાશ રાજપૂત, સુરેન્દ્ર દિલેર અને હંસરાજ વિશ્વકર્માએ શપથ લીધા. ચારેયને રાજ્યમંત્રી બનાવવામાં આવ્યા છે. કૃષ્ણા પાસવાન રાધે-રાધેનો પટકો પહેરીને આવ્યા હતા. સુરેન્દ્ર દિલેર ભગવા વસ્ત્રોમાં હતા. કૃષ્ણા પાસવાને શપથ ગ્રહણ પછી જય શ્રી રામના નારા લગાવ્યા. નવા બનનારા મંત્રીઓમાં 1 બ્રાહ્મણ, 3 ઓબીસી અને 2 દલિત વર્ગના છે. ચર્ચા છે કે ભૂપેન્દ્ર ચૌધરીને પીડબ્લ્યુડી વિભાગ આપવામાં આવી શકે છે.

# હિમંતા સરમા બીજી વખત આસામના મુખ્યમંત્રી બનશે

## ધારાસભ્ય દળની બેઠકમાં નેતા તરીકે ચૂંટાયા, 12 મેના રોજ શપથ લેશે, અનેક નેતાઓ રહેશે હાજર

**ગુવાહાટી**

આસામના આગામી મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમા હશે. રવિવારે ભાજપની ધારાસભ્ય દળની બેઠકમાં તેમના નામ પર મહોર લાગી. જે.પી. નડ્ડાએ તેમના નામની જાહેરાત કરી. હિમંતા 12 મેના રોજ સવારે 11 વાગ્યે ત્રીજી વખત અને ભાજપના નેતા તરીકે તેઓ સતત બીજી વખત રાજ્યના મુખ્યમંત્રી પદના શપથ લેશે.

4 મેના રોજ આવેલા પરિણામોમાં ભાજપે રાજ્યની 126માંથી 82 બેઠકો પર જંગી જીત મેળવી હતી. શપથ ગ્રહણ સમારોહમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ભાજપ અને એનડીએ (NDA)ના ઘણા વરિષ્ઠ નેતાઓ હાજર રહે તેવી અપેક્ષા છે. હિમંતાનો રાજ્યાભિષેક ઉત્તર-પૂર્વમાં પાર્ટીની પકડને વધુ મજબૂત કરવા તરીકે જોવામાં આવી રહ્યો છે. છેલ્લા કાર્યકાળમાં આરોગ્ય અને શિક્ષણ જેવા મહત્વપૂર્ણ વિભાગો સંભાળનાર સરમા પાસે હવે સમગ્ર રાજ્યને નવી ઊંચાઈઓ પર લઈ જવાની જવાબદારી રહેશે. 2023માં આસામમાં સીમાંકન થયું અને વિધાનસભા બેઠકોની સીમાઓ ફરીથી નક્કી કરવામાં આવી. ST, SCની અનામત બેઠકો અને બોડોલેન્ડ ટ્રાઈબલ રિજનની બેઠકો વધી, પરંતુ મુસ્લિમ બહુમતીવાળી બેઠકો 41થી ઘટીને 26 થઈ ગઈ. 2011ની વસ્તી ગણતરીમાં આસામમાં 34% મુસ્લિમો મુસ્લિમ ઉમેદવારો ઉતાર્યા. રાજકીય વિશ્લેષક અશોક મલિકના મતે, 'નવી સીમાઓએ મુસ્લિમ બહુમતીવાળા વિસ્તારોના પ્રભાવને મર્યાદિત કરી દીધો.



હતા. અનુમાન મુજબ હવે તે લગભગ 40% થઈ ગયા છે. તેમ છતાં તેમની બેઠકો ઘટી ગઈ છે. BJP નોર્થ-ઈસ્ટ ડેમોક્રેટિક એલાયન્સ સાથે ચૂંટણીમાં ઉતરી. BJPના 90 ઉમેદવારોમાંથી કોઈ મુસ્લિમ નહોતો. સાથી પક્ષોએ 36માંથી 13 મુસ્લિમ ઉમેદવારો ઉતાર્યા. બીજી તરફ કોંગ્રેસના નેતૃત્વવાળા મહાજોત ગઠબંધને 22 સાથે જ તે બેઠકોને પણ ફરીથી ગોઠવી જ્યાં આસામી મુસ્લિમો ઓછા થઈ રહ્યા હતા. તેનાથી હિમંતને તે બેઠકો પર સરસાઈ મળી જ્યાં પહેલા ભાજપ નબળી હતી.' 2021માં કોંગ્રેસ અને બદરુદ્દીન અજમલની AIUDFએ સાથે ચૂંટણી લડી હતી. તેમને બંગાળી મુસ્લિમોના 89% અને આસામી મુસ્લિમોના 65% મત મળ્યા હતા.

## NEWS TRACK

### સ્પેસ શૂટ પહેરીને પૃથ્વી પર ઉતર્યા હતા 4 ફૂટના એલિયન્સ! UFOની ગુપ્ત ફાઈલ્સમાં મોટો ઘટસ્ફોટ

અત્યાર સુધી જે વાતોને કલ્પના માનવામાં આવતી હતી, તેના પર હવે ખુદ અમેરિકાના સંરક્ષણ વિભાગે મહોર મારી હોય તેમ લાગે છે. પેન્ટાગોન દ્વારા તાજેતરમાં 162 નવી UFO ફાઈલ્સ જાહેર કરવામાં આવી છે. આ દસ્તાવેજોમાં દાયકાઓ પહેલા જોવાયેલા ત્રણથી ચાર ફૂટ ઊંચા વિચિત્ર જીવો અને અવકાશયાનના અવશેષો વિશે અત્યંત ચોંકાવનારી વિગતો સામે આવી છે. સ્પેસ સૂટ અને હેલ્મેટ પહેરેલા જીવો પેન્ટાગોનની ફાઈલ્સમાં દાયકાઓ જૂના એવા અહેવાલોનો ઉલ્લેખ છે. જેમાં અવકાશમાં સ્પેસ સૂટ અને હેલ્મેટ પહેરેલા ત્રણથી ચાર ફૂટ ઊંચા રહસ્યમય જીવો જોવા મળ્યા હતા. આ અહેવાલોમાં એ વાતનો પણ ઉલ્લેખ છે કે, FBIના એક મેમોમાં ફ્રેન્ક એડવર્ડ્સના પુસ્તક 'Flying Saucers - Serious Business' પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. જેણે તે સમયે લોકોમાં UFO પ્રત્યે ભારે ઉત્સુકતા અને વિવાદ જગાવ્યો હતો. FBI મેમોમાં એડવર્ડ્સના દાવાને ટાંકવામાં આવ્યો છે કે, UFO એ પૃથ્વી પરની પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કરવા માટે મોકલવામાં આવેલા સ્પેસ વાહનો હતા.

### દિલ્હીમાં આતંકી હુમલાનું એલર્ટ: ઇન્ટેલિજન્સ એજન્સીઓએ કહ્યું- આત્મઘાતી હુમલો થઈ શકે

ઈન્ટેલિજન્સ એજન્સીઓએ દિલ્હીમાં આતંકી હુમલાનું એલર્ટ જાહેર કર્યું છે. ન્યૂઝ એજન્સી PTIએ સૂત્રોના આધારે આ માહિતી આપી છે. એજન્સી અનુસાર, ભાજપ મુખ્યાલય અને આસપાસની સરકારી ઈમારતોની સુરક્ષા સઘન કરવામાં આવી છે. એજન્સીઓને શંકા છે કે દીન દયાલ ઉપાધ્યાય (DDU) માર્ગ પર સ્થિત કાર્યાલયોને આત્મઘાતી હુમલાઓ, કાર બ્લાસ્ટ, ગોળીબાર અથવા IED દ્વારા નિશાન બનાવી શકાય છે. કોઈપણ ખતરાને ટાળવા માટે સુરક્ષા દળોએ દેખરેખ અને સાવચેતીના પગલાં વધારી દીધા છે. જવાનોની તૈનાતી અને સીસીટીવી સર્વેલન્સ વધ્યું પોલીસ અને સુરક્ષા દળોએ વધારાના જવાનોની તૈનાતી, ચેકિંગ અને સીસીટીવી સર્વેલન્સ વધારી દીધું છે. શંકાસ્પદ ગતિવિધિઓ પર નજર રાખવા માટે બેરિકેડિંગ અને વાહનોની રેન્ડમ ચેકિંગની સાથે-સાથે સુરક્ષા એજન્સીઓ કોઈપણ સંભવિત ખતરાને રોકવા માટે પરસ્પર તાલમેલથી કામ કરી રહી છે. બોમ્બ ડિસ્પોઝલ સ્કવોડ, સ્નિફર ડોગ યુનિટ્સ અને ક્વિક રિએક્શન ટીમોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે.

## જૈન મુનિને ફસાવનારા બ્લેકમેલિંગ સિન્ડિકેટનો પર્દાફાશ: ષડયંત્રખોરોમાં ફફડાટ!

# ધર્મના દલાલોની ઊંધી ગણતરી શરૂ: હાર્દિક હુડિયા અને તેની ગેંગની અસલિયત સામે આવી....

**અમદાવાદ**

આસ્થાના નામે કલંક લગાડનારા એક એવા ઘૃણાસ્પદ અને રૂંવાડા ઉભા કરી દે તેવા ષડયંત્રનો પર્દાફાશ થયો છે, જેણે સમગ્ર જૈન સમાજને હચમચાવી દીધો છે. ઈડરમાં એક મહાપાપ પાછળ જગત પારેખ, વિક્રમ સિંઘવી, હાર્દિક હુડિયા અને વિક્રમ બાફના જેવા શાતિર લોકોનો હાથ હોવાનું સામે આવ્યું છે. આ એવા તત્વો છે જેઓ જૈન સમાજની પ્રતિષ્ઠિત વ્યક્તિઓને નિશાન બનાવી ઉઘાડી




સંગઠિત ટોળકીએ જૈન મુનિ રાજતિલક સાગરજી મહારાજની પવિત્ર છબી ખરડવા અને તેમની પાસેથી કરોડો રૂપિયા પડાવવા માટે 'હનીટ્રેપ'ની જાળ બિછાવી હતી. પરંતુ સત્ય ક્યારેય છુપાતું નથી, અને હવે આ સફેદપોશ વરુઓના ચહેરા પરથી નકાબ ઉતરી ગયો છે.

### ષડયંત્રના માસ્ટરમાઈન્ડ અને તેમનું કાળું ચિઠ્ઠું

સૂત્રો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, આ લૂંટ ચલાવે છે. જોકે, પોલીસની તટસ્થ તપાસ અને ફરિયાદી કિરણ દોશી તેમજ તેમના પત્નીના સોગંદનામાએ આ આખી ગેંગના મનસૂબા પર પાણી ફેરવી દીધું છે. સોગંદનામામાં સ્પષ્ટપણે સ્વીકારવામાં આવ્યું છે કે, આ એફઆઈઆર અને હનીટ્રેપનું નાટક માત્ર પૈસાની હવસ સંતોષવા માટે રચવામાં આવ્યું હતું. મુનિરાજ આ મામલે સંપૂર્ણપણે નિર્દોષ સાબિત થયા છે.

### સત્ય સામે આવતા જ બ્લેકમેલર્સની બૌખલાટ

મીડિયા હાઉસની શાખ બગાડવા માટે ખોટી અફવાઓ ફેલાવવી અને પત્રકારોને ધમકાવવાના કાયરતાપૂર્ણ પ્રયાસો શરૂ કર્યા છે.

### હાર્દિક હુડિયા એન્ડ ગેંગને ખુલ્લી ચેતવણી

'પાક્કો ગુજરાત' સાફ શબ્દોમાં જણાવે છે કે, આવી ખોટી ધમકીઓ કે ગીધડ ભભકીઓથી સત્યનો અવાજ દબાશે નહીં. હાર્દિક હુડિયા અને તેની ટોળકીની અસલિયત હવે આખા દેશ સામે છે. ધર્મના

જ્યારે આ ધર્મના દલાલોના કાળા કરતૂતો જનતા સામે આવ્યા, ત્યારે આ સિન્ડિકેટના પગ નીચેથી જમીન સરકી ગઈ છે. પોતાની પોલ ખુલતી જોઈને આ ષડયંત્રખોરો હવે હલકી કક્ષાની રાજનીતિ પર ઉતરી આવ્યા છે. ઓઠાં હેઠળ બ્લેકમેલિંગનો ધંધો ચલાવનારાઓ જાણી લે કે તમે ગમે તેટલા શક્તિશાળી હોવ, કાયદો અને સત્ય તમારાથી ઉપર છે. જેઓ સત્યને દબાવવાની કોશિશ કરશે, તેમને વીણી-વીણીને બેનકાબ કરવામાં આવશે.

### જૈન સમાજમાં આક્રોશનો જ્વાળામુખી

આ ચોંકાવનારા ખુલાસા બાદ સમગ્ર જૈન સમાજમાં આ ગેંગ વિરુદ્ધ ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ માત્ર એક સંત પર હુમલો નથી, પરંતુ જૈન ધર્મની આસ્થા પર સુનિયોજિત પ્રહાર છે. હવે દેશભરમાંથી એક જ અવાજ ઉઠી રહ્યો છે કે, ધર્મની આડમાં બ્લેકમેલિંગનું નેટવર્ક ચલાવનારા આ સફેદપોશ ગુંડાઓને જેલના સળિયા પાછળ ધકેલવામાં આવે.

સત્ય અને અસત્યની આ લડાઈમાં 'પાક્કો ગુજરાત' જૈન સમાજ અને સત્યની સાથે ખડતલ રીતે ઊભું છે. આ ગીધડાઓનો જડમૂળથી સફાયો ન થાય ત્યાં સુધી અમારું આ અભિયાન ચાલુ રહેશે.

**ધમકીઓ છતાં 'પાક્કો ગુજરાત' સત્ય સાથે અડીખમ**

# માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી આર્ટ ઓફ લિવિંગના 45મા સ્થાપના દિવસની ઉજવણીમાં જોડાયા

## આર્ટ ઓફ લિવિંગના બેંગલોર આશ્રમમાં ધ્યાનમંદિરનું ઉદ્ઘાટન તથા વિવિધ દેશવ્યાપી સેવા પહેલોનો પ્રારંભ કરાયો



**બેંગલુરુ**

આર્ટ ઓફ લિવિંગ ઈન્ટરનેશનલ સેન્ટર આજે ઐતિહાસિક ક્ષણનો સાક્ષી બન્યું, જ્યારે ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજી ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજી સાથે આર્ટ ઓફ લિવિંગના ૪૫ વર્ષ અને ગુરુદેવ શ્રી શ્રી રવિશંકરજીના ૭૦મા જન્મદિવસની ઉજવણીમાં જોડાયા હતા. માનનીય પ્રધાનમંત્રીએ આર્ટ ઓફ લિવિંગના બેંગલુરુ ખાતેના આંતરરાષ્ટ્રીય સેન્ટર પર વિશ્વના સૌથી વિશાળ ધ્યાન સમુદાયોમાંના એકનું પ્રતિનિધિત્વ કરતા ભવ્ય 'ધ્યાન મંદિર'નું લોકાર્પણ કર્યું. આ વિશેષ ધ્યાન કેન્દ્ર વિશ્વભરના લાખો સાધકોને સામૂહિક ધ્યાન અને મંત્રોચ્ચાર દ્વારા આંતરિક શાંતિ અને નિરવતા અનુભવવાની તક આપશે. ધ્યાન મંદિર અંગે પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું: "મને પૂર્ણ વિશ્વાસ છે કે આજે લોકાર્પિત થયેલું આ ધ્યાન મંદિર આવનારી પેઢીઓ માટે હજારો લોકો માટે શાંતિ અને સાંત્વના નું કેન્દ્ર બનશે." તેમજ સંસ્થાના છેલ્લા ૪૫ વર્ષના સેવાકાર્યની પ્રશંસા કરતાં જણાવ્યું કે "જ્યારે સંકલ્પ સ્પષ્ટ હોય અને કાર્ય સેવા ભાવથી કરવામાં આવે, ત્યારે દરેક પ્રયાસ સફળ બને છે." ગુરુદેવને કૃતજ્ઞતા અર્પણ કરતાં તેમને ગુરુદેવને "ભારતની શાશ્વત દાન પરંપરાનું જીવંત સ્વરૂપ - જ્ઞાન , શાંતિ, આશા અને સેવા આપનાર મહાન વ્યક્તિત્વ" તરીકે વર્ણવ્યા. એક હળવી ક્ષણ દરમિયાન પ્રધાનમંત્રીશ્રીએ ગુરુદેવને સંબોધતા કહ્યું: " " (હું આપનો જ છું અને આજે જ્યાં છું તે પણ આપના કારણે જ છું), જેના પર ઉપસ્થિત જનમેદનીએ તાળીઓના ગડગડાટથી સ્વાગત કર્યું. રાષ્ટ્ર નિર્માણમાં આધ્યાત્મિકતા અને માનસિક સ્વાસ્થ્યના મહત્વ પર ભાર મૂકતાં તેમણે જણાવ્યું: "વિકસિત ભારત એવા યુવાનોના હાથે નિર્માણ પામશે, જે માનસિક રીતે શાંત, સામાજિક રીતે જવાબદાર અને સમાજ પ્રત્યે સંવેદનશીલ હોય. યોગ, ધ્યાન અને આધ્યાત્મિક સુખાકારીની આ યાત્રામાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા છે." તેમણે ઉમેર્યું: "મને વિશ્વાસ છે કે સમાજ રાજકારણ અને સરકારોથી વધુ શક્તિશાળી છે. સરકાર ત્યારે જ સફળ બને છે જ્યારે સમાજ સક્રિય રીતે રાષ્ટ્ર નિર્માણમાં જોડાય." ભારતના ઝડપી વિકાસ અને યુવાનોની ભૂમિકાનો ઉલ્લેખ કરતાં તેમણે જણાવ્યું: "ભારત આજે ડિજિટલ પેમેન્ટમાં વર્લ્ડ લીડર છે. સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં ભારત વિશ્વમાં ત્રીજા સ્થાને છે.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો : 9662420070

# પ્રાંતિજમાં ખેતરના ભોંયરામાંથી વિદેશી દારૂ મળ્યો : એકની ધરપકડ

સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના સુખડ ગામે પોલીસે એક ખેતરમાંથી વિદેશી દારૂનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. કેનાલ પાસે આવેલી એક ઓરડી નજીક જમીનમાં બનાવેલા ભોંયરામાંથી 1420 બોટલ દારૂ અને બિયર મળી આવ્યા હતા. પોલીસે આ મામલે રૂપિયા 2.53 લાખના મુદ્દામાલ સાથે એક આરોપીની ધરપકડ કરી છે.

પ્રાંતિજ પોલીસ સ્ટેશનનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો ત્યારે મનિષકુમાર અને હર્ષપાલસિંહને સંયુક્ત બાતમી મળી હતી.

બાતમી મુજબ, સુખડ ગામનો રાહુલકુમાર ઈલાજી મકવાણા પોતાના ખેતરમાં ઓરડી પાસે ખાડો ખોદી ભોંયરૂ બનાવી તેમાં વિદેશી દારૂ રાખી વેચાણ કરતો હતો. આ માહિતીના આધારે પોલીસે ઘટનાસ્થળે દરોડો પાડ્યો હતો.

પોલીસ ટીમે સ્થળ પર પહોંચી તપાસ કરતા એક શખ્સ ઉભેલો જોવા મળ્યો હતો, જેને પકડીને પૂછપરછ કરવામાં આવી હતી. ખેતરમાં આવેલી ઓરડી નજીક ખુલ્લી જગ્યામાં ખોદકામ કરતા જમીનમાં પ્લાસ્ટિકનું મીણીયું અને તેની નીચે લોખંડની પ્લેટ (ઢાંકણ) મળી આવ્યું હતું. આ ઢાંકણ હટાવતા આશરે 4x6 માપનું એક ભોંયરૂ દેખાયું હતું.

આ ભોંયરામાંથી ખાખી કલરના પુઠાના બોક્સમાં રાખેલો વિદેશી દારૂ અને બિયરની કુલ 1420 બોટલો મળી આવી હતી, જેની કિંમત રૂ. 2,51,049 આંકવામાં આવી છે. પોલીસે આરોપી રાહુલકુમાર ઈલાજી મકવાણા પાસેથી એક મોબાઈલ ફોન (કિંમત રૂ. 2,000) પણ જપ્ત કર્યો હતો. આમ, કુલ રૂ. 2,53,049નો મુદ્દામાલ જપ્ત કરી રાહુલકુમાર વિરુદ્ધ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશનનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મલેશિયા ફરાર થયેલો આરોપી બેંગ્લોર એરપોર્ટ પરથી ઝડપાયો

ભરૂચ

ભરૂચ સી-ડિવિઝન પોલીસે વર્ષ 2024માં કરોડો રૂપિયાની છેતરપિંડી આચરી વિદેશ ભાગી ગયેલા આરોપી યતીન અરુણભાઈ શાહને ઝડપી પાડ્યો છે. યતીન શાહ ખોટા લોન સેન્કશન લેટર, બનાવટી એફ.ડી. દસ્તાવેજો અને વિવિધ સરકારી યોજનાઓના બહાના હેઠળ અનેક લોકોને છેતરતો હતો. તે મલેશિયામાં છુપાયો હતો અને ભારત પરત ફરતા જ બેંગ્લોર એરપોર્ટ પરથી તેની ધરપકડ કરવામાં આવી હતી. આ છેતરપિંડીના મામલે ઝાડેશ્વર રોડ સ્થિત રામવાટિકા સોસાયટીમાં રહેતા અને દ્રષ્ટિ કાર સ્પાના વ્યવસાયી દિપન અરુણભાઈ દલાલે ફરિયાદ નોંધાવી હતી. તેમની ફરિયાદ મુજબ, યતીન શાહે દિપનભાઈની દીકરીને યુ.કે.માં અભ્યાસ માટે વિઝા અપાવવાની ખાતરી આપી હતી. તેણે યુ.કે. એમ્બેસીમાં ઓળખાણ હોવાનું જણાવી પરિવારનો વિશ્વાસ જીત્યો હતો. વિઝા પ્રક્રિયા માટે બેંક ટ્રાન્ઝેક્શન બતાવવાની જરૂર હોવાનું કહી, આરોપીએ દિપનભાઈની પત્નીના ખાતામાંથી રૂ. 21.95 લાખ પોતાના દીકરા અરહમ શાહના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા.

જ્યારે પૈસા પાછા માંગવામાં આવ્યા, ત્યારે યતીન શાહે સીડીબી બેંકમાં રૂ. 22 લાખની એફ.ડી. કરાવ્યાનો ખોટો લેટર અને ICICI બેંકમાંથી રૂ. 24 લાખની એજ્યુકેશન લોન મંજૂર થયાનું બનાવટી લોન સેન્કશન લેટર આપ્યું હતું. તપાસ દરમિયાન સીડીબી અને ICICI બેંકના અધિકારીઓએ પુષ્ટિ કરી કે બંને દસ્તાવેજો બનાવટી હતા. આ પછી જ દિપનભાઈને તેમની સાથે છેતરપિંડી થઈ હોવાનું જાણવા મળ્યું.

પોલીસ તપાસમાં વધુ ખુલાસો થયો કે યતીન શાહે મુદ્રા લોન, પ્રધાનમંત્રી સબસિડી યોજના, મ્યુચ્યુઅલ ફંડ, ફ્લેટ ઈન્વેસ્ટમેન્ટ અને એજ્યુકેશન લોનના બહાના હેઠળ અન્ય ઘણા લોકોને પણ છેતર્યા હતા.

# રાજકોટ મહાનગરપાલિકા એ 5 વર્ષમાં વૃક્ષો રોપવા રૂા. 22 કરોડનો ખર્ચ કર્યો

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરને હરિયાળું બનાવવાના બણગાં વચ્ચે એક ચોંકાવનારો આંકડાકીય વિરોધાભાસ સામે આવ્યો છે. છેલ્લા પાંચ વર્ષમાં તંત્ર દ્વારા કુલ રૂ. 22.69 કરોડનો માતબર ખર્ચ કરીને 17,58,746 જેટલા જંગી વૃક્ષોનું વાવેતર કરવાનો દાવો કરવામાં આવ્યો છે, તેમ છતાં રાજકોટ રાજ્યના સૌથી ગરમ શહેરોની યાદીમાં આવી રહ્યું છે. આ આંકડાઓ જોતા સ્પષ્ટ થાય છે કે, કાગળ પર વૃક્ષોનું 'જંગલ' ઉભું કરવામાં આવ્યું છે, પરંતુ જમીની હકીકત કંઈક અલગ જ ચિત્ર રજૂ કરે છે. ગત 11 માર્ચના રોજ 42 ડિગ્રી તાપમાન સાથે રાજકોટ આખા દેશમાં સૌથી ગરમ શહેર નોંધાયું હતું, જે તંત્રના ગ્રીન કવર વધારવાના દાવાઓ સામે ગંભીર સવાલો ઉભા કરે છે. રાજકોટ મહાનગર પાલિકાના સત્તાવાર ડેટા પર નજર કરીએ તો 2021થી 2026 સુધી 5 વર્ષમાં વૃક્ષારોપણ પાછળ કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ સમયગાળા દરમિયાન થયેલા વર્ષવાર ખર્ચ અને વૃક્ષોની સંખ્યાની વિગત અત્યંત ચોંકાવનારી છે, જેમાં વર્ષ 2025-26માં રૂ. 8.71 કરોડના અધધ ખર્ચે 6,34,242 વૃક્ષો વાવવાનો દાવો કરાયો છે. આ આંકડાઓ સ્પષ્ટપણે દર્શાવે છે કે, વર્ષ દર વર્ષે ખર્ચના આંકડામાં મોટો ઉછાળો આવ્યો છે, પરંતુ તેની સામે શહેરના તાપમાનમાં કોઈ રાહત મળી નથી. ઉલટાનું, મે મહિનામાં રાજકોટનું તાપમાન 42.9 ડિગ્રી સુધી પહોંચી જતાં શહેર સતત ગરમીમાં શેકાતું રહ્યું છે.

આ સ્થિતિની પાછળનું મુખ્ય કારણ છોડ-ઉછેરમાં દાખવવામાં આવતી ઘોર બેદરકારી અને આધુનિક વ્યવસ્થાનો અભાવ હોવાનું મનાય છે. મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા દર વર્ષે ચોમાસામાં ઉત્સાહભેર વૃક્ષારોપણના કાર્યક્રમો યોજીને લાખોના ખર્ચે વૃક્ષારોપણ તો કરવામાં આવે છે, પરંતુ આ રોપાઓના જતન અને સંવર્ધન માટે કોઈ નક્કર કે લાંબા ગાળાનું આયોજન દેખાતું નથી.

# હિંમતનગરમાં આવતીકાલે પાચ ફીડરમાં વીજ પુરવઠો સવારે 7 વાગે બંધ કરાશે

હિંમતનગર

હિંમતનગરમાં UGVCL ધ્વારા બળવંતપુરા સબસ્ટેશનનું સમારકામ હોવાને લઈને આવતીકાલે પાચ ફીડરોના નવ થી વધુ વિસ્તારમાં વીજપુરવઠો સવારે 7 ના ટકોરે બંધ થશે 12 વાગે શરુ થશે.જેને લઈને નગરપાલિકા ધ્વારા મહેતાપુરા સહિતના તમામ વિસ્તારમાં સવારે 6 ના ટકોરે પીવાનું પાણી આપવામાં આવશે તેની જાણકારી UGVCL અને નગરપાલિકા ધ્વારા શોશ્યલ મીડિયા દ્વારા આપવામાં આવી છે. આ અંગેની વિગત એવી છે કે,UGVCL ધ્વારા 11.05.2026 ને સોમવારના રોજ 66 કેવી બલવંતપુરા સબસ્ટેશનનુ જરૂરી સમારકામ હોઈ બલવંતપુરા સબસ્ટેશનમાથી નીકળતા તમામ ફીડરો જેમાં ઝરણેશ્વર, શ્રીનગર, સ્મૃતિ,જનકપુરી,હાથમતી વિગેરે ફીડરોનો પાવર સપ્લાય સવારે 07:00 થી બપોરે 12:00 કલાક સુધી બંધ રહેશે. જેને લઈને બેરણા રોડ,જલારામ મંદિર રોડ, બલવંતપુરા ગામ, રામનગર, ઈન્દ્રનગર, ગંગોત્રી, મહેતાપુરા, ધાણધા ગામ, ધાણધા GIDC તેમજ આસપાસના વિસ્તારમા વીજ-પુરવઠો બંધ રહેશે. કામગીરી પૂર્ણ થયેથી કોઈ સૂચના વગર વીજ-પુરવઠો ચાલુ કરવામાં આવશે.

આ વીજ પુરવઠો બંધ હોવાને લઈને નગરપાલિકા ધ્વારા રહીશોને જાણકારી આપી હતી કે,મહેતાપુરા સહિત તમામ વિસ્તારમાં UGVCL ધ્વારા મળેલ સૂચના અનુસાર તારીખ 11/05/26 નારોજ ઈલેક્ટ્રીક સપ્લાય સવારે 7 કલાકથી બંધ થવાનો હોય જેને લઈને નગરપાલિકા દ્વારા અપાતા પાણી વિતરણની વ્યવસ્થા સવારે 6 કલાકેથી ચાલુ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે.બાકીના દિવસોમાં નિયમિત રીતે અને સમયે પાણી પુરવઠો પૂરો પાડવામાં આવશે. કામગીરી પૂર્ણ થયા બાદ કોઈ સૂચના વગર વીજ પુરવઠો ફરીથી ચાલુ કરવામાં આવશે.

## ગિફ્ટ સિટીમાં રોકાણના નામે રોકાણકારોને રોવાનો વારો આવ્યો

# શૂટ સ્પેસનો MD ઉત્પલ પટેલ પરિવાર સાથે ભૂગર્ભમાં

ગાંધીનગર

ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટીમાં 'શૂટ સ્પેસ ડિજિટલ પ્રાઈવેટ લિમિટેડ' નામની કંપની ટેરાબાઈટ ડેટા સ્પેસમાં રોકાણના નામે કરોડો રૂપિયાનું કૌભાંડ આચરી રાતોરાત ઉઠી ગઈ છે. કંપનીના એમડી ઉત્પલ પટેલ એકાએક પરિવાર ભૂગર્ભમાં ઉતરી જતાં ગુજરાત, હરિયાણા અને ગોવા સહિતના સેંકડો રોકાણકારોને રાતા પાણીને રોવાનો વખત આવ્યો છે. આ મામલે ડભોડા પોલીસ મથકે 35 જેટલા ઈન્વેસ્ટરોએ કરોડોની ઠગાઈ અંગે લેખિત-મૌખિક રજૂઆત કરતા પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

કંપનીએ રોકાણકારોને આકર્ષવા માટે ટેરાબાઈટ ડેટા સ્પેસ ખરીદવાની સ્કીમ અમલમાં મૂકી હતી, જેમાં દર મહિને 5 ટકા જેટલું માતબર વળતર ચૂકવવાનો વાયદો કર્યો હતો. શરૂઆતના તબક્કે સમયસર વળતર આપી રોકાણકારોનો વિશ્વાસ જીત્યા બાદ, લોકોએ પોતાની આજીવનની જમાપુંજી, દાગીના વેચીને કે લોન લઈને કરોડો રૂપિયાનું આંધળું રોકાણ કર્યું હતું.

રોકાણકારોના આક્ષેપ મુજબ કંપનીએ પ્રોફેશનલ કોર્પોરેટ જૂથ જેવી છાપ ઊભી કરવા માટે મોટા પાયે ભૂમિ પૂજન જેવા જાહેર કાર્યક્રમો યોજ્યા હતા. ગિફ્ટ સિટી જેવી જગ્યાએ આલીશાન ઓફિસ હોવાને કારણે રોકાણ માટે લોકોએ કંપનીને ભરોસાપાત્ર માની લીધી હતી. બે મહિનાથી વળતર બંધ થતા અને કંપનીની ઓફિસ પર કોઈ જવાબદાર વ્યક્તિ હાજર ન હોવાથી રોકાણકારોમાં રોષ ફાટી નીકળ્યો છે.

પ્રાથમિક અંદાજ મુજબ આ કૌભાંડમાં આશરે 33,000થી વધુ ગ્રાહકો ફસાયા હોવાની શક્યતા છે અને કુલ રકમ 400 કરોડ રૂપિયાને પાર કરી શકે છે. કેટલાક રોકાણકારોએ 5 લાખથી લઈ 3 કરોડ સુધીની રકમ ગુમાવી હોવાની ફરિયાદ ઉઠી છે.

ડભોડા પોલીસ મથકના સૂત્રો મુજબ, હાલ 32 અરજદારોએ લેખિત અરજી આપી છે, જે પૈકી બે લોકોએ જ નિવેદન નોંધાવ્યા છે. એકના 85 લાખ અને બીજાના 45 લાખ આમ બંને રોકાણકારો કુલ 1.30 કરોડ રૂપિયા ફસાયા છે. પોલીસે અન્ય રોકાણકારો પાસે જરૂરી પુરાવાઓની માંગણી કરી છે. કંપનીનો માલિક વિદેશ ભાગી ગયો હોવાની પણ ચર્ચાઓ છે. હાલ પોલીસે પુરાવા એકઠા કરી કાયદેસરનો ગુનો દાખલ કરવાની તૈયારી દર્શાવી છે.

આ મામલે એક ઈન્વેસ્ટર સાથે ટેલિફોનિક વાતચીત કરતા તેમણે ઓન કેમેરા સામે આવવાનો ઈનકાર કરી દીધો હતો. તેમણે કહ્યું હતું કે, ઉત્પલ પટેલે ભૂતકાળમાં ઝૂમ મિટિંગ કરીને 312 કરોડનું ટર્ન ઓવર થયું હોવાનો દાવો કરી બે મહિનામાં પૈસા ચૂકવી દેવાની બાહેંધરી આપી હતી. યુદ્ધના કારણે પૈસા અટકી ગયા હોવાનું કારણ આપ્યું હતું.

**પ્રાથમિક અંદાજ મુજબ આ કૌભાંડમાં આશરે 33,000થી વધુ ગ્રાહકો ફસાયા હોવાની શક્યતા**




## મંજુસર પોલીસની મોટી કાર્યવાહી

# 13.15 લાખના વિદેશી દારૂના જથ્થા સાથે 10 આરોપીઓની ધરપકડ કરાઈ

### વાહનો અને મોબાઈલ ફોન સહિત કુલ 78,93,991નો મુદ્દામાલ જપ્ત

વડોદરા

વડોદરા જિલ્લાના મંજુસર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને મોટા પાયે વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો છે. આ કામગીરીમાં પોલીસે લાખોની કિંમતનો દારૂ, વાહનો અને મોબાઈલ ફોન સહિત કુલ 78,93,991નો મુદ્દામાલ સાથે 10 અરોપીઓને ઝડપી પાડ્યા છે. મંજુસર પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે, દુમાડ ગામની સીમમાં રોડ પર આવેલા મહિન્દ્રા ટ્રેક્ટરના શો-રૂમની સામે પાર્કિંગની ખુલ્લી જગ્યામાં દરોડો પાડવામાં આવ્યો હતો. આરોપીઓ એકબીજાની મદદગારીથી ભારતીય બનાવટના વિદેશી દારૂની નાની-મોટી બોટલો તેમજ બિયરના ટીનનો મોટો જથ્થો પાસ-પરમિટ વગર ગુજરાતમાં લાવી તેની હેરાફેરી કરી રહ્યા હતા. આ દરમિયાન પોલીસે રેડ કરતા સ્થળ પરથી વિદેશી દારૂ/બિયરની કુલ 11,172 નંગ બોટલ જેની કિંમત રૂપિયા 13.15 લાખ સાથે વાહન, મોબાઈ અને રબર મટીરીયલ્સ અને બિલ્ટી સહિતનો સામાન મળી કુલ રૂપિયા 78,93,991નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

## ગાંધીનગરમાં અસામાજિક તત્વો ફરીથી સક્રિય થયા

# ST ડેપોમાં પોલીસ ચોકી અને સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા કરાઈ રજૂઆત

ગાંધીનગર

ગાંધીનગરના મુખ્ય એસ.ટી. ડેપોમાં છેલ્લા થોડા સમયથી ચોરીની ઘટનાઓ વધી રહી છે. બસમાં ચઢતી વખતે થતી ભીડનો લાભ લઈને અજાણ્યા લોકો મુસાફરોનો સામાન અને દાગીના ચોરી રહ્યા છે. હાલમાં જ એક મહિલાના ગળામાંથી સોનાની ચેઈન ખેંચાઈ જવાનો કિસ્સો બન્યો છે.

ડેપોમાં પોલીસની કાયમી હાજરી ન હોવાથી લોકોમાં ડર છે અને ત્યાં તાત્કાલિક પોલીસ ચોકી શરૂ કરવા માટે રજૂઆતો થઈ રહી છે. ગાંધીનગર શહેરના મેઈન એસ. ટી. ડેપોમાં અસામાજિક તત્વો ફરીથી સક્રિય થયા છે. આ વિસ્તારમાં પોલીસની હાજરી ઓછી હોવાથી મુસાફરોમાં ચિંતા જોવા મળી રહી છે.

ડેપોમાં પોલીસ ચોકી નથી, જેનો ફાયદો ઉઠાવીને ચોર લોકો મુસાફરોને નિશાન બનાવી રહ્યા છે. જ્યારે બસ સ્ટેન્ડ પર ભીડ થાય છે, ત્યારે આ ગઠિયાઓ લોકોના ખિસ્સા સાફ કરે છે અથવા તેમનો કિંમતી સામાન ચોરી લે છે. 2 દિવસ પહેલા જ એક નવો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે.



ડેપોના ગ્રામ્ય સેક્શન પાસે ઉભેલી એક મહિલાના ગળામાંથી સોનાનો અછોડો તોડીને બદમાશો ભાગી ગયા હતા. આ ઘટનાને કારણે ડેપોની સુરક્ષા વ્યવસ્થા પર પ્રશ્નો ઉભા થયા છે. આ બસ સ્ટેન્ડ પર આખો દિવસ લોકોની અવરજવર રહે છે, છતાં પોલીસનો બંદોબસ્ત ન હોવાથી ચોરી કરનારા લોકો નિર્ભય બની ગયા છે.

સ્થાનિક લોકો અને મુસાફરો હવે એવી માંગ કરી રહ્યા છે કે ડેપોમાં કાયમી ધોરણે એક પોલીસ ચોકી સ્થાપવામાં આવે. અત્યાર સુધી તંત્ર દ્વારા આ બાબતે કોઈ મોટો નિર્ણય લેવામાં આવ્યો નથી, જેના કારણે લોકોમાં નારાજગી છે. મુસાફરોની સલામતી માટે અહીં પોલીસનો પહેરો ગોઠવવો હવે ખૂબ જરૂરી બન્યો છે. લાંબા સમયની માગણી હજુ સુધી સંતોષાઈ નથી. ડેપોમાં પોલીસ ચોકી ન હોવાથી મુસાફરોના કિંમતી સામાનની ચોરીના બનાવો પ્રકાશમાં આવી રહ્યા છે. કાયમી પોલીસ ચોકી કે પછી પોલીસ બંદોબસ્ત મુકવામાં આવે તેવી માગ લાંબા સમયથી કરવામાં આવી રહી હોવા છતાં તંત્રને જાણે રસ ન હોય તેમ કોઈ નક્કર કાર્યવાહી કરાતી નથી.

## 2 તારીખથી 8 તારીખ સુધી હેલ્મેટ માટેની એક ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી

# 7 દિવસમાં 2500થી વધુ ચાલકો હેલ્મેટ વિના ઝડપાયા

ગાંધીનગર

શહેરમાં માર્ગ સુરક્ષાને ધ્યાને રાખીને 2 તારીખથી 8 તારીખ સુધી હેલ્મેટ માટેની એક ખાસ ઝુંબેશ ચલાવવામાં આવી હતી. આ સાત દિવસ દરમિયાન પોલીસે શહેરના અલગ-અલગ પોઈન્ટ પર ઉભા રહીને વાહનોનું ચેકિંગ હાથ ધર્યું હતું.

આ તપાસમાં પોલીસનો હેતુ એ જોવાનો હતો કે વાહનચાલકો હેલ્મેટ પહેરે છે કે નહીં. આ દરમિયાન એવું જોવા મળ્યું કે સરકારી કચેરીઓમાં કામ કરતા કર્મચારીઓ પણ નિયમનું ઉલ્લંઘન કરી રહ્યા હતા.

આથી પોલીસે 38 સરકારી કર્મચારીઓને અટકાવ્યા હતા અને તેમની પાસેથી 19 હજાર રૂપિયાનો દંડ વસૂલવાની કાર્યવાહી કરી હતી. આ ઝુંબેશ દરમિયાન રસ્તા પરથી પસાર થતા અન્ય વાહનચાલકો



સામે પણ મોટા પાયે પગલાં લેવામાં આવ્યા હતા. પોલીસની ટીમે કુલ 843 એવા વાહનચાલકોને પકડ્યા હતા જેમણે હેલ્મેટ પહેર્યું ન હતું. આ તમામ ચાલકો પાસેથી કુલ 3 લાખ 87 હજાર રૂપિયાનો દંડ લેવામાં આવ્યો હતો.

પોલીસનું કહેવું છે કે નિયમ દરેક માટે એક સમાન છે અને તેમાં કોઈને પણ છૂટછાટ આપવામાં આવી નથી. જે લોકો સ્થળ પર પકડાયા તેમને ત્યાં જ મેમો આપીને દંડ ભરવાની સૂચના આપવામાં આવી હતી.

શહેરમાં લાગેલા સીસીટીવી કેમેરા દ્વારા જે લોકો હેલ્મેટ વગર વાહન ચલાવતા જોવા મળ્યા, તેમની સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે. આ રીતે કેમેરાની મદદથી 1616 લોકોને ઓનલાઈન ઈ-મેમો મોકલવામાં આવ્યા છે.

આમ, સાત દિવસની આ સમગ્ર તપાસમાં લાખો રૂપિયાનો દંડ અને હજારોની સંખ્યામાં મેમો આપીને વાહનચાલકોને કાયદાનું ભાન કરાવવા માટે તંત્ર દ્વારા પ્રયાસ કરવામાં આવ્યો છે,એને આગળ પણ આ ડ્રાઈવ ચાલુજ રહેશે.

હેલ્મેટ વિના વાહન લઈને નિકળતાં ચાલકોને દંડવા માટે ખાસ ઝૂંબેશ હાથ ધરવામાં આવી હતી. જેમાં સરકારી કચેરીઓ બહાર પણ આરટીઓ અને પોલીસે તહેનાત થઈ કાર્યવાહી કરી હતી.

## ચોમાસા પહેલા જોખમી બાંધકામો દૂર કરવા

# રાજકોટ મનપા દ્વારા ત્રણેય ઝોનની 866 જર્જરિત મિલકતોને નોટિસ પાઠવાઈ

રાજકોટ

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આગામી ચોમાસાને ધ્યાને રાખીને પ્રિમોન્સુન કામગીરીના ભાગરૂપે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. શહેરના ત્રણેય ઝોનમાં બાંધકામ શાખા દ્વારા કરવામાં આવેલા સર્વે બાદ કુલ 866 જેટલી ખાનગી મિલકતોને જર્જરિત જાહેર કરાઈ છે. આ તમામ મિલકત ધારકોને નોટિસ ફટકારીને ચોમાસું શરૂ થાય તે પહેલા જોખમી ભાગો તોડી પાડવા અથવા જરૂરી રિપેરિંગ કરાવી લેવા માટે સ્પષ્ટ આદેશ આપવામાં આવ્યા છે. આ કામગીરીનો મુખ્ય ઉદ્દેશ્ય ભારે વરસાદ કે વાવાઝોડા દરમિયાન જર્જરિત મકાનો ધરાશાયી થવાથી થતી જાન-માલની હાનિ રોકવાનો છે. મહાનગરપાલિકાએ આ સર્વેમાં માત્ર ખાનગી મકાનો જ નહીં, પરંતુ સરકારી આવાસો અને હાઉસિંગ બોર્ડની મિલકતોની સ્થિતિનો પણ ચિતાર મેળવ્યો છે.

મહાપાલિકાના બાંધકામ વિભાગ દ્વારા શહેરીજનોની સુરક્ષા માટે હાથ ધરવામાં આવેલા સર્વે મુજબ, સમગ્ર શહેરમાં કુલ 886 મકાનો જર્જરિત અવસ્થામાં હોવાનું સામે આવ્યું છે. જેમાંથી 866 ખાનગી મિલકતોના માલિકો કે કબજેદારોને તંત્ર દ્વારા નોટિસ આપવામાં આવી છે. અત્યાર સુધીમાં આ નોટિસના આધારે 202 મકાનોમાં રિપેરિંગ કામ પૂર્ણ કરી લેવામાં આવ્યું છે.

## આ વર્ષે સુરત શહેરના રહીશોને ખાડી પૂરથી રાહત મળશે!

# 4 ફ્લોટિંગ પોકલેન સહિત 70થી વધુ મશીનરીઓથી ખાડીની સફાઇ

સુરત

સુરત માટે ચોમાસું હંમેશા એક પડકારજનક સમય રહ્યો છે. ખાસ કરીને શહેરની મધ્યમાંથી અને આસપાસથી પસાર થતી ખાડીઓ જ્યારે ઓવરફ્લો થાય છે, ત્યારે અડધાથી વધુ સુરત પાણીમાં ગરકાવ થઈ જતું હોય છે. આ વર્ષે ખાડીપૂરની પરિસ્થિતિનું પુનરાવર્તન ન થાય તે માટે સુરત મહાનગરપાલિકાએ પ્રી-મોન્સૂન કામગીરી હાથ ધરી છે. નવા નિમણૂક પામેલા મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજને આ વખતે પરંપરાગત પદ્ધતિઓ છોડીને અત્યાધુનિક ટેકનોલોજી અને સખત મોનિટરિંગ પર ભાર મૂક્યો છે. વર્ષ 2025ના ચોમાસા દરમિયાન સુરતના અનેક વિસ્તારોમાં ખાડીના પાણી ફરી વળ્યા હતા. જેના કારણે જનજીવન અસ્તવ્યસ્ત થવાની સાથે કરોડો રૂપિયાનું આર્થિક નુકસાન પણ થયું હતું. આ પરિસ્થિતિને ગંભીરતાથી લઈને કમિશનર એમ. નાગરાજને ચાર્જ સંભાળતાની સાથે જ ખાડી સફાઈને પ્રાથમિકતા આપી છે. આ વર્ષે પાલિકાનો મુખ્ય ઉદ્દેશ્ય



ખાડીઓની જળવહન ક્ષમતા વધારવાનો છે.

સુરત મહાનગરપાલિકાના ઈતિહાસમાં પ્રથમવાર 4 ફ્લોટિંગ પોકલેન મશીનો ભાડેથી મેળવીને ખાડીઓમાં ઉતારવામાં આવ્યા છે. સામાન્ય રીતે જેસીબી કે પોકલેન ખાડીના કાંઠે રહીને સફાઈ કરતા હોય છે, પરંતુ આ ફ્લોટિંગ મશીનો પાણીની વચ્ચે જઈને કામગીરી કરી શકે છે. ખાડીના તળિયે જમા થયેલો વર્ષો જૂનો કાંપ દૂર કરવામાં આવી રહ્યો છે. ખાડીની ઊંડાઈ વધારવા માટે ડ્રેજિંગની કામગીરી આ મશીનો દ્વારા અસરકારક રીતે થઈ રહી છે.

# નિવૃત ASIના પુત્રએ મિત્ર પર કર્યું ફાયરિંગ

રાજકોટ

રાજકોટના જામનગર રોડ પર નાગેશ્વર વિસ્તારમાં આવેલા જેમકો સેલ્સ એન્ડ સર્વિસ કમ્પાઉન્ડમાં ફાયરિંગની સનસનાટીભરી ઘટના સામે આવી છે. આ મામલે પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે, રૂપિયાની લેતી-દેતીના વિવાદમાં મિત્ર એવા દિવ્યરાજસિંહ સરવૈયા અને રામદેવ ડાંગર વચ્ચે બોલાચાલી થઈ હતી, જે બાદ મામલો ફાયરિંગ સુધી પહોંચ્યો હતો.

દિવ્યરાજસિંહ સરવૈયાએ પોતાના પરવાનાવાળા હથિયારમાંથી બે રાઉન્ડ ફાયરિંગ કર્યા હતા, જેમાંથી એક રાઉન્ડ રામદેવ સામે અને એક હવામાં કરવામાં આવ્યો હતો. બીજી તરફ, રામદેવ ડાંગર પણ ગેરકાયદે હથિયાર સાથે ફાયરિંગ કરવાની સ્થિતિમાં હતો, પરંતુ ત્યાં હાજર અન્ય લોકોએ સમયસૂચકતા વાપરી બંનેને છૂટા પાડતા મોટી જાનહાનિ ટળી હતી. રાજકોટ શહેર એસીપી બી.જે. ચૌધરીના જણાવ્યા અનુસાર, બંને પક્ષોએ અંદરોઅંદર સમાધાન કરી લેતા કોઈ ફરિયાદ નોંધાવી ન હતી.

## હર્ષ સંઘવીએ નવા કોર્પોરેટરોને કહ્યું

# 'કોર્પોરેટરનો ભાર રાખી નાગરિકો સાથે તોછડાઈભર્યું વર્તન ન કરતા'

સુરત

સુરતના રાજકારણમાં સેવા અને નમ્રતાનો આજે એક અનોખો કિસ્સો જોવા મળ્યો છે. મજૂરા વિધાનસભા વિસ્તારમાં આયોજિત જનસેવા સાથે ઉપહાર વિતરણ કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જનતા અને કાર્યકર્તાઓ તરફથી મળેલા તમામ સન્માન અને ભેટ-સોગાદો ફરી જનતાના ચરણોમાં અર્પણ કરી દીધી હતી. આ વિતરણ માટે તેમણે 'ડ્રો સિસ્ટમ' અપનાવી હતી જેથી કોઈ પક્ષપાત ન થાય અને સૌને સમાન તક મળે. આ પ્રસંગે તેમણે ચૂંટાયેલા પ્રતિનિધિઓને સત્તાના અહંકારથી દૂર રહી લોકસેવા કરવા પર ભાર મૂક્યો હતો. સાથે જ કહ્યું કે, કોર્પોરેટર બન્યાનો ભાર મગજમાંથી ઉતારી નાખજો, જનતા અને સંગઠન પાંચ વર્ષ પછી હિસાબ કરશે. કાર્યક્રમની શરૂઆત અત્યંત લાગણીસભર રહી હતી. નાયબ મુખ્યમંત્રીએ પ્રોટોકોલ બાજુ પર મૂકીને સમાજના વડીલોને સર્વોપરી સ્થાન આપ્યું હતું. કૈલાશજી સહિતના પાંચ વડીલોના હસ્તે ડ્રો સિસ્ટમ દ્વારા વિજેતાઓના નામ નક્કી કરવામાં આવ્યા હતા. આ પારદર્શક પદ્ધતિ દ્વારા વડીલોએ ઉઠાવેલી ચિઠ્ઠીમાં જે ટોકન નંબર નીકળ્યો, તે ભાગ્યશાળી કાર્યકર્તાઓને હર્ષ સંઘવીના હસ્તે સ્મૃતિ ચિન્હ કે ઉપહાર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. હર્ષ સંઘવીએ પોતાના સંબોધનમાં ચૂંટાયેલા કોર્પોરેટરો અને હોદ્દેદારોને ટકોર કરતા જણાવ્યું હતું કે, તમારા મગજમાં જે ભાર છે કે હું કોર્પોરેટર બન્યો છું, તે ઉતારી નાખો. આ પદ જનતાની સેવા કરવાનો અવસર છે. મારા જેવા અનેક લોકો પદ પર આવ્યા અને ગયા, પણ જો જનતા સાથે ગેરવર્તન થશે તો તે સૌથી મોટું નુકસાન સાબિત થશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, જ્યારે સામાન્ય નાગરિક પોતાની સમસ્યા લઈને આવે કે ફોન કરે, ત્યારે તેની સાથે તોછડાઈભર્યું વર્તન કરવું તે પાપ સમાન છે. કાર્યકર્તાઓ રાત-દિવસ એક કરીને નેતાને જીતાડે છે, પરંતુ જો નેતાનો વ્યવહાર ખરાબ હશે તો કાર્યકર્તાની મહેનત એળે જશે.

# દક્ષિણના રાજકારણમાં થયો 'થલપથી' યુગનો પ્રારંભ

## ચેન્નાઈના જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં ભવ્ય શપથવિધિ: કોંગ્રેસ અને સામ્યવાદી પક્ષોના ટેકા સાથે TVKની સરકાર બની

ચેન્નાઈ

દક્ષિણ ભારતીય ફિલ્મોના સુપરસ્ટાર સી. જોસેફ વિજયે (થલપથી વિજય) હવે સત્તાવાર રીતે રાજકારણના મેદાનમાં પોતાની નવી ઈનિંગ શરૂ કરી દીધી છે.

તામિલનાડુના રાજકીય ઈતિહાસમાં એક નવો અધ્યાય ઉમેરતા વિજયે આજે તામિલનાડુના મુખ્યમંત્રી તરીકે પદ અને ગોપનીયતાના શપથ લીધા છે. ચેન્નાઈના પ્રતિષ્ઠિત જવાહરલાલ નહેરુ સ્ટેડિયમમાં હજારો સમર્થકોની હાજરીમાં આ ભવ્ય સમારોહ યોજાયો હતો.

નવ મંત્રીઓ સાથે નવી સરકારનો ઉદય

મુખ્યમંત્રી વિજયની સાથે તેમના મંત્રીમંડળના અન્ય નવ મંત્રીઓએ પણ શપથ ગ્રહણ કર્યા હતા. આ પ્રસંગે સ્ટેડિયમ 'થલપથી' ના નારાઓથી ગુંજી ઉઠ્યું હતું. મનોરંજન જગતમાંથી સેવાના માર્ગે




વળેલા વિજય માટે આ ક્ષણ તેમના લાખો ચાહકો અને પક્ષના કાર્યકરો માટે દિવાળી જેવો માહોલ લઈને આવી છે.

વિજયના પક્ષ ટીવીકે (TVK - Tamilaga Vettri Kazhagam) એ સરકાર રચવા માટે જરૂરી સમીકરણો સફળતાપૂર્વક સાધ્યા છે. તેમની સરકારને નીચે મુજબના પક્ષોએ સમર્થન જાહેર કર્યું છે:

આ મહત્વના પક્ષોના ટેકાને કારણે વિજય પાસે સરકાર રચવા માટે સ્પષ્ટ અને સાદી બહુમતી છે, જે તામિલનાડુના આગામી શાસનકાળમાં સ્થિરતાનો સંકેત આપે છે.

એમ.જી. રામચંદ્રન (MGR) અને જયલલિતા બાદ વધુ એક સુપરસ્ટાર મુખ્યમંત્રીની ખુરશી સુધી પહોંચ્યા છે, ત્યારે જનતાને તેમની પાસેથી મોટી આશાઓ છે.

'થલપથી' વિજયની આ નવી સફર તામિલનાડુના સામાજિક અને આર્થિક માળખામાં કેવા પરિવર્તનો લાવશે, તેના પર હવે આખા દેશની નજર રહેશે.

## CM બનતાની સાથે જ 'થલપથી' મુશ્કેલીમાં : વિજય સામે ટેક્સ ચોરીના ગંભીર આરોપ સાથે કોર્ટમાં અરજી

તામિલનાડુના રાજકારણમાં ભવ્ય એન્ટ્રી કરી મુખ્યમંત્રી પદના શપથ લેનાર અભિનેતા વિજય (સી. જોસેફ વિજય) માટે મુશ્કેલીઓના વાદળ ઘેરાયા છે. એક તરફ તેઓ સત્તા સંભાળી રહ્યા છે, ત્યારે બીજી તરફ તેમની સામે વર્ષો જૂના ટેક્સ ચોરીના કેસમાં કાયદાકીય ગાળિયો કસાતો જોવા મળી રહ્યો છે. ટીવીકે (TVK) પ્રમુખ વિજય વિરુદ્ધ ટેક્સમાં ગેરરીતિના આરોપસર FIR નોંધવાની માંગ સાથે કોર્ટમાં અરજી કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. આ સમગ્ર વિવાદ વર્ષ 2015માં રિલીઝ થયેલી ફિલ્મ "PULI" સાથે જોડાયેલો છે.

આરોપ છે કે આ ફિલ્મ દરમિયાન વિજયે પોતાની આવક અને ટેક્સની વિગતોમાં મોટી ગડબડ કરી હતી. તાજેતરમાં એક અરજીકર્તાએ કોર્ટનો દરવાજો ખખડાવ્યો છે અને માંગ કરી છે કે આ મામલે પોલીસ દ્વારા વિજય વિરુદ્ધ કાયદેસરની FIR નોંધી તપાસ હાથ ધરવામાં આવે. વિજયે જેવી રાજકારણમાં સક્રિય એન્ટ્રી કરી અને મુખ્યમંત્રી બન્યા, તેવી જ રીતે તેમના જૂના વિવાદો ફરી સપાટી પર આવવા લાગ્યા છે. રાજકીય વિશ્લેષકો આને માત્ર સંયોગ માની રહ્યા નથી. વિરોધ પક્ષો અને વિરોધીઓ હવે આ મુદ્દાને હથિયાર બનાવી રહ્યા છે.

### "ગઠબંધન કે ઠગબંધન?" - વિજય અને કોંગ્રેસની જુગલબંધી પર વડાપ્રધાન લાલઘૂમ

# PM મોદીના દક્ષિણ ભારતથી આકરા પ્રહાર : તમિલનાડુમાં 'થલપથી' વિજયને કોંગ્રેસનું કવચ

નવી દિલ્હી

દક્ષિણ ભારતના રાજકારણમાં સુપરસ્ટાર વિજયની એન્ટ્રી અને મુખ્યમંત્રી તરીકેના શપથ બાદ ગઠબંધનની રાજનીતિએ જોર પકડ્યું છે. એક તરફ કોંગ્રેસ સહિતના પક્ષોએ વિજયની પાર્ટી 'TVK'ને સમર્થન આપી સરકાર બનાવી છે, ત્યારે બીજી તરફ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ ગઠબંધન પર આકરા પ્રહાર કરીને રાજકીય ગરમાવો વધારી દીધો છે.

તામિલનાડુમાં સત્તાના સમીકરણો રાતોરાત બદલાઈ ગયા છે. વિજયના પક્ષ TVKને કોંગ્રેસ, સામ્યવાદી પક્ષો અને વીસીકેએ ટેકો જાહેર કરતા વિજય પાસે સ્પષ્ટ બહુમતી સાબિત થઈ છે. જોકે, આ



ગઠબંધનને લઈને વિરોધ પક્ષો અને ખાસ કરીને ભાજપ આક્રમક મૂડમાં છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એક જાહેર સભામાં તમિલનાડુના આ નવા ગઠબંધન પર પ્રહાર કરતા જણાવ્યું હતું કે, આ વિકાસનું ગઠબંધન નહીં પણ માત્ર સત્તા ભૂખ્યા લોકોનું જોડાણ છે. PM મોદીના પ્રહારના મુખ્ય અંશો: પરિવારવાદ પર નિશાન: PM એ જણાવ્યું કે કોંગ્રેસ હંમેશા એવા પક્ષોને શોધે છે જે તેમના પરિવારવાદના એજન્ડાને આગળ ધપાવી શકે. વડાપ્રધાને આક્ષેપ કર્યો કે વિચારધારા વગરના આ ગઠબંધનથી તમિલનાડુની જનતાનું ભલું નહીં થાય. તેમણે આડકતરી રીતે ઈશારો કર્યો કે જૂના ભ્રષ્ટાચારીઓ હવે નવા ચહેરાના ઓઠા હેઠળ એકઠા થઈ રહ્યા છે.

વિજયની લોકપ્રિયતા અને કોંગ્રેસનો સાથ એક મજબૂત મોરચો બનાવી રહ્યો છે, પરંતુ PM મોદી અને ભાજપની આક્રમકતા બતાવે છે કે આગામી સમયમાં દક્ષિણનું રાજકારણ વધુ ગરમાશે. વિજય માટે હવે સૌથી મોટો પડકાર વડાપ્રધાનના આ આક્ષેપો સામે પોતાની છબી 'જનતાના નેતા' તરીકે સાબિત કરવાનો રહેશે.

### NUSIએ વ્યક્ત કરી ગંભીર ચિંતા

# હોર્મુઝમાં તણાવ વચ્ચે 20000 ભારતીય નાવિકો ફસાયા : ભય અને અનિશ્ચિતતાનું વાતાવરણ ફેલાયું

નવી દિલ્હી

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષની સીધી અસર હવે ભારતીય નાવિકો પર જોવા મળી રહી છે. દેશના સૌથી જૂના મેરીટાઈમ યુનિયન નેશનલ યુનિયન ઓફ સીફેરર્સ ઓફ ઈન્ડિયા (NUSI) એ ચિંતા વ્યક્ત કરી છે કે, હોર્મુઝ સ્ટ્રેટમાં 20,000 થી વધુ ભારતીય નાવિકો જીવના જોખમે ફરજ બજાવી રહ્યા છે.

NUSI ના જણાવ્યા અનુસાર, જો આ સંઘર્ષ વધુ વકરશે તો જહાજો અધવચ્ચે અટવાઈ શકે છે. આવી સ્થિતિમાં ક્રૂ મેમ્બર્સ પાસે ખોરાક અને દવાઓની તંગી સર્જાઈ શકે છે. મિસાઈલ અને ડ્રોન હુમલાનું જોખમ સતત તોળાઈ રહ્યું છે. સામાન્ય




દરિયાઈ મુસાફરી હવે અત્યંત જોખમી સાબિત થઈ રહી છે.

NUSI ના જનરલ સેક્રેટરી મિલિંદ કંદલગાંવકરે જણાવ્યું હતું કે, નાવિકોના પરિવારોમાં ગભરાટ ફેલાયો છે. દરરોજ સેંકડો ફોન કોલ્સ આવી રહ્યા છે. જેમાં સ્વજનોની સલામતી અંગે પૃચ્છા કરવામાં આવે છે. આ નાવિકો સૈનિકો નથી પણ સામાન્ય નાગરિકો છે, જે વૈશ્વિક વેપારને ચાલુ રાખવા માટે પોતાની સુરક્ષા સાથે બાંધછોડ કરી રહ્યા છે. NUSI એ ભારત સરકારને આ મુદ્દાને રાષ્ટ્રીય પ્રાથમિકતા ગણીને તાત્કાલિક અસરથી ઈવેક્યુએશન પ્રોટોકોલ (બચાવ કામગીરી) અમલી બનાવવા વિનંતી કરી છે.

મોટાભાગના ભારતીય નાવિકો વિદેશી ધ્વજ ધરાવતા જહાજો પર કામ કરે છે, જેના કારણે જવાબદારી વીમા કંપનીઓ અને વિવિધ દેશો વચ્ચે વહેંચાયેલી હોય છે. જહાજોના શિડ્યુલ અને સુરક્ષા એલર્ટના આધારે ક્રૂ મેમ્બર્સની સ્થિતિ સતત બદલાતી રહે છે. આ નાવિકો ભારતના આર્થિક હિતો અને વૈશ્વિક સપ્લાય ચેઈનને જાળવી રાખવા માટે મહત્વની ભૂમિકા ભજવે છે.

# સરકાર દ્વારા LPG સબસિડીના નિયમોમાં કડકાઈ વધારવામાં આવી

### ₹10 લાખથી વધુ આવક ધરાવતા પરિવારોને ઇન્ડેનની નોટિસ

નવી દિલ્હી

કેન્દ્ર સરકાર દ્વારા LPG સબસિડીના નિયમોમાં કડકાઈ વધારવામાં આવી છે. ઈન્ડેન (Indane) અને અન્ય ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ એવા ગ્રાહકોને મોબાઈલ પર નોટિસ મોકલવાનું શરૂ કર્યું છે જેમની વાર્ષિક કરપાત્ર આવક (Gross Taxable Income) 10 લાખથી વધુ છે. આવા ગ્રાહકોએ હવે બજાર ભાવે સિલિન્ડર ખરીદવો પડશે અને તેમની સબસિડી બંધ કરી દેવામાં આવશે.

તેલ કંપનીઓ હવે સીધી આવકવેરા વિભાગના રેકોર્ડનો ઉપયોગ કરી રહી છે. મોકલવામાં આવેલા મેસેજમાં સ્પષ્ટ જણાવાયું છે કે, ઉપલબ્ધ રેકોર્ડ મુજબ ગ્રાહક અથવા તેમના જીવનસાથીની સંયુક્ત આવક નિર્ધારિત મર્યાદા કરતાં વધુ છે. અગાઉ આ નિયમ 'સેલ્ફ-ડિક્લેરેશન' પર આધારિત હતો, પરંતુ હવે સરકારી ડેટા ઈન્ટિગ્રેશન દ્વારા તેને સખત રીતે લાગુ કરવામાં આવી રહ્યો છે.

કેન્દ્ર સરકારે ડિસેમ્બર 2015 માં જ આ નિયમ બનાવ્યો હતો કે જે પરિવારોની વાર્ષિક આવક 10 લાખથી વધુ છે, તેઓ સબસિડી માટે પાત્ર રહેશે નહીં. આ રકમ વ્યક્તિગત અથવા પતિ-પત્ની બંનેની સંયુક્ત આવક તરીકે ગણવામાં આવે છે. સરકારનો હેતુ એ છે કે આર્થિક રીતે સક્ષમ લોકો સબસિડી છોડે જેથી તેનો લાભ 'ઉજ્જવલા યોજના' અંતર્ગત જરૂરિયાતમંદોને આપી શકાય.

જો તમારી આવક 10 લાખથી ઓછી છે અને તેમ છતાં તમને આવો મેસેજ મળ્યો છે, તો ગભરાવાની જરૂર નથી. તમારી પાસે 7 દિવસનો સમય છે. ટોલ-ફ્રી નંબર: તમે તરત જ 1800-2333-555 પર સંપર્ક કરી તમારી ફરિયાદ નોંધાવી શકો છો. ઓનલાઈન પોર્ટલ: સંબંધિત તેલ કંપનીના ગ્રીવન્સ પોર્ટલ (જેમ કે IndianOil ના પોર્ટલ) પર જઈને વાંધો નોંધાવો.

# પુણે-મુંબઈ હાઈવે ઉપર સાંસદ સુપ્રિયા સુલેની કારને નડ્યો અકસ્માત

મુંબઈ

મહારાષ્ટ્રના રાજકારણના દિગ્ગજ નેતા અને રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (SCP) ના સાંસદ સુપ્રિયા સુલેની કારને પુણે-મુંબઈ હાઈવે પર અકસ્માત નડ્યો હોવાના સમાચાર સામે આવ્યા છે. આ ઘટનાને પગલે કાર્યકરો અને સમર્થકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું હતું, પરંતુ રાહતના સમાચાર એ છે કે સુપ્રિયા સુલે આ અકસ્માતમાં સંપૂર્ણપણે સુરક્ષિત છે.

કેવી રીતે ઘટી ઘટના?

મળતી માહિતી મુજબ, સુપ્રિયા સુલે પુણેથી મુંબઈ તરફ જઈ રહ્યા હતા ત્યારે હાઈવે પર ટ્રાફિક અને અન્ય વાહનોની અવરજવર વચ્ચે તેમની કારને અકસ્માત નડ્યો હતો. પ્રાથમિક વિગતો અનુસાર, હાઈવે



હાઈવે પર વાહનોના થપ્પા વચ્ચે સુપ્રિયા સુલેની ગાડી અથડાઈ: સદનસીબે મોટી જાનહાનિ ટળી, સાંસદ સુરક્ષિત

પર આગળ જઈ રહેલા વાહને અચાનક બ્રેક મારતા અથવા વાહનોની ટક્કરને કારણે સુપ્રિયા સુલેની કાર પણ અકસ્માતનો ભોગ બની હતી.

અકસ્માતને પગલે કારના આગળના ભાગને નુકસાન થયું હોવાનું જાણવા મળ્યું છે, પરંતુ એરબેગ્સ અને સુરક્ષાના સાધનોને કારણે મોટી ઈજાઓ ટળી છે. સુપ્રિયા સુલે અને તેમની સાથેના સ્ટાફને કોઈ ગંભીર ઈજા પહોંચી નથી. ઘટના બાદ તુરંત જ પોલીસ કાફલો અને હાઈવે ઓથોરિટીની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

અકસ્માત બાદ સુપ્રિયા સુલેએ પોતે સુરક્ષિત હોવાની જાણકારી આપી હતી અને કાર્યકરોને ચિંતા ન કરવા વિનંતી કરી છે. તેમણે અન્ય વાહનચાલકોને પણ હાઈવે પર સાવચેતીપૂર્વક વાહન ચલાવવા અપીલ કરી છે.

# ભાજપને રોકવા ડાબેરીઓ સાથે હાથ મિલાવશે મમતા બેનર્જી...!

### બંગાળમાં ભાજપ સામે ભૂંડી હાર બાદ મમતાના મિજાજ ઢીલાં પડ્યાં

નવી દિલ્હી


પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી, જેમણે 34 વર્ષ જૂના વામપંથી (ડાબેરી) કિલ્લાને ધ્વસ્ત કરીને સત્તા મેળવી હતી, હવે તેમના જ સુર બદલાયા છે. વિધાનસભા ચૂંટણીમાં મળેલી જોરદાર ટક્કર બાદ, મમતા બેનર્જીએ ભાજપને રોકવા માટે હવે ડાબેરીઓ અને ધુર-ડાબેરીઓ સાથે પણ હાથ મિલાવવાની તૈયારી દર્શાવી છે. 1970 અને 80ના દાયકામાં મમતા બેનર્જી એક આક્રમક યુવા નેતા તરીકે ઉભરી આવ્યા હતા, જેમની રાજનીતિનો પાયો જ ડાબેરીઓના વિરોધ પર હતો. સિંગૂર અને નંદીગ્રામ આંદોલન બાદ 2011માં તેમણે માં, માટી, માનુષના નારા સાથે બુદ્ધદેવ ભટ્ટાચાર્યની સરકારને ઉખેડી ફેંકી હતી. છેલ્લા એક દાયકામાં બંગાળમાં ડાબેરીઓ હાંસિયામાં ધકેલાયા છે અને ભાજપ મુખ્ય વિરોધ પક્ષ તરીકે ઉભરી આવ્યું છે. મમતા બેનર્જી હવે અનુભવી રહ્યા છે કે, મતોનું વિભાજન અંતે ભાજપને ફાયદો કરાવે છે. તેમણે સ્પષ્ટ સંકેત આપ્યા છે કે રાષ્ટ્રીય સ્તરે વિપક્ષી એકતા અનિવાર્ય છે. દેશ અને બિનસાંપ્રદાયિકતા બચાવવા માટે તમામ બિન-ભાજપી શક્તિઓએ સાથે આવવું પડશે. આ માટે તેઓ પોતાના કટ્ટર હરીફ એવા ડાબેરીઓ સાથે મંચ વહેંચવા પણ તૈયાર છે. આ સંભવિત ગઠબંધન સામે સૌથી મોટો પ્રશ્ન એ છે કે શું વર્ષોથી એકબીજા સામે લડતા પક્ષના કાર્યકરો એક થઈ શકશે? બંગાળના ગામડાઓમાં TMC અને ડાબેરી કાર્યકરો વચ્ચે ખૂની સંઘર્ષનો ઈતિહાસ રહ્યો છે. CPIM ના નેતાઓ હજુ પણ મમતા બેનર્જી પર ભાજપને બંગાળમાં પગપેસારો કરવા દેવાનો આરોપ લગાવે છે. 2026ની ચૂંટણી પહેલા બંગાળનું રાજકારણ એક અજીબ વળાંક લઈ રહ્યું છે.

# લોકશાહી કે મજાક? સાત પાસ નેતા અને 'લાચાર' મંત્રીઓ ભરોસે દેશ બનશે વિશ્વગુરુ?

### બિહારની જનતાના નસીબે આખરે કેવું ભવિષ્ય? અક્ષરજ્ઞાન વગરના નેતાઓ પાસે સત્તાની ચાવી કેટલી વ્યાજબી?

પટના

ભારતને 'વિશ્વગુરુ' બનાવવાની વાતો વચ્ચે સોશિયલ મીડિયા અને જનતામાં એક ગંભીર સવાલ અને કટાક્ષ ઘૂમી રહ્યો છે. શું દેશનું તંત્ર એવી રીતે ચલાવવામાં આવશે જ્યાં લાયકાત નહીં પણ વગ અને વંશવાદ ચાલશે? બિહારના રાજકારણના પરિપ્રેક્ષ્યમાં જનતામાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. પ્રશ્ન એ પૂછાઈ રહ્યો છે કે શું 7મું નાપાસ વ્યક્તિ મુખ્યમંત્રી બને, કોઈ બીમાર વ્યક્તિને સ્વાસ્થ્ય મંત્રી બનાવાય કે રમતગમતનો અનુભવ ન હોય તેને ખેલ મંત્રી બનાવાય, તો જ દેશ પ્રગતિ કરશે?




બિહારમાં વર્ષોથી રાજકીય પરિવારોનો દબદબો રહ્યો છે. જનતાનો આક્ષેપ છે કે જે નેતાઓને પોતાના ખાતાની સ્પષ્ટ જાણકારી નથી, તેઓ કરોડો જનતાનું ભવિષ્ય કેવી રીતે નક્કી કરી શકે?

જ્યારે નીતિ ઘડનારાઓ પોતે જ શિક્ષિત ન હોય, ત્યારે તે રાજ્ય કે દેશની શિક્ષણ વ્યવસ્થામાં કેવો સુધારો લાવશે? અસંતુલિત મંત્રીમંડળ: જે ક્ષેત્રનો અનુભવ કે જ્ઞાન ન હોય તેવા વ્યક્તિને મંત્રીપદ સોંપવું એ માત્ર લોકશાહીનું અપમાન નથી, પણ જનતાના ટેક્સના પૈસાનો વેડફાટ છે. બિહારની જનતા આજે પૂછી રહી છે કે લાયકાત ધરાવતા યુવાનો બેરોજગાર ફરી રહ્યા છે અને અશિક્ષિત નેતાઓ સત્તા ભોગવી રહ્યા છે. આ પરિસ્થિતિમાં 'વિશ્વગુરુ' બનવાનું સપનું માત્ર કાગળ પર જ રહી જશે તેવી ભીતિ સેવાઈ રહી છે.

'જો વ્યવસ્થામાં પરિવર્તન નહીં આવે અને લાયક વ્યક્તિને જ જવાબદારી નહીં સોંપાય, તો બિહારની આવનારી પેઢીનું ભવિષ્ય અંધકારમય બની શકે છે. જનતાએ હવે જાગવાનો સમય આવી ગયો છે.' - રાજકીય વિશ્લેષકો

શું આપણે માત્ર ભાવનાઓમાં વહીને નેતાઓ ચૂંટીશું કે પછી ઉમેદવારની ભણતર અને ક્ષમતા જોઈને મતદાન કરીશું? જે દેશમાં મંત્રી બનવા માટે કોઈ શૈક્ષણિક લાયકાતની જરૂર નથી, ત્યાં વિકાસની આશા રાખવી એ કેટલી યોગ્ય છે?

# તિરુપતિમાં AI સિસ્ટમ લગાવાઈ દર્શનના વેઈટિંગ ટાઈમમાં ઘટાડો

તિરુપતિ

આંધ્ર પ્રદેશના પ્રસિદ્ધ તિરુમલા વેંકટેશ્વર મંદિરમાં હવે ભક્તોને દર્શન માટે કલાકો સુધીની લાંબી રાહ નહીં જોવી પડે. તિરુમલા તિરુપતિ દેવસ્થાનમ દ્વારા સ્થાપિત આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ આધારિત ઈન્ટિગ્રેટેડ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરના કારણે દર્શનના વેઈટિંગ ટાઈમમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. આ પહેલા ભારે ભીડને કારણે ભક્તોને ભગવાનના દર્શન કરવા માટે ૨૪ થી ૩૬ કલાક સુધી રાહ જોવી પડતી હતી. હવે, એઆઈ આધારિત સિસ્ટમ લાગુ થયા બાદ આ સમય ઘટીને અંદાજે ૮ થી ૧૪ કલાક થઈ ગયો છે. મંદિર સંચાલન સાથે જોડાયેલા અધિકારીઓના જણાવ્યા પ્રમાણે નવી ટેકનોલોજીના ઉપયોગથી ભીડ વ્યવસ્થાપન વધુ ઝડપી, સુવ્યવસ્થિત અને સુરક્ષિત બન્યું છે. આ સિસ્ટમ તિરુમલાના વૈકુંઠમ ક્યૂ કોમ્પ્લેક્સમાં સ્થાપિત કરવામાં આવી છે. જેમાં, હજારો કેમેરા દ્વારા મળતી માહિતીનું એઆઈ દ્વારા રિયલ-ટાઈમ વિશ્લેષણ કરવામાં આવે છે. સિસ્ટમ ભીડ ક્યાં વધી રહી છે, ક્યા વિસ્તારમાં અવરજવર વધુ છે, ક્યાં રાહ જોવાનો સમય વધી રહ્યો છે અને સુરક્ષા સંબંધિત કોઈ શંકાસ્પદ પ્રવૃત્તિ છે કે નહીં તેની તરત માહિતી આપે છે.

### મેં CMને પણ એરેસ્ટ કર્યા હતા

# જાણો IPS ડી. રૂપાની બેખૌફ સફર, જેમના નામથી મોટા માથાઓ ફફડે છે

બેંગલુરુ

'નિયમ તો બધા માટે સરખો જ હોય, પછી તે સામાન્ય માણસ હોય કે મુખ્યમંત્રી.' આ શબ્દો છે કર્ણાટક કેડરના જાણીતા અને નિડર મહિલા IPS અધિકારી ડી. રૂપા (D. Roopa) ના. ભારતીય પોલીસ સેવામાં પોતાની પ્રામાણિકતા અને કડક મિજાજ માટે જાણીતા ડી. રૂપા એવા અધિકારી છે જેમણે ક્યારેય સત્તા કે સિસ્ટમ સામે ઘૂંટણ ટેક્યા નથી.

ડી. રૂપા ત્યારે ચર્ચામાં આવ્યા જ્યારે તેમણે મધ્યપ્રદેશના તત્કાલીન મુખ્યમંત્રી ઉમા ભારતીની ધરપકડ કરી હતી. વર્ષ ૨૦૦૪માં હુબલીના રમખાણોના કેસમાં કોર્ટે વોરંટ જાહેર કર્યું ત્યારે



ડી. રૂપાએ જરાય ખચકાયા વગર કાયદાનું પાલન કર્યું હતું. આ એ ઘટના હતી જેણે સાબિત કરી દીધું કે આ ઓફિસર કોઈ પણ દબાણને વશ થનાર નથી.

તેમની કારકિર્દીનો બીજો સૌથી મોટો કિસ્સો બેંગલુરુની સેન્ટ્રલ જેલનો છે. તેમણે જેલમાં શશિકલાને મળતી વીઆઈપી સુવિધાઓ અને તેના બદલામાં અધિકારીઓને અપાયેલી ૨ કરોડની લાંચનો પર્દાફાશ કર્યો હતો. આ ખુલાસા બાદ આખા દેશમાં હોબાળો મચી ગયો હતો.

વારંવાર બદલી: ૨૦ વર્ષની કારકિર્દીમાં તેમની ૪૦થી વધુ વખત બદલી કરવામાં આવી છે. ઘણીવાર તો વર્ષમાં બે-ત્રણ વાર તેમને નવા વિભાગમાં મોકલી દેવાયા, પરંતુ તેમણે તેને સજા નહીં પણ તક માની છે.


ખડતલ છબી: તેમની ઓળખ એક એવા ઓફિસર તરીકેની છે જે મોટા-મોટા નેતાઓ કે અધિકારીઓ સામે પગલાં લેતા ડરતા નથી.

પ્રેરણાનું ઝરણું: આજે અનેક યુવાન ઉમેદવારો માટે ડી. રૂપા એક આદર્શ છે, જે શીખવે છે કે જો તમારી પાસે હિંમત હોય તો આખી સિસ્ટમમાં તમે એક અલગ ઓળખ ઉભી કરી શકો છો.

## તંત્રી લેખ...

# કળિયુગમાં 'વિકલ્પ' શોધતા લોકો વચ્ચે 'વફાદારી' શોધવાની ભૂલ ન કરતા, હૃદય તૂટવું તો નિશ્ચિત છે!

પ્રેમ હવે લાગણી નહીં પણ મનોરંજનનું સાધન બન્યું: વિકલ્પ શોધવાની વૃત્તિ અને લાગણીઓ સાથેની રમત તમારા જ કર્મોમાં લખાશે. આજના આધુનિક યુગમાં જ્યાં બધું જ 'ઇન્સ્ટન્ટ' છે, ત્યાં પ્રેમ અને વફાદારીની વ્યાખ્યા પણ બદલાઈ ગઈ છે. જો તમે આ કળિયુગમાં એક પવિત્ર અને વફાદાર હૃદય લઈને એવા લોકો પાસે જશો જેમને સંબંધોમાં માત્ર 'વિકલ્પ' શોધવાની આદત છે, તો યાદ રાખજો કે તમારું હૃદય તૂટવું એ માત્ર સમયની વાત છે. આજે લોકો પોતાની માનસિક શાંતિ અને ક્ષણિક સુખ માટે બીજાની લાગણીઓનો જે રીતે 'તમાશો' બનાવે છે, તે ખરેખર ચિંતાનો વિષય છે.



વફાદારીની કિંમત કોણ સમજે?

જ્યારે તમે એવા વ્યક્તિને વફાદારી આપો છો જેને ન તો સાચા પ્રેમનો અર્થ ખબર છે, ન તો વફાદારીની કિંમત, ત્યારે તમારું હૃદય તૂટી જવું જ જોઈએ. કદાચ તમે એ 'લાયક' જ છો કે તમારું દિલ તૂટે, કારણ કે તમે ખોટી જગ્યાએ સાચી વસ્તુ શોધી રહ્યા હતા. જેને માત્ર 'સ્વાદ' બદલવામાં અને નવા-નવા વિકલ્પોમાં જ રસ હોય, તેની પાસેથી સ્થિરતાની અપેક્ષા રાખવી એ તમારી પોતાની ભૂલ છે. વિકલ્પ શોધવાનો 'હુનર' અને કર્મોનો લેખ આજના સમયમાં ઘણા લોકોમાં એક વિચિત્ર 'હુનર' વિકસ્યો છે–દરેક જગ્યાએ નવા વિકલ્પો શોધવા અને સામેવાળાની લાગણીઓ સાથે ફૂટબોલની જેમ રમવું. પણ યાદ રાખજો: * લાગણીઓ સાથેની રમત: કોઈના વિશ્વાસને તોડીને તમે જે ક્ષણિક આનંદ મેળવો છો, તે વાસ્તવમાં તમારા જ 'કર્મ'ના ચોપડે લખાતો જાય છે. * કર્મનો સિદ્ધાંત: આજે તમે કોઈના હૃદય સાથે રમી રહ્યા છો, પણ સમયનો ચક્ર જ્યારે ફરશે ત્યારે તમારા જ કર્મો તમારી સામે આવીને ઉભા રહેશે. * માનસિક વિકૃતિ: માત્ર પોતાની જ મનોદશા સુધારવા માટે બીજાના જીવનને વેરવિખેર કરી નાખવું એ પ્રેમ નથી, પણ એક પ્રકારની માનસિક વિકૃતિ છે. સમાજ માટે લાલબત્તી આ લેખ એ તમામ લોકો માટે છે જેઓ સાચા હૃદયના છે–ચેતી જજો! આ દુનિયામાં એવા લોકોની કમી નથી જેઓ સંબંધોને માત્ર એક 'પ્રોજેક્ટ' અથવા 'ટાઈમપાસ' સમજે છે. તમારી વફાદારી એટલી સસ્તી ન બનાવો કે કોઈ તેને પગ નીચે કચડીને નીકળી જાય. અંતિમ શબ્દ: જો સામેવાળી વ્યક્તિમાં વફાદારીના ગુણ જ નથી, તો તેને તમારું સર્વસ્વ સોંપી દેવું એ મૂર્ખામી છે. યાદ રાખો, તમારા જ કર્મો તમારું ભવિષ્ય નક્કી કરે છે. કોઈના હૃદય સાથે રમવાનો હુનર તમને આજે સફળતા અપાવશે, પણ કુદરતના ન્યાયમાં તમે ચોક્કસ હારશો.

'હું અને તું' એ માત્ર સર્વનામ નથી, પણ એકબીજામાં ઓગળી જવાની પ્રક્રિયા છે. આ લેખ એ તમામ હૃદયોને સમર્પિત છે જેઓ એકબીજામાં પોતાનું વિશ્વ શોધે છે. જ્યારે 'હું' અહંકાર છોડીને 'તું' માં ભળે છે, ત્યારે જ સાચો 'અમે' જન્મે છે.

**- ગ્રુપ એડિટર પવન માકન**

# ટેક્નોલોજીના અવિચારી ઉપયોગની વિનાશલીલા

**ટેક્નોલોજીનો જેમ જેમ વિકાસ થઈ રહ્યો છે તેમ તેમ વિશ્વભરમાં યુદ્ધોનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. ટેક્નોલોજીનો જે રીતે અવિચારી અને અધધ ઉપયોગ થઈ રહ્યો છે તે જોતાં લાગી રહ્યું છે કે, આવનારા દિવસોમાં માત્ર જમીન, પાણી કે હવા સુધી જ આ યુદ્ધ સિમિત રહેશે નહીં. ધીમે ધીમે દુનિયાભરના દેશો અવકાશ તરફ ગતિ કરવા માંડયા છે. ત્યાં તેઓ પોતાની ઈજારાશાહી સાબિત કરવામાં આક્રમક થઈ રહ્યા છે. તેના પગલે એવું દેખાઈ રહ્યું છે કે, આગામી યુદ્ધ વધારે વિનાશક અને ભયાવહ હશે.**

ટેક્નોલોજીનો જેમ જેમ વિકાસ થઈ રહ્યો છે તેમ તેમ વિશ્વભરમાં યુદ્ધોનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. ટેક્નોલોજીનો જે રીતે અવિચારી અને અધધ ઉપયોગ થઈ રહ્યો છે તે જોતાં લાગી રહ્યું છે કે, આવનારા દિવસોમાં માત્ર જમીન, પાણી કે હવા સુધી જ આ યુદ્ધ સિમિત રહેશે નહીં. ધીમે ધીમે દુનિયાભરના દેશો અવકાશ તરફ ગતિ કરવા માંડયા છે. ત્યાં તેઓ પોતાની ઈજારાશાહી સાબિત કરવામાં આક્રમક થઈ રહ્યા છે. તેના પગલે એવું દેખાઈ રહ્યું છે કે, આગામી યુદ્ધ વધારે વિનાશક અને ભયાવહ હશે. હાલમાં મિડલ ઈસ્ટમાં જે રીતે યુદ્ધ લડાઈ રહ્યું છે તે જોતા લાગી છે કે, આગામી વર્ષોમાં યુદ્ધ આકાશ નહીં પણ અવકાશ સુધી પહોંચી જશે. હાલમાં ઘણા દેશો દ્વારા અવકાશમાં યુદ્ધ લડવાની તૈયારીઓ કરવામાં આવી રહી છે તો બચાવની રણનીતિઓ પણ બનાવવામાં આવી રહી છે. એક વાત છે કે તેમાં માણસોની ભૂમિકા ઓછી રહેશે અને ઓટોમેટિક હથિયારો અને સાધનોનું મહત્ત્વ વધી જશે. આજના યુદ્ધ ઉપર જ નજર કરીએ તો તે સરહદે ઊભેલા સૈનિકો કરતા અવકાશમાં બે હજાર કિ.મી ઉપર રહેલા ઉપગ્રહો અને તેની સાથે જોડાયેલા રોકેટ અને મિસાઈલો ઉપર વધારે આધાર રાખે છે. આ ઉપગ્રહો દુનિયાભરની કામગીરીઓની નોંધ લે છે અને ઓટોમેટિક વેપન્સ તેનો ઉપયોગ કરે છે. સૈન્ય રણનીતિઓથી માંડીને મસાઈલો અને ડ્રોન હુમલા સુધી બધું જ ધીમે ધીમે ઓટોમેટિક થઈ રહ્યું છે. આ તમામના ડેટા અને માર્ગદર્શન માટે અવકાશમાં નજર કરવામાં આવી રહી છે. અવકાશમાં રહેલા સેટેલાઈટ્સ દ્વારા તમામ બાબતો ઉપર કન્ટ્રોલ અને કમાન્ડ કરવામાં આવી રહ્યો છે. આ એક જ એવી બાબત છે જે ભવિષ્યમાં અંતરીક્ષમાં યુદ્ધના પડઘમ લાવી શકે છે. જો એક વખત અવકાશમાં યુદ્ધની શરૂઆત થઈ તો સમગ્ર માનવજાત ઉપર તેની ગંભીર અને લાંબાગાળાની અસર પડશે. માણસોએ વિચાર કરવો જ પડશે કે તેના દ્વારા વિકસાવાયેલી ટેક્નોલોજી અને તેની શક્તિઓ ક્યાંક તેના જ વિનાશ માટેનું સાધન ન બની જાય. છેલ્લાં ઘણા સમયથી ચર્ચા ચાલે છે કે, અવકાશમાં ઉપગ્રહો નષ્ટ કરવાની ટેક્નોલોજી કેટલાક દેશો દ્વારા વિકસાવવામાં આવી છે. તેના કારણે જ આ ભય તરફ દુનિયાની નજર જઈ રહી છે. અવકાશમાં જે યુદ્ધ થશે તેની અસર વ્યાપક અને દુરોગામી હશે. માત્ર એક સેટેલાઈટ તોડી પાડવામાં આવે તો તે માત્ર સાધન તોડી પાડવા જેવું નથી. તેની સાથે સંકળાયેલું સમગ્ર માળખું તુટી પડે છે. તેની સાથે જોડાયેલું માનવજીવન પણ વેરવિખેર થઈ જાય છે. બીજી તરફ એવો પણ ભય છે કે, જો ઉપગ્રહો તોડી પાડવામાં આવશે તો તેનો કાટમાળ અવકાશમાં જ અત્યંત ઝડપથી ફર્યા કરશે અને તેની ભ્રમણકક્ષામાં આવનારા અન્ય ઉપગ્રહોને પણ નુકસાન પહોંચાડશે. આ એક એવું વિષચક્ર છે જે શરૂ થયા બાદ ક્યારેય અટકશે નહીં. અંતરિક્ષ જોતજોતામાં



એક જ દાયકામાં નષ્ટ થયેલા ઉપગ્રહોના કાટમાળનું ડમ્પયાર્ડ બની જશે. તેના કારણે સમગ્ર માનવસભ્યતા ટેકનિકલ મામલે ફરી અંધકાર યુગમાં ધકેલાઈ શકે છે. હાલમાં જો થોડા સમય માટે પણ ફોનનું નેટવર્ક આવતું નથી કે પછી ડેટા બંધ થઈ જાય છે તો આપણે બેબાકળા થઈ જઈએ છીએ. હવે જો ઈન્ટરનેટ કાયમી બંધ થઈ જાય તો આપણી શું પરિસ્થિતિ થાય. અવકાશમાં થનારા દરેક નુકસાનની અસર પૃથ્વી ઉપર સીધી જ દેખાવાની છે. ઉપગ્રહો તૂટી પડે તો જીપીએસ નષ્ટ થઈ જાય. તેના પગલે હવાઈ જહાજો રસ્તો ભટકી જાય, દરિયામાં જહાજો પોતાના નિયત સ્થાને પહોંચી ન શકે અને ઈમર્જન્સી સેવાઓ પણ ખોરવાઈ જવાનો ભય રહેલો છે. હોસ્પિટલના સાધનો, બેન્કિંગ સિસ્ટમ અને વ્યવસ્થાપન તંત્ર પણ ખોરવાઈ જાય તેમ છે. આ કોઈ એક દેશ કે પ્રદેશની સમસ્યા નથી પણ સમગ્ર માનવજાત માટે આ સમસ્યા ઊભી થાય તેમ છે. તે વખતે પૃથ્વી ઉપર એક ગોળી ચલાવ્યા વગર પણ માનવજાતને નર્કની અનુભુતી કરાવી શકાય છે. અવકાશમાં થતા હુમલા કે યુદ્ધની અસર સમગ્ર વિશ્વને ભોગવવાની આવશે. તેના દ્વારા વૈશ્વિક અર્થતંત્રના પાયા હચમચી જશે. હાલમાં દુનિયામાં ચાલી રહેલું ડિજિટલ તંત્ર માત્ર એક સુવિધઆ નથી પણ આર્થિક જીવન, સામાજિક જીવન અને માનવજીવનનો પ્રાણ છે. બેન્કિંગ સિસ્ટમ, ઓનલાઈન વ્યવહારો, શેરબજાર, ઈન્ટરનેશનલ વેપાર, ઈમર્જન્સી સેવાઓ, ઈકોમર્સ સેવાઓ અને અભ્યાસ થતા બીજા ઘણી સેવાઓ દરરોજ ઉપગ્રહો આધારિત જ ચાલે છે. હવે તેની માહિતી આવતી બંધ થઈ જાય તેની સાથે જ તમામ માળખા પત્તાના મહેલની જેમ ધ્વસ્ત થઈ જાય તેમ છે. હાલની વૈશ્વિક પરિસ્થિતિ જોઈએ તો દુનિયાભરના વેપાર અને ઉદ્યોગો ક્રિપ્ટો કરન્સી તરફ આગળ વધી રહ્યા છે. તે ઉપરાંત રિયલ ટાઈમ ગ્લોબલ ટ્રેડિંગ જેવી વ્યવસ્થાઓ આકાર લઈ રહી છે. આ સંજોગોમાં અંતરિક્ષ યુદ્ધ આ માળખું નષ્ટ કરી દે તેમ છે. તે ઉપરાંત પોર્ટ, એરપોર્ટ અને અન્ય જગ્યાઓના કામકાજ રોકાઈ જાય તેમ છે. જરૂરી વસ્તુઓની અછત સર્જાવા લાગે. તે ઉપરાંત રોજગારી અને મોંઘવારી પણ મોટાપાયે વધી જાય તેમ છે. હાલમાં માનવજાત માટે ડિજિટલ નિર્ભરતા એટલી વ્યાપક થઈ ગઈ છે કે તેમાંથી નીકળવું તેના માટે અસ્તિત્વ ગુમાવવા જેવું થઈ જાય તેમ છે. જાણકારો માને છે કે, ગમે ત્યારે અવકાશમાં યુદ્ધ થવાના એંધાણ છે. જે દિવસે આ યુદ્ધ થશે ત્યારે કોઈ શોરબકોર નહીં થાય પણ પૃથ્વી ઉપર બધું જ પડી ભાંગશે અને અર્થતંત્ર, સમાજતંત્ર અને કદાચ એમ કહીએ કે માનવ અસ્તિત્વ કાટમાળ જેવું થઈ જશે. ચિંતાજનક બાબત એવી છે કે, દરેક દેશો હવે આક્રમકતાથી જ વ્યવહાર કરી રહ્યા છે. તેમાંય મહાસત્તાઓ પોતાનો દબદબો જાળવવા કોઈપણ હદે જઈ રહી છે. હાલમાં યુદ્ધનો જે માહોલ છે તેમાં તો હવે પરમાણુ ઠેકાણાઓ પણ સુરક્ષિત નથી. જે સ્થાનો ઉપર હુમલા કરવાની મનાઈ હતી આજે તેને જ તોડી પાડવા લોકો આકરા થઈ રહ્યા છે. રશિયા અને યુક્રેન યુદ્ધમાં તેની અસર જોવા મળી જ હતી. તે ઉપરાંત અમેરિકાએ પણ ઈરાનના ન્યૂક્લિયર પ્રોજેક્ટ તોડી પાડવાના ભરપૂર પ્રયાસ કર્યા જ છે. રશિયા આજે પણ કહે છે કે, યૂક્રેનનું સૌથી મોટું ન્યૂક્લિયર રિએક્ટર તેના ટાર્ગેટ ઉપર છે. હવે જો તેને નુકસાન કરવામાં આવે તો માત્ર યૂક્રેન નહીં પણ સમગ્ર યુરોપમાં તેની ઘાતક અસરો થાય તેમ છે. દુનિયાની મહાસત્તાઓ પોતાનો દબદબો જાળવવા માટે મર્યાદાની લક્ષ્મણરેખાઓ ઓળંગી રહી છે. આ સંજોગોમાં ભવિષ્યમાં તો અવકાશમાં જઈને પણ હુમલા ન કરે તો નવાઈ પામવા જેવું છે. માત્ર રોકેટ કે મિસાઈલ દ્વારા હુમલા જ તેવું જરૂરી નથી. અવકાશમાં સાઈબર યુદ્ધ પણ થઈ શકે છે. દેશો દ્વારા એકબીજા ઉપર સાઈબર હુમલા કરીને સમગ્ર ઉપગ્રહ અને તેની સિસ્ટમને હેક કરવામાં કે ખરાબ કરવામાં આવી શકે છે. થોડા સમય પહેલાં અમેરિકાની પરમાણુ એજન્સીઓમાં હેકિંગનો પ્રયાસ અને તે ઉપરાંત વૈશ્વિક ધોરણે પણ ઘણી કંપનીઓની સિસ્ટમ હેક કરીને તેમના પર કરાયેલા રેન્સમવેર હુમલા એ વાતની સાબિતી છે. હવે માત્ર બોમ્બ નાખવા કે રોકેટ મારવા સુધી જ યુદ્ધ રહ્યું નથી. સાઈબર એટેક દ્વારા પણ સમગ્ર માળખાને ધ્વસ્ત કરી જ શકાય છે. તેમાંય પરમાણુ રિએક્ટર અને પ્લાન્ટને હેક કરીને તેની કામગીરી ખોરવવી કે તેમાં વિસ્ફોટ કરવા હવે સામાન્ય થઈ રહ્યું છે ત્યારે અવકાશી યુદ્ધના ખતરાને અવગણી શકાય જ નહીં.

# લોટરી કિંગ માર્ટિનનો પરિવાર ત્રણ વિવિધ પક્ષો વતી ચૂંટણી લડયો

**જેમને ભારતના 'લોટરી કિંગ'ની ઉપમા આપવામાં આવી છે, તે સેન્ટિયાગો માટન એક સમયે ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા રાજકીય પક્ષો પર પ્રભાવ ઊભો કરતા હતા. એમની કંપની 'માટન ગ્રુપ'ની ઓફિસો કોઈમ્બતુર અને તમિલનાડુમાં આવેલી છે. ઈલેક્ટોરલ બોન્ડ વિવાદમાં ફસાતા અને સુપ્રીમ કોર્ટના ચુકાદાની ઝપટે ચઢી જતાં તેમની ઉપયોગિતા ઓછી થઈ ગઈ, જેના કારણે માટન ગ્રુપની પકડ રાજકીય પક્ષો પરથી ઓછી થઈ ગઈ હતી.**

જેમને ભારતના 'લોટરી કિંગ'ની ઉપમા આપવામાં આવી છે, તે સેન્ટિયાગો માટન એક સમયે ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા રાજકીય પક્ષો પર પ્રભાવ ઊભો કરતા હતા. એમની કંપની 'માટન ગ્રુપ'ની ઓફિસો કોઈમ્બતુર અને તમિલનાડુમાં આવેલી છે. ઈલેક્ટોરલ બોન્ડ વિવાદમાં ફસાતા અને સુપ્રીમ કોર્ટના ચુકાદાની ઝપટે ચઢી જતાં તેમની ઉપયોગિતા ઓછી થઈ ગઈ, જેના કારણે માટન ગ્રુપની પકડ રાજકીય પક્ષો પરથી ઓછી થઈ ગઈ હતી. રાજકીય પક્ષોના પીઠબળ વિના પોતાનો બિઝનેસ ચાલશે નહીં તેમ સમજીને, તાજેતરનાં પાંચ રાજ્યોના વિધાનસભા જંગમાં સેન્ટિયાગો માટનના કુટુંબના ત્રણ સભ્યો વિવિધ રાજકીય પ્લેટફોર્મ પરથી ચૂંટણીમાં ઊભા રહ્યા હતા અને ત્રણેય ચૂંટણી જીતી ગયા હતા. લોટરી કિંગ સેન્ટિયાગો માટન પોતે એક પણ બેઠક પરથી લડયા નથી, પરંતુ તેમના કુટુંબના ત્રણ સભ્યોને એક ફોન કરીને ટિકિટ પણ અપાવી અને તેમને જીતાડી આપ્યા છે. લોટરી કિંગનું આખું નેટવર્ક પ્રચારમાં લાગ્યું હતું અને વિજય નિશ્ચિત કરી નાખ્યો હતો. આ જીતને લોટરી કિંગના પ્રભાવની જીત કહેવાય છે. ચૂંટણી જીતેલા પરિવારના સભ્યોમાં તેમનાં પત્ની લીમારોઝ માટન (જે અન્નાડીએમકેની ટિકિટ પર લાલગુડી બેઠક પરથી જીત્યાંછે), જમાઈ આદવ અર્જુન, (જે તમિલનાડુની નવીનક્કોર પોલિટિકલ પાર્ટી ટીવીકેની બેઠક પરથી વિજયી થયા છે), જ્યારે પુત્ર જોશ ચાર્લ્સ માટન (એ પુડુચેરીની કામરાજ નગર બેઠક પરથી જીત્યો છે) નો સમાવેશ થાય છે. તેમણે પોતાનો પક્ષ ઊભો કર્યો છે, જેનું નામ 'લચિયા જનનાયક કચ્છી' છે અને તે એનડીએના સાથી પક્ષ (એલજેકે) તરીકે જોડાયેલો છે. ૧૯૮૮માં કોઈમ્બતુર ખાતે સેન્ટિયાગો માટને 'માટન લોટરી એજન્સી'ના નામે ઓફિસ શરૂ કરી હતી. માટન ગ્રુપે લોટરી, પ્રોપર્ટી ડેવલપમેન્ટ, હોસ્પિટાલિટી, શિક્ષણ સંસ્થા વગેરે વ્યવસાયોને



ગ્રુપમાં સામેલ કર્યા હતા, પરંતુ તેમનો મૂળ બિઝનેસ લોટરીનો હતો. શરૂઆતમાં તેમની બે આંકડાની લોટરી ધૂમ મચાવતી હતી. ૨૦૧૯માં માટન ગ્રુપે ૧૩૬૮ કરોડના ઈલેક્ટોરલ બોન્ડ ખરીદ્યા હતા. ચૂંટણી પંચના ડેટા અનુસાર, સૌથી વધુ રકમના બોન્ડ માટન ગ્રુપે જ ખરીદ્યા હતા. માટન ચેરિટેબલ ટ્રસ્ટે તમિલનાડુમાં 'ગાજા' ચક્રવાત વખતે મુખ્યમંત્રી રાહત ફંડમાં પાંચ કરોડ રૂપિયા આપ્યા હતા અને રાહત સામગ્રી પેટે ૨.૯૪ કરોડ ફાળવ્યા હતા. ૨૦૧૯માં આસામ ચીફ મિનિસ્ટર ફંડમાં પણ એક કરોડનો ચેક આપ્યો હતો. ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન અને સ્પેસ ઝોન ઈન્ડિયા દ્વારા ભારતના વિવિધ ભાગોમાંથી ૧૦૦૦ વિદ્યાર્થીઓને આમંત્રીને આયોજિત સેટેલાઈટ પ્રોગ્રામ કર્યો હતો, જેની નોંધ 'વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ'માં લેવાઈ હતી. કોવિડ કાળમાં ગ્રુપે ૩ કરોડનું ડોનેશન આપ્યું હતું. માટન ગ્રુપે આવા અનેક નાનાં-મોટાં ડોનેશન આપ્યાં છે. જોકે ૨૦૦૭માં જ્યારે ગ્રુપે કેરળમાં ૨૦ મિલિયન ડોલરનું દાન આપ્યું, ત્યારે તત્કાલીન સીપીઆઈ(એમ) સરકારે તે દાન એવું કહીને પરત કર્યું હતું કે આ રકમ ગેરકાયદે ચલાવાતી લોટરીમાંથી કમાયેલી આવક છે, માટે અમને તે ન ખપે. ૨૦૧૯માં ગૃહ મંત્રાલયે માટન ગ્રુપ પર કૌભાંડોના આરોપો લગાવ્યા હતા. ગ્રુપની ૪૦૯ કરોડની સંપત્તિ પણ જપ્ત કરાઈ હતી. ૨૦૨૨માં ચેન્નાઈની ક્રાઈમ બ્રાન્ચે ૭ કરોડ રૂપિયાની બિનહિસાબી રોકડ શોધી કાઢી હતી. સેન્ટિયાગો માટન જાણતા હતા કે તેમના બિઝનેસમાં રાજકીય પીઠબળ હોવું જરૂરી છે. તેમણે નાના-મોટા સૌને 'હપ્તા' આપવાનું ચાલુ રાખ્યું હતું. ઈલેક્ટોરલ બોન્ડનો તેમણે ભરપૂર ઉપયોગ કરીને રાજકીય સત્તાધીશો પાસેથી 'ઈમ્યુનિટી' મેળવી લીધી હતી. સૌથી વધુ રકમના ઈલેક્ટોરલ બોન્ડ ખરીદનાર સેન્ટિયાગો માટને દરેક રાજકીય પક્ષને ખુશ રાખવાનો પ્રયાસ કર્યો હતો. રાજકીય પક્ષોને ખુશ રાખીને તેઓ પોતાનો 'બે નંબરનો' બિઝનેસ રાજકીય દખલ વિના ચલાવવા માંગતા હતા. જ્યારે ઈલેક્ટોરલ બોન્ડને ગેરકાયદે જાહેર કરવામાં આવ્યા, ત્યારે રાજકીય વગ ઊભી કરવા માટે તેમની પાસે કોઈ વિકલ્પ બાકી રહ્યો નહોતો. છેલ્લે જ્યારે પાંચ રાજ્યોમાં વિધાનસભાનો જંગ જાહેર થયો, ત્યારે તરત જ તેમણે રાજકીય તખ્તા પર સક્રિય થવાનો નિર્ણય કરી લીધો. પોતાની વગના આધારે તેઓ આસાનીથી ટિકિટ મેળવી શક્યા હતા અને પોતાના કુટુંબીઓને જીતાડી પણ શક્યા. રાજકીય પીઠબળ ઈચ્છતા લોટરી કિંગના પરિવારના સભ્યો અન્નાડીએમકે, ટીવીકે અને એનડીએના સાથી પક્ષ તરીકે ચૂંટાઈ આવ્યા છે તે પણ નસીબની જ બલિહારી છે.

# ઉનાળામાં હીટ, ડિહાઇડ્રેશનથી બચવા અપનાવો આ ઉપાય

**ઉનાળામાં માત્ર ઓછું ખાવું જ નહીં, પરંતુ યોગ્ય અને સમજદારીપૂર્વક ખાવું વધુ જરૂરી છે. તીવ્ર ગરમીમાં શરીર પરસેવા દ્વારા પાણીની સાથે-સાથે જરૂરી ઇલેક્ટ્રોલાઇટ્સ જેવા કે સોડિયમ અને પોટેશિયમ પણ ગુમાવે છે.**

ઉનાળામાં માત્ર ઓછું ખાવું જ નહીં, પરંતુ યોગ્ય અને સમજદારીપૂર્વક ખાવું વધુ જરૂરી છે. તીવ્ર ગરમીમાં શરીર પરસેવા દ્વારા પાણીની સાથે-સાથે જરૂરી ઈલેક્ટ્રોલાઈટ્સ જેવા કે સોડિયમ અને પોટેશિયમ પણ ગુમાવે છે. આનાથી ડિહાઈડ્રેશન, થાક અને નબળાઈ અનુભવાઈ શકે છે. સાથે જ ભૂખ ઓછી લાગવી અને પાચન ધીમું થવું પણ સામાન્ય સમસ્યા છે. 'ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ'ની ડાયટરી ગાઈડલાઈન્સ અનુસાર, આ ઋતુમાં પાણીથી ભરપૂર, હળવો અને સરળતાથી પચી શકે તેવો ખોરાક શરીરને વધુ સારો ટેકો આપે છે. ઉનાળામાં આ ખાઓ, હાઈડ્રેશન અને પાચન યોગ્ય રહેશે તરબૂચ-શક્કરટેટી શરીરને હાઈડ્રેટેડ રાખે છે. કાકડી, દૂધી, તુરીયા અને કોળું પેટ માટે હળવા હોય છે. આ પાણીની સાથે પોટેશિયમ પણ આપે છે. દહીં-છાશ પાચન માટે સારા છે. નાળિયેર પાણી ઈલેક્ટ્રોલાઈટ્સનો સારો સ્ત્રોત છે. આમ પન્ના મીઠું-જીરું સાથે પાણીની ઊણપ પૂરી કરે છે. આમળા અને લીંબુ એન્ટીઑકિસડન્ટથી ભરપૂર હોય છે. ગુંદર કતીરા ઠંડક આપે છે, પરંતુ પલાળીને અને મર્યાદિત માત્રામાં જ લો. જો પેટ ફૂલે છે અથવા IBS છે, તો ઓછી માત્રામાં લો અથવા ન લો. આને કેવી રીતે અને ક્યારે ખાવા સૌથી ફાયદાકારક? સવાર: પાણી, તરબૂચ, શક્કરટેટી અથવા લીંબુ પાણી. મધ્ય-સવાર: છાશ અથવા નાળિયેર પાણી. બપોર: હળવો ખોરાક- દાળ, દહીં, મોસમી શાકભાજી અને સલાડ. સાંજ: ફળ, નટ્સ અથવા શેકેલા ચણા અને છાશ. રાત: વહેલું અને હળવું ખાઓ. સૂપ અથવા દાળ-ભાત સાથે દૂધી/તુરીયા અથવા દહીં-ભાત. માયો ક્લિનિક અનુસાર, 2-3 કપ સુધી કેફીન સામાન્ય રીતે સુરક્ષિત હોય છે, પરંતુ વધુ માત્રા લેવાથી ડિહાઈડ્રેશન વધી શકે છે. કેફીન પેશાબ દ્વારા શરીરમાંથી પાણી અને સોડિયમ બહાર કાઢે છે. તેથી ઉનાળામાં વધુ કેફીન લેવાથી શરીરમાં પાણીની ઊણપ અને ઈલેક્ટ્રોલાઈટ અસંતુલન થઈ શકે છે. ખૂબ ઠંડુ પાણી પીવાથી શરીરમાં થોડા સમય માટે બ્લડ સર્ક્યુલેશન બદલાઈ શકે છે.

નેચર સાયન્ટિફિક રિપોર્ટ્સ યુકે અનુસાર, ઠંડીથી બ્લડ વેસલ્સ સંકોચાય છે અને પાચન થોડું ધીમું થઈ શકે છે. 4-5C નું પાણી પીવાથી શરીર તેને સામાન્ય તાપમાન સુધી લાવવામાં વધુ ઊર્જા ખર્ચે છે. કેટલાક કિસ્સાઓમાં ઠંડુ પાણી માઈગ્રેન, બ્લોટિંગ અથવા રિફ્લક્સ વધારી શકે છે. ઉનાળામાં વધુ ખાંડવાળા પીણાં કે મીઠાઈ ખાવાથી તરસ અને ડિહાઈડ્રેશનનું જોખમ વધે છે. ખાંડ તરત ઊર્જા આપે છે, પરંતુ થોડા સમય પછી થાક અને સુસ્તી અનુભવાય છે. વધુ ખાંડથી શરીરનું ઈલેક્ટ્રોલાઈટ સંતુલન બગડી શકે છે, વજન વધી શકે છે અને હીટ એક્ઝોશનનું જોખમ પણ વધી જાય છે. ઉનાળામાં રાત્રે ભારે અને મસાલેદાર ભોજન પાચનતંત્ર પર વધુ દબાણ લાવે છે અને શરીરનું તાપમાન વધારી શકે છે. 'નેશનલ લાઈબ્રેરી ઓફ મેડિસિન અમેરિકા'ના અભ્યાસ મુજબ, મસાલેદાર ભોજન ઊંઘને અસર કરી શકે છે. તેથી રાત્રે હળવું અને ઓછું મસાલેદાર ભોજન લેવું વધુ સારું છે, જેથી પાચન યોગ્ય રહે અને ઊંઘ પણ સારી આવે.

# ખાડી યુદ્ધ પછી અફઘાન-પાક યુદ્ધ લગભગ નક્કી

**ખાડી યુદ્ધ પછી અફઘાન-પાક યુદ્ધ લગભગ નક્કી છે. પાકિસ્તાની પ્રજા ઘણા લાંબા સમયથી અશાંત છે. અફઘાનિસ્તાનમાં આત્મઘાતી વિસ્ફોટો મુસ્લિમોના આંતરિક સંઘર્ષને બતાવતા ચાલુ જ રહ્યા છે. અફઘાનિસ્તાનમાં શિયા મુસ્લિમો લઘુમતીમાં છે અને તેઓનો સમુદાય જ આતંકવાદીઓના નિશાન પર છે. છેલ્લાં બે-ત્રણ વરસથી અફઘાનિસ્તાનમાં શિયા સમુદાય પર સતત હુમલાઓ થતા રહ્યા છે.**

ખાડી યુદ્ધ પછી અફઘાન-પાક યુદ્ધ લગભગ નક્કી છે. પાકિસ્તાની પ્રજા ઘણા લાંબા સમયથી અશાંત છે. અફઘાનિસ્તાનમાં આત્મઘાતી વિસ્ફોટો મુસ્લિમોના આંતરિક સંઘર્ષને બતાવતા ચાલુ જ રહ્યા છે. અફઘાનિસ્તાનમાં શિયા મુસ્લિમો લઘુમતીમાં છે અને તેઓનો સમુદાય જ આતંકવાદીઓના નિશાન પર છે. છેલ્લાં બે-ત્રણ વરસથી અફઘાનિસ્તાનમાં શિયા સમુદાય પર સતત હુમલાઓ થતા રહ્યા છે. ઈરાક અને સિરિયા વચ્ચે રઝળતો અને છૂપાતો ફરતો આઈએસનો વડો અબુ બકર અલગ બગદાદી માર્યો ગયો પછી એના અનુગામી કમાન્ડરો અનેકવાર શિયાઓને અફઘાનિસ્તાન ખાલી કરવાનું કહી ચૂક્યા છે. પાકિસ્તાનમાં આતંકવાદીઓને પનાહ આપવાનું સુગમ હોવાથી ઈસ્લામિક સ્ટેટે પાકિસ્તાનમાં પ્રવૃત્તિઓ વધારી દીધી છે. ભારતે પાકિસ્તાન પર કરેલા હુમલા બાદ આઈએસના આતંકવાદીઓમાં પણ નાસભાગ મચી છે. છેલ્લા એક જ સપ્તાહમાં વિવિધ અથડામણોમાં પાકના એકસો વીસથી વધુ સૈનિકો માર્યા ગયા છે. પાકિસ્તાનમાં બલોચ નાગરિકોએ ઉત્પાત મચાવ્યો છે. ભારતની એરસ્ટ્રાઈક પછી બલુચિસ્તાનના અલગાવવાદી કમાન્ડરોએ પાકિસ્તાન સરકારના સ્થાનકો પર હુમલાઓ વધારી દીધા છે. પાકિસ્તાન આ બલોચ પ્રજાને કારણે હવે એક સમાંતર ગૃહયુદ્ધને આરે આવી ઉભું છે. પાકિસ્તાને તબક્કાવાર પોતાના કબજા હેઠળના કાશ્મીરમાં સેટેલાઈટ કેમેરાઓના ડરથી આતંકવાદીઓને માટે બંકરો પણ બનાવ્યા છે. છાવણીઓને પાક-અફઘાન સરહદે ખસેડવાની મુરાદ રાખે છે, પરંતુ તાલિબાની શાસકોએ અનેકવાર પાકિસ્તાનમાં છુટક સૈન્ય કાર્યવાહી કરેલી છે. આજકાલ નાઈજિરિયામાં જે કામ બોકો હરામ નામક આતંકવાદી સંગઠન કરે છે તે જ કામ આઈએસના તત્ત્વો અને તાલિબાનો અફઘાન પ્રજામાં કરી રહ્યાં છે. બોકો હરામ નાઈજિરિયામાં શાળાએ જતી મુસ્લિમ



વિદ્યાર્થિનીઓનું વારંવાર સામુહિક અપહરણ કરે છે અને સમયાંતરે તેને મુક્ત પણ કરે છે, બોકો હરામ આમ તો ઈસ્લામિક સ્ટેટથી પણ જૂનું આતંકવાદી સંગઠન છે. આજકાલ બોકો હરામે નાઈજિરિયા માથે લીધું છે. આઈએસ અને બોકો હરામ જૂથ એક થઈ જવાની વાતો ખાડીના દેશોએ ટેલિવિઝન ચેનલ પર પ્રસારિત કરી હતી અને કેટલાક આરબ શસ્ત્ર વેપારીઓ તેના મધ્યસ્થી પણ હતાં. છતાં તે વાટાઘાટો કારગત નીવડી ન હતી. પછી એકાએક જ બોકો હરામના કમાન્ડરોએ પોતાને ઈસ્લામિક સ્ટેટના એક ભાગ તરીકે જાહેર કરેલા છે. ઈસ્લામિક સ્ટેટના નવા વારસદારો અફઘાનિસ્તાનમાં નવસેરથી અફીણની ખેતી અને નિકાસ કરવા ચાહે છે. અમેરિકાએ કરેલી બોમ્બવર્ષાને કારણે ઉજ્જડ થઈ ગયેલા અફઘાન ખેતરોમાં હવે નવી હવા આવવા લાગી છે એટલે એમની નજર અફઘાન પ્રજા તરફ છે. આતંકવાદની સાથે મુસ્લિમોની એકતાનું સતત ખંડન કરવું અને શિયા-સુન્ની વચ્ચે વધુમાં વધુ વૈમનસ્ય ફેલાવવું એ આઈએસની મૂળભૂત થિયરી છે. અફઘાનિસ્તાનને ઈસ્લામિક ગણરાજ્ય તરીકે જ ઓળખાવવામાં આવે છે, પરંતુ તાલિબાનો દ્વારા દાખલ કરવામાં આવેલી કટ્ટરતા એને શિયા મુસ્લિમોને લઘુમતી તરીકે જે રીતે હેરાન કરવામાં આવે છે તે ઈસ્લામિક સ્ટેટના ઈશારે જ થાય છે.

અફઘાનિસ્તાનમાં વેશપલટો કરીને સામાન્ય જનજીવનમાં ગોઠવાઈ ગયેલા ઉદ્દામ મુજાહિદ્દીનોની સંખ્યા પણ નાનીસૂની નથી. સમગ્ર એશિયામાં ભારતના વધતા જતા પ્રભુત્વને કારણે અને અફઘાનિસ્તાન સાથે ભારતની ગાઢ મિત્રતાને કારણે અફઘાન-પાક વચ્ચેનું જૂનું વેર ફરી પ્રજ્વલિત થયેલું છે. અફઘાનિસ્તાનની સૌથી લાંબી સરહદ પાકિસ્તાનને સ્પર્શે છે અને એ જ અફઘાન પ્રજાનું દુર્ભાગ્ય છે. રશિયન પ્રજા સામે લડવા માટે ઈ.સ. ૧૯૭૯થી ૧૯૮૯ના દાયકામાં અફઘાની મુજાહિદ્દીનોને લડવા માટે આરબ દેશો, બ્રિટન અને અમેરિકાએ જ તાલીમ આપી હતી. એ મુજાહિદ્દીનોમાંથી કેટલાક હજુ પાકિસ્તાનમાં આતંકવાદી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. ઈન્ડિયન મુજાહિદ્દીન (આઈએમ) પણ એનો જ આધુનિક વંશવેલો છે. અફઘાનિસ્તાનમાં અને બલુચિસ્તાનમાં છેલ્લા એક વરસમાં અનેક વિસ્ફોટો થયા છે, બલુચિસ્તાનની પ્રજા પાકિસ્તાન સામે ગૃહયુદ્ધ જ કરી રહી છે. ઈસ્લામિક સ્ટેટના આતંકવાદીઓનું સંખ્યાબળ ઘટતું જાય છે. તેની પાસેના કુદરતી તેલના કૂવાઓના વ્યવસ્થાપનમાં ગાબડાં પડયા છે. ઉપરાંત પેટ્રોલિયમને કારણે આરબો સાથે સંઘર્ષમાં ઉતરવાનું થાય છે. અબુ બકર અલ બગદાદીએ પણ સદ્દામ હુસેનના પતન પછી ઈરાકી સૈનિકોને પોતાની તરફ લઈને જે જંગ શરૂ કર્યો હતો જેને તે ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ લેવેન્ટ નામે નવા જ ભૌગોલિક સામ્રાજ્ય તરીકે જોતો હતો, એના ગયા પછી એ સપનાઓ વેરવિખેર થઈ ગયા છે.

પાક્કો ગુજરાત

સોમવાર | 11 મે 2026 | અમદાવાદ

# ઓલપાડ જીન કેમ્પસ ખાતે હળપતિ સમાજના 8માં સમૂહ લગ્નોત્સવમાં 32 નવયુગલોએ પ્રભુતામાં પગલાં પાડયા

## હળપતિ સમાજ ક્યારેય માતા-પિતા ને વૃદ્ધાશ્રમમાં નથી મોકલતો, એ સંસ્કાર ગૌરવરૂપ : નાયબ મુખ્યમંત્રી



ઓલપાડ

ઓલપાડ જીન કેમ્પસ ખાતે સમર્થ કલ્યાણ સેવા ચેરિટેબલ ટ્રસ્ટના અધ્યક્ષ અને ઓલપાડ ધારાસભ્ય મુકેશભાઈ પટેલના નેતૃત્વમાં યોજાયેલ

હળપતિ સમાજના ૮ માં સમૂહ લગ્નોત્સવ પ્રસંગમાં

પ્રભુતામાં પગલાં પાડતા ૩૨ નવયુગલોને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આશીર્વાદ આપી મંગલ જીવનની શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારો માટે દીકરીના લગ્ન કરવા એ આર્થિક ચિંતાનો વિષય છે. ઘણીવાર પરિવારોએ દેવું કરીને કે ઘરેણાં ગીરવે મૂકીને લગ્ન કરવા પડતા હોય છે.પરંતુ છેલ્લા ૮ વર્ષથી ધારાસભ્ય મુકેશભાઈ પટેલે તેમના સેવાકીય ટ્રસ્ટ દ્વારા અત્યાર સુધીમાં હળપતિ સમાજના ૪૭૧ દીકરા-દીકરીઓના લગ્ન કોઈપણ પ્રકારના આર્થિક બોજ વગર અને મંડપ,ભોજન અને કરિયાવરની સામગ્રી ભેટ ધરી સુપરે પાર પાડેલ આ ભગીરથ કાર્યને હું બિરદાવું છું અને તેની સરાહના કરી મુકેશભાઈ અને તેમની ટીમને અભિનંદન આપું છું. તેમણે વધુ કહ્યું કે, આ ટ્રસ્ટ દ્વારા હળપતિ સમાજની પ્રગતિ માટે શિક્ષણ,આરોગ્ય સહિત વિવિધ ક્ષેત્રે કરેલ મદદથી આજે હળપતિ સમાજના દીકરા-દીકરીઓ ટ્યુશન વગર મહેનત કરીને ડોક્ટર, એન્જિનિયર,નર્સ અને સી.એ.જેવી પદવીઓ મેળવી રહ્યા છે તે સમાજ માટે ગૌરવની વાત છે. તેમણેહળપતિ સમાજની સંસ્કારિતાના વખાણ કરી કહ્યું કે,આ સમાજના યુવાનો ભલે મહેનત-મજૂરી કરતા હોય,પણ તેઓ ક્યારેય પોતાના માતા-પિતાને વૃદ્ધાશ્રમનો દરવાજો નથી બતાવતા.આ પ્રસંગે તેમણે હળપતિ સમાજના યુવાનોને વ્યસન મુક્તિનો સંકલ્પ લેવાનો અનુરોધ કર્યો હતો.

**બેહાલ રેલવે તંત્ર ક્યારે જાગશે?**

# ડભોઇ મહુડી ભાગોળ રેલવે ફાટક નં. 21 બન્યું વાહનચાલકો માટે 'માથાનો દુખાવો'

ડભોઇ

ચિક્કાર ટ્રાફિક જામને કારણે પર્યટકો અને સ્થાનિક વેપારીઓ બેહાલ રેલવે તંત્ર ક્યારે જાગશે ડભોઇ ઐતિહાસિક નગરી ડભોઈમાં આવેલું મહુડી ભાગોળ રેલવે ફાટક (નંબર 21) હાલમાં વાહનચાલકો, મુસાફરો અને સ્થાનિક વેપારીઓ માટે ભારે હાલાકીનું કેન્દ્ર બન્યું છે. રેલવેના ટ્રેનો ના અવરજવર સમયે જ્યારે ફાટક બંધ કરવામાં આવે છે, ત્યારે રસ્તાની બંને તરફ કિલોમીટરો લાંબી વાહનોની કતારો જોવા મળે છે, જે કલાકો સુધી ટ્રાફિક જામમાં પરિણમે છે રવિવારના દિવસે સ્થિતિ વધુ સ્ફોટક ખાસ કરીને રવિવાર અને જાહેર રજાઓના દિવસે આ વિસ્તારમાં સ્થિતિ અત્યંત ગંભીર બની જાય છે પર્યટકોની મુશ્કેલી સ્ટેચ્યુ ઓફ યુનિટી (કેવડિયા), કરનાળી અને ચાણોદ જેવા ધાર્મિક તથા પ્રવાસન સ્થળોએ જતા હજારો મુસાફરો આ ટ્રાફિકમાં ફસાય છે સ્થાનિકો પર અસર ટ્રાફિક જામને કારણે એમ્બ્યુલન્સ જેવા ઈમરજન્સી વાહનો પણ અટવાઈ પડે છે ફાટક પાસે આવેલી દુકાનો અને શોરૂમ ધરાવતા વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સતત ટ્રાફિક જામ અને રોડ પર વાહનોના ખડકલાને કારણે ગ્રાહકો દુકાન સુધી પહોંચી શકતા નથી, જેના કારણે વેપારીઓને આર્થિક રીતે મોટો ફટકો પડી રહ્યો છે જનતાની મુખ્ય માંગણીઓ ઓવરબ્રિજનું નિર્માણ: આ કાયમી સમસ્યાનો એકમાત્ર ઉકેલ અહીં રેલવે ઓવરબ્રિજ અથવા અન્ડરપાસ બનાવવો તે જ છે વૈકલ્પિક વ્યવસ્થા: ટ્રાફિકના નિયમન માટે ફાટક પાસે પૂરતો પોલીસ બંદોબસ્ત રાખવામાં આવે સમયનું આયોજન ટ્રેનના સમય અને ફાટક બંધ રાખવાના ગાળામાં સુધારો કરવામાં આવે જેથી વાહનચાલકોએ વધુ રાહ ન જોવી પડે. હવે જોવાનું એ રહ્યું કે રેલવે તંત્ર અને સ્થાનિક વહીવટીતંત્ર આ વિકટ સમસ્યા સામે ક્યારે જાગે છે શું જનતાને આ ટ્રાફિકના સમસ્યા માંથી મુક્તિ મળશે કે પછી પર્યટકો અને વેપારીઓએ હજુ પણ આ જ રીતે હાડમારી વેઠવી પડશે.



# છોટા હાથી ગાડીમાંથી દારૂ ઝડપાયો : માવસરી પાસે ચોરખાનામાંથી 10.58 લાખનો મુદ્દામાલ જપ્ત

બનાસકાંઠા

માવસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેરોલ ફર્લો સ્કોડ વાવ-થરાદ પોલીસે છોટા હાથી ગાડીના ચોરખાનામાંથી મોટા પ્રમાણમાં ભારતીય બનાવટનો દારૂ ઝડપી પાડ્યો હતો. પોલીસે આ કાર્યવાહીમાં કુલ રૂ. 10,58,600/- નો મુદ્દામાલ જપ્ત કરી એક આરોપીની ધરપકડ કરી હતી. મળતી માહિતી મુજબ પેરોલ ફર્લો સ્કોડ જિ. વાવ-થરાદનો પોલીસ સ્ટાફ માવસરી પોલીસ સ્ટેશન વિસ્તારમાં ફરાર આરોપીઓની તપાસમાં હતો. તે દરમિયાન બાતમીના આધારે ટાટા કંપનીની ઈન્ટ્રા છોટા હાથી ગાડીને રોકી તપાસ હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન ગાડીના પાછળના ભાગમાં ખાસ બનાવવામાં આવેલા ચોરખાનામાંથી ગેરકાયદેસર રીતે લઈ જવાતી ભારતીય બનાવટની દારૂની કુલ 2400 બોટલો મળી આવી હતી. ઝડપાયેલા દારૂની કિંમત રૂ. 4,53,600/- હોવાનું સામે આવ્યું છે. પોલીસે દારૂ ઉપરાંત રૂ. 6,00,000/- કિંમતની છોટા




હાથી ગાડી તેમજ રૂ. 5,000/- કિંમતનો એક એન્ડ્રોઈડ મોબાઈલ ફોન પણ કબ્જે કર્યો હતો. આમ કુલ રૂ. 10,58,600/- નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આરોપી વિલાલખાન અરબાબખાન રાઉમા (મુસ્લિમ), રહે. ભભુતે કી ઢાંણી, તા. ચૌહટન, જિ. બાડમેર (રાજસ્થાન) વિરુદ્ધ માવસરી પોલીસ સ્ટેશન ખાતે પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**ઓલપાડ કાંઠાના લવાછા ગામે**

# સ્ટેટ વિજિલન્સ પોલીસ જુગારધામ પર ત્રાટકી-14 જુગારીને દબોચ્યા, 18ને વોન્ટેડ જાહેર

## શૌર્ય અને રાષ્ટ્રભક્તિના પ્રતિક મહારાણા પ્રતાપની 486મી જન્મજયંતિ ઝાલોદમાં ઉજવાઈ

દાહોદ

ઝાલોદ શહેરના રામેશ્વર મહાદેવ મંદિર તળાવ ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ ઝાલોદના સંયુક્ત ઉપક્રમે હિંદુ શૌર્ય, સ્વાભિમાન અને રાષ્ટ્રભક્તિના પ્રતિક એવા મહારાણા પ્રતાપની ૪૮૬મી જન્મજયંતિ નિમિત્તે ભાવભીનુ પુષ્પાંજલિ કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી હિન્દુ ભાઈઓ અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.



કાર્યક્રમ દરમિયાન મહારાણા પ્રતાપના ચિત્ર સમક્ષ દીપ પ્રાગટ્ય કરી પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ઉપસ્થિત આગેવાનો દ્વારા મહારાણા પ્રતાપના જીવનચરિત્ર, દેશપ્રેમ, માતૃભૂમિ પ્રત્યેની અડગ નિષ્ઠા અને સ્વાભિમાન માટે કરેલા સંઘર્ષ અંગે પ્રેરણાદાયી વિચારો રજૂ કરવામાં આવ્યા હતા.

વક્તાઓએ જણાવ્યું હતું કે મહારાણા પ્રતાપે પોતાના જીવનમાં ક્યારેય શત્રુ સમક્ષ મસ્તક ન ઝુકાવ્યું અને માતૃભૂમિની રક્ષા માટે અડગ રહી અનેક કઠિન પરિસ્થિતિઓનો સામનો કર્યો હતો. હલ્દીઘાટીના યુદ્ધમાં તેમની વીરતા અને ચેતક પ્રત્યેનો પ્રેમ આજે પણ દેશભક્તિનું અનોખું પ્રતિક માનવામાં આવે છે. મહારાણા પ્રતાપનું સમગ્ર જીવન રાષ્ટ્રપ્રેમ, સ્વાભિમાન અને બલિદાનની જીવંત ગાથા છે.

કાર્યક્રમ દરમિયાન "જય શ્રી રામ", "મહારાણા પ્રતાપ અમર રહો" તથા "ભારત માતા કી જય"ના ગગનભેદી નારાથી સમગ્ર વિસ્તાર દેશભક્તિના રંગમાં રંગાઈ ગયો હતો. યુવાનોમાં ખાસ્સો ઉત્સાહ જોવા મળ્યો હતો.

અંતમાં વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળના કાર્યકરો દ્વારા ઉપસ્થિત સૌનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો તેમજ મહારાણા પ્રતાપના આદર્શોને જીવનમાં ઉતારવાનો સંકલ્પ લેવાયો હતો.

# બેડી ચોકડી પાસે ટ્રક પાછળ કાર ઘુસી જતાં પ્રૌઢનું થયું મોત

## આગળ જતાં વાહને પશુના કારણે અચાનક બ્રેક મારતા અકસ્માત

રાજકોટ

રાજકોટમાં સર્જાયેલા એક ગમખ્વાર અકસ્માતમાં દેવભૂમિ દ્વારકાના ખેડૂતનું કરુણ મોત નિપજ્યું હતું. જામકલ્યાણપુર તાલુકાના માદેવિયા ગામના નારણભાઈ કરંગીયા (58) તેમના વેવાઈ પક્ષના સગા રામશીભાઈ સાથે કારમાં આણંદ ફરવા જઈ રહ્યા હતા ત્યારે આ ઘટના બની હતી.

ગઈકાલે વહેલી સવારે 5.30 વાગ્યાની આસપાસ જ્યારે તેમની કાર રાજકોટ બેડી ચોકડીથી સોખડા ચોકડી વચ્ચે આવેલા એચપી પેટ્રોલ પંપ પાસે પહોંચી, ત્યારે અચાનક એક પશુ આડું ઉતરતા આગળ જઈ રહેલા વાહને બ્રેક મારી હતી. તે વાહન સાથેની ટક્કર બચાવવા ચાલક રામશીભાઈએ કાર રોડની સાઈડમાં લીધી હતી,



પરંતુ કમનસીબે કાર ત્યાં ઉભેલા એક ટ્રકની પાછળ ધડાકાભેર ઘુસી ગઈ હતી. આ અકસ્માતમાં કારની ડ્રાઈવર સીટની બાજુમાં બેઠેલા નારણભાઈને માથા અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જ્યારે ચાલકનો આબાદ બચાવ થયો હતો. ઈજાગ્રસ્ત નારણભાઈને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, પરંતુ ટૂંકી સારવાર બાદ તેમનું નિધન થયું હતું. કુવાડવા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરી છે. મૃતક ખેતીકામ કરતા હતા અને સંતાનમાં એક દીકરો તથા એક દીકરી છે. બે દિવસ પહેલા જ મહેમાન બનીને આવેલા રામશીભાઈ સાથે ફરવા નીકળેલા પ્રૌઢનું અકસ્માતમાં મોત થતા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

# 32 જુગારીઓ લવાછા ટેકરી પાસે મીઠા અગરની ખુલ્લી જગ્યામાં ગંજીપાનાથી જુગાર રમી રહ્યા હતાં

## પોલીસની હાઈ પ્રોફાઈલ જુગાર રેડમાં રોકડા રૂ.4.60 લાખ, રૂ.50 લાખની 05 મોંઘીદાટ કાર, 13 મો.સા. અને 19 મોબાઈલ ફોન મળી કુલ રૂ.60.50 લાખનો મુદ્દામાલ મળતા કબજે લીધો

ઓલપાડ

ઓલપાડ દરિયાઈ કાંઠાના છેવાડાના લવાછા ગામે મીઠા અગરની ખુલ્લી જગ્યામાં જુગાર રમતા ઈસમો ઉપર શનિવારની મોડી રાત્રે સ્ટેટ વિજિલન્સ પોલીસ ત્રાટકી હતી.આ રેઈડ દરમ્યાન પોલીસે જુગારધામે થી ૧૪ જુગારીઓ ને કુલ રૂ.૬૦,૫૦,૭૨૦ ના મુદ્દામાલ સાથે દબોચી રેઈડ દરમ્યાન ભાગી છૂટેલ ૧૮ આરોપી ઓને પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે.

ગત શનિવાર, તા.૦૯ ના રોજ સ્ટેટ વિજિલન્સ પોલીસ શાખાના પીઆઈ એમ.કે. માલવીયા તેમની પોલીસ ટીમ સાથે મોડી સાંજના



સુમારે ઓલપાડ પોલીસ મથકની હદના દરિયાઈ કાંઠા વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહ્યા હતાં.તે દરમ્યાન બાતમી મળી હતી કે,લવાછા ટેકરી પાસે મીઠા અગરની ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમો ગંજીપાનાથી રૂપિયાની હારજીતનો હાઈ પ્રોફાઈલ જુગાર રમી રહ્યા છે.જેના પગલે પોલીસ ટીમ બાતમી સ્થળે ત્રાટકતાં જુગારી ઓમાં નાસભાગ થઈ હતી. પરંતુ પોલીસે ગુના સ્થળે થી કુલ ૧૪ જુગારી ઓને ઝડપવામાં સફળતા મળી હતી.જયારે પોલીસની રેઈડ સમયે પોલીસને ચકમો આપી ભાગી છૂટવામાં ૧૮ જુગારીઓ પોતાના વાહનો અને મોબાઈલ ફોન ગુના સ્થળે છોડી ભાગવામાં સફળ થયા હતાં. પોલીસે ગુના સ્થળેથી જુગારીઓના દાવના રોકડા રૂ.૪,૬૦,૧૨૦,મોંઘીદાટ ૦૫ ફોર વ્હીલ કાર,જેની કુલ કિંમત રૂ.૫૦ લાખ, મો.સા.નંગ-૧૩, જેની કુલ કિંમત રૂ. ૪.૧૦ લાખ, મોબાઈલ ફોન નંગ-૧૯,જેની કુલ કિંમત રૂ.૧,૮૦, ૫૦૦,ગંજીપાનાની રૂ.૧૦૦ કિંમતની કેટ મળી કુલ રૂ.૬૦,૫૦,૭૨૦ નો મુદ્દામાલ કબજે લીધો હતો.

સ્ટેટ વિજિલન્સ પોલીસે આ ગુનામાં ૧૮ આરોપીઓને વોન્ટેડ જાહેર કરી કુલ ૩૨ જુગારી ઓ વિરૂધ્ધ ઓલપાડ પોલીસ મથકમાં જુગાર ધારા કલમ-૧૨ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# SPG અને સામાજિક અગ્રણીઓની મધ્યસ્થીથી એટ્રોસિટી કેસમાં સમાધાન

ડભોઇ

ડભોઇ તાલુકા પંચાયતની ચૂંટણીના ગરમાવા વચ્ચે સર્જાયેલો વિવાદ આખરે શાંત પડ્યો છે. ફોર્મ ખેંચવાના દિવસે ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે થયેલી ઉગ્ર બોલાચાલી અને ત્યારબાદ નોંધાયેલી એટ્રોસિટીની ફરિયાદમાં સામાજિક અગ્રણીઓએ સફળ મધ્યસ્થી કરી સુખદ સમાધાન કરાવ્યું છે.

તાલુકા પંચાયતની ચૂંટણીમાં ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા દરમિયાન ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો આમને-સામને આવી ગયા હતા. આ રાજકીય ખેંચતાણમાં મામલો બિચક્યો હતો અને ઝપાઝપી થઈ હતી. આ ઘટનાને પગલે સાત વ્યક્તિઓ વિરુદ્ધ એટ્રોસિટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાતા સ્થાનિક રાજકારણમાં ખળભળાટ મચી ગયો હતો અને સામાજિક તણાવ વધવાની ભીતિ સેવાઈ રહી હતી.

સમાજમાં વૈમનસ્ય ન ફેલાય અને ભાઈચારો જળવાઈ રહે તેવા ઉમદા હેતુથી એસ.પી.જી. (SPG) અને પંથકના વરિષ્ઠ સામાજિક આગેવાનો આગળ આવ્યા હતા.

# જામનગર તાલુકાના દરેડ GIDC વિસ્તારમાં પ્રાઇવેટ ઝોનમાંથી ₹57 લાખનો દારૂ ઝડપાયો

જામનગર

જામનગર તાલુકાના દરેડ GIDC વિસ્તારમાં આવેલા એક પ્લોટ પર લોકલ ક્રાઈમ બ્રાંચે દરોડો પાડી ભારતીય બનાવટના વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડવામાં આવ્યો છે. પોલીસે કુલ 7632 બોટલ સહિત રૂ.57,02,859નો મુદ્દામાલ કબજે કરી દારૂના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે.

જામનગર પોલીસની ટીમ ગ્રામ્ય વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી, ત્યારે પોલીસે બાતમીના આધારે GIDC વિસ્તારમાં પ્રાઈવેટ ઝોનમાં નિલકંઠ એસ્ટેટ, શેરી નં.2 ખાતે આવેલા પ્લોટમાં દરોડો પાડવામાં આવ્યો હતો. તપાસ દરમિયાન પ્લોટમાં આવેલી ઓરડીમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની કુલ 236 પેટી મળી આવી હતી.

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે, થોડા સમય પહેલાં પાસા હેઠળ જેલવાસ ભોગવી ચૂકેલા જામનગરના પ્રણામીનગરના રહેવાસી મહાવીરસિંહ દેવાજી જાડેજા દ્વારા ફરી દારૂનું નેટવર્ક સક્રિય કરવામાં આવ્યું હતું.



સમગ્ર મામલે પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે દારૂના સપ્લાય ચેઈન અને સંડોવાયેલા શખસો સુધી પહોંચવા વધુ તપાસ હાથ ધરી છે. દરોડા દરમિયાન આરોપી ઘટનાસ્થળે હાજર નહોતો. પોલીસે ફરાર આરોપીને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

**તંત્ર ઘોર નિદ્રામાં, જનતા જોખમમાં!**

# વઢવાણા પક્ષી અભયારણ્ય પાસે 5 ફૂટ ઊંડો જીવલેણ ભુવો

## એક મહિનાથી રજૂઆતો છતાં માર્ગ-મકાન વિભાગના પેટનું પાણી હલતું નથી: શું તંત્ર કોઈ મોટી દુર્ઘટનાની રાહ જોઈ રહ્યું છે?

ડભોઇ

વિશ્વવિખ્યાત વઢવાણા પક્ષી અભયારણ્ય, જ્યાં દેશ-વિદેશથી પ્રવાસીઓ પક્ષીઓ જોવા આવે છે, ત્યાં જ તંત્રની ઘોર બેદરકારી ઉડીને આંખે વળગે તેવી છે. ડભોઇ તાલુકાના વઢવાણા ગામ પાસે મુખ્ય ટર્નિંગ પર છેલ્લા એક મહિનાથી ૫ ફૂટ ઊંડો જોખમી ભુવો પડ્યો છે. આ ભુવો જાણે કોઈના મોતના તેડાની રાહ જોઈ રહ્યો હોય તેમ ખુલ્લો પડ્યો હોવા છતાં માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ 'આંખ આડા કાન' કરી રહ્યા છે.

વઢવાણા તળાવના આકર્ષણને કારણે અહીં દરરોજ સેંકડો પર્યટકો વાહનો લઈને આવે છે. અજાણ્યા વાહનચાલકો માટે આ ભુવો રાત્રિના સમયે 'ડેથ ટ્રેપ' સમાન સાબિત થઈ શકે છે. બીજી તરફ, આ રસ્તો ડભોઈથી સંખેડાને જોડતો મુખ્ય માર્ગ હોવાથી ખેડૂતો પોતાના ટ્રેક્ટર અને ખેતીના સાધનો લઈને અહીંથી પસાર થાય છે. ટર્નિંગ પર જ ભુવો હોવાથી ભારે વાહનો પલટી જવાનો સતત ભય રહે છે.



સ્થાનિક ગ્રામજનોનો આક્રોશ છે કે છેલ્લા એક મહિનાથી રોડ ખાતાના અધિકારીઓને વારંવાર લેખિત અને મૌખિક રજૂઆતો કરવામાં આવી છે. છતાં, અત્યાર સુધી કોઈ પણ અધિકારી કે કર્મચારી સ્થળ પર નિરીક્ષણ કરવા કે ખાડો પૂરવા આવ્યા નથી

» **સળગતા સવાલો :**

એક મહિનાથી ૫ ફૂટ ઊંડો ભુવો દેખાતો નથી, તો શું અધિકારીઓ એસી ઓફિસમાં જ વ્યસ્ત છે?

જો અહીં કોઈ અકસ્માત થશે અને જાનહાનિ થશે, તો તેની જવાબદારી શું માર્ગ અને મકાન વિભાગ લેશે?

વિકાસની વાતો વચ્ચે પક્ષી અભયારણ્ય જેવા પ્રવાસન સ્થળના રસ્તાઓની આવી દુર્દશા કેમ?

પાક્કો ગુજરાતની ચેતવણી: જો સત્વરે આ ભુવો પૂરવામાં નહીં આવે અને અહીં કોઈ દુર્ઘટના ઘટશે, તો જવાબદાર અધિકારીઓએ જનતાના રોષનો સામનો કરવા તૈયાર રહેવું પડશે.

તંત્ર જાગે અને આ 'મૃત્યુના કૂવા' ને તાત્કાલિક બંધ કરે તેવી લોકમાંગ ઉઠી છે.

**રાજપીપળા સિવિલ હોસ્પિટલના સિનિયર રેસિડન્ટ એનેસ્થેસિયોલોજિસ્ટનો રૂમમાંથી મૃતદેહ મળ્યો**

# ડો.હર્ષ ચૌધરીનું કુદરતી મૃત્યુ થયું છે કે આત્મહત્યા કરી છે એ મુદ્દે ઘૂંટાતું રહસ્ય

રાજપીપલા

રાજપીપળા સિવિલ હોસ્પિટલના સિનિયર રેસિડન્ટ એનેસ્થેસિયોલોજિસ્ટ ડો.હર્ષ ચૌધરીનો રૂમમાંથી મૃતદેહ મળી આવતા નર્મદાના તબીબી જગતમાં ચકચાર મચી જવા પામી છે.જોકે ડો.હર્ષ ચૌધરીનું કુદરતી મૃત્યુ થયું છે કે એમણે આત્મહત્યા કરી છે એ મુદ્દે રહસ્ય ઘૂટાઈ રહ્યું છે. સિવિલ સુપ્રીટેન્ડન્ટ ના જણાવ્યા અનુસાર રાજપીપળા સિવિલ હોસ્પિટલના એનેસ્થેસિયા વિભાગમાં સિનિયરરેસિડન્ટની પોસ્ટ પર કામ કરતા હતા. એનેસ્થેસિયોલોજિસ્ટ ડો.હર્ષ ચૌધરીનો રૂમમાંથી મૃતદેહ મળી આવતા અનેક તર્ક વિતર્ક સર્જાયા હતાં



ડો.હર્ષ ચૌધરી 8 મે ના રોજ એમની ડ્યુટી પર આવ્યા ન્હોતા.એટલે તેમની તપાસ કરીહતી.અન્ય ડોકટરોએ ડો.હર્ષનો ફોન પર સંપર્ક સાધવાનો પ્રયત્ન કર્યો હતો.

તેમનો સંપર્ક કરવાનો પ્રયાસ કર્યો હતો. તેઓના ફોન પર માત્ર રીંગજ વાગતી હતી અને તેઓ ફોઉપાડતાં ન હતાં.

તેઓ ફોન ઉપાડતાં ન હોવાના કારણે સ્ટાફના સભ્યો તેમના નિવાસે પહોંચ્યાં હતાં. રૂમ પર તપાસ કરી ત્યારે મૃતદેહ મળ્યો હતો. ડો.હર્ષ એમના બેડ પર બેભાન હાલતમાં મળી આવ્યા હતા. તુરંત ઈમરજન્સી વિભાગમાં લઈ જવાતા એમની તપાસ કરાતા તબીબોએ એમને મૃત જાહેર કર્યા હતા.

આ તબીબ રાજપીપળા સિવિલમાં 6 મહિનાથી અહીંયા કામ કરતા હતા.ડો.હર્ષ આઈ.વી ડ્રગ્સ લેતા હતા હોવાનું સુપ્રિટેન્ડેન્ટ એ ખુલાસો કર્યો છે.મૃત્યુનું સાચું કારણ તો પોસ્ટ મોર્ટમ રિપોર્ટ બાદ જ સામે આવશે.

આ બાબતે પોલીસ તપાસ કરી રહી છે.તાવની બીમારી માટે આઈ.વી. ડ્રગ્સલેતાં હતાં રાજપીપળાની સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતાં હતાં. સાતમીતારીખે તેમણે ઓપરેશન વિભાગમાં તેમની ફરજ બજાવી હતી. ફરજ દરમિયાન તેમની તબિયત સારી હતી. તેમને તાવ અને અશકિત રહેતીહોવાની ફરિયાદ સ્ટાફના અન્ય તબીબોને કરી હતી. આ બિમારી માટેતેઓ આઈવી ડ્રગ્સ લેતાં હતાં. આઈ.વી ડ્રગ્સના બદલે અન્ય કોઈ દવા લીધી હોય અથવા આઈ.વી. ડ્રગ્સના ઓવરડોઝના કારણે તેમનું મૃત્યુથયું હોવાની સંભાવના સિવિલ સર્જન ડૉ. મનીષ મહેતાએ વ્યક્ત કરી.

### બોલિવૂડમાં એક્ટર્સની ફીને લઈને ચર્ચા ચાલી રહી છે

# બોલિવૂડમાં હજુ પણ પુરુષોનું વર્ચસ્વ: અભિનેત્રી કૃતિ સેનન

મહિલા કલાકારો સરખી મહેનત કરે છે, છતાં પણ ફીમાં મોટો તફાવત



મુંબઇ

બોલિવૂડમાં એક્ટર્સની ફી અને વધતા પ્રોડક્શન કોસ્ટને લઈને લાંબા સમયથી ચર્ચા ચાલી રહી છે. હવે એક્ટ્રેસ અને પ્રોડ્યુસર કૃતિ સેનને પણ ઈન્ડસ્ટ્રીમાં મોજુદ જેન્ડર પે ગેપ અને પેટ્રિઆર્કી પર ખુલીને વાત કરી છે. તેમણે કહ્યું કે આજે પણ ફિલ્મોમાં બજેટ ઓછું પડે ત્યારે સૌથી પહેલા એક્ટ્રેસની ફી ઓછી કરવામાં આવે છે, જ્યારે મેલ સ્ટાર્સની ફી પર વધુ અસર થતી નથી. કૃતિએ GQ India સાથેની વાતચીતમાં કહ્યું કે બોલિવૂડમાં પેટ્રિઆર્કી હજુ પણ ઊંડાણપૂર્વક મોજુદ છે. તેમના મતે, ફીમેલ-લીડ ફિલ્મોને લઈને મેકર્સ આજે પણ રિસ્ક લેવાથી ડરે છે, કારણ કે તેમને લાગે છે કે આવી ફિલ્મો મેલ-લીડ ફિલ્મો જેટલો બિઝનેસ કરી શકશે નહીં. કૃતિએ સવાલ ઉઠાવ્યો કે જ્યારે બંને કલાકારો સરખી મહેનત કરે છે તો ફીમાં આટલો મોટો ફરક કેમ હોય છે.

અભિનેત્રીએ એ પણ જણાવ્યું કે ઘણીવાર ફિલ્મનું બજેટ નિયંત્રિત કરવાના નામે અભિનેત્રીઓને ફી ઓછી કરવાનું કહેવામાં આવે છે. જ્યારે મોટા પુરુષ સ્ટાર્સની ફી અને તેમની માંગણીઓ પર ઓછા સવાલો ઉઠે છે. ઈન્ડસ્ટ્રીમાં વધતી સ્ટાર ફી અને એન્ટુરાજ કોસ્ટને લઈને પહેલા પણ ઘણા ફિલ્મમેકરો ચિંતા વ્યક્ત કરી ચૂક્યા છે. કૃતિએ પહેલા પણ કહ્યું હતું કે સ્ટાર્સ સાથે ચાલતા લોકો અને બીજી બિનજરૂરી વસ્તુઓ પર ઘણો ખર્ચ થાય છે, જ્યારે ધ્યાન ફિલ્મની વાર્તા પર હોવું જોઈએ. તેમણે કહ્યું હતું કે કોઈ પાત્રની જરૂરિયાત મુજબનો ખર્ચ સમજાય છે, પરંતુ ઘણીવાર લક્ઝરી અને બિનજરૂરી ખર્ચ પણ પ્રોડ્યુસર્સ પર નાખી દેવામાં આવે છે. તેમણે મજાકિયા અંદાજમાં કહ્યું હતું કે એક સ્ટાર માટે બે કૂક અને એક શેફ રાખવા જરૂરિયાત કરતાં વધારે છે. હવે પ્રોડ્યુસર બન્યા પછી કૃતિ ઈન્ડસ્ટ્રીના આર્થિક દબાણને વધુ નજીકથી સમજી રહી છે. તેમનું કહેવું છે કે તેઓ એવી ફિલ્મો બનાવવા માંગે છે જ્યાં કન્ટેન્ટ અને ટેલેન્ટને પ્રાધાન્ય મળે, ન કે માત્ર સ્ટાર સિસ્ટમને. સોશિયલ મીડિયા પર પણ કૃતિના નિવેદનને લઈને ચર્ચા છંછેડાઈ છે.

# 'દ્રશ્યમ-3'નું સસ્પેન્સથી ભરપૂર ટ્રેલર થયું રિલીઝ, ઈમોશન્સ સાથે રમત

### એક્ટર મોહનલાલ સાથે ફિલ્મમાં મીના, અંસિબા હસન અને એસ્થર અનિલ જોવા મળશે

મુંબઇ

મોહનલાલની ફિલ્મ 'દ્રશ્યમ 3'નું ટ્રેલર રિલીઝ કરવામાં આવ્યું છે. જીતુ જોસેફ દ્વારા દિગ્દર્શિત આ રસપ્રદ સ્ટોરીનો ત્રીજો ભાગ અગાઉના બે પાર્ટ જેટલો જ રોમાંચક અને ઈમોશનલ છે. વર્ષ 2013માં 'દ્રશ્યમ' અને 2021માં 'દ્રશ્યમ 2' રિલીઝ થયું હતું. આ બ્લોકબસ્ટર ફ્રેન્ચાઈઝે ભારતની સૌથી પ્રિય થ્રિલર કેટેગરીમાં આગવું સ્થાન મેળવ્યું છે. હવે 'દ્રશ્યમ 3'નું ટ્રેલર રિલીઝ થયું છે, ત્યારે ફિલ્મ પ્રત્યે ચાહકોમાં એક્સાઈટમેન્ટ વધ્યું છે. 'દ્રશ્યમ 3'ના ટ્રેલરમાં શાનદાર વિઝ્યુઅલ, જોરદાર બેકગ્રાઉન્ડ મ્યુઝિક જોવા મળે છે, જે ફિલ્મની વાર્તાને લઈને સસ્પેન્સ વધારે છે. હાઈ-ઓક્ટેન એક્શન, ઈમોશનલ ડાયલોગ અને રહસ્યમય ઘટનાઓ ફિલ્મને વધુ રોમાંચક બનાવે છે. ટ્રેલરમાં અનેક જબરદસ્ત સીન અને એક્શન જોવા મળે છે. એક્ટર મોહનલાલ સાથે ફિલ્મમાં મીના, અંસિબા હસન અને એસ્થર અનિલ જોવા મળશે.




જ્યારે સપોર્ટિંગ કાસ્ટમાં સિદ્ધીકી, આશા શરથ અને મુરલી ગોપીનો સમાવેશ થાય છે. આ ફિલ્મ આગામી 21 મે, 2026ના રોજ દુનિયાભરના સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. આ ફિલ્મ વર્ષની મોસ્ટ અવેઈટેડ મલયાલમ ફિલ્મમાંથી એક છે, આ ફિલ્મને એન્ટની પેરુમ્બાવુર દ્વારા આશીર્વાદ સિનેમાઝ, પેન સ્ટુડિયોઝ અને પેનોરમા સ્ટુડિયોઝના બેનર હેઠળ પ્રોડ્યુસ કરવામાં આવ્યું છે. આ ફિલ્મને CBFC તરફથી U/A 13+ સર્ટિફિકેટ મળ્યું છે. ફિલ્મનું મ્યુઝિક અનિલ જોનસન દ્વારા કંપોઝ કરવામાં આવ્યું છે.

# રાગિણી 3 હોરર ફિલ્મમાં તમન્ના અને જુનૈદ જોડી જમાવશે

### તમન્ના ભાટિયાની આગામી ફિલ્મ વનની પણ ઉત્સુકતાથી રાહ જોવાઇ રહી છે

મુંબઇ

ખૂબસુરત અને વીરે દી વેડિંગ ફિલ્મથી જાણીતાં બનેલા નિર્દેશક શશાંક ઘોષને રાગિણી 3 હોરર ફિલ્મના દિગ્દર્શક તરીકે પસંદ કરવામાં આવ્યા છે. બાલાજી મોશન પિક્ચર્સની આ ડેટ નાઈટ હોરર ફિલ્મમાં તમન્ના ભાટિયા અને જુનૈદખાનની જોડી જોવા મળશે. તમન્ના ભાટિયા છેલ્લે ઓડેલા 2માં જોવા મળી હતી. તમન્ના ભાટિયાની આગામી ફિલ્મ વનની પણ ઉત્સુકતાથી રાહ જોવાઈ રહી છે. આ ફિલ્મમાં તમન્નાનો હીરો સિદ્ધાર્થ મલ્હોત્રા છે. અરૂણાભ કુમાર દ્વારા લિખિત અને દિપક મિશ્રા દ્વારા નિર્દેશિત આ ફિલ્મનું નિર્માણ શોભા કપૂર અને એક્તા કપૂર દ્વારા કરવામાં આવી રહ્યું છે. વન પણ આ વર્ષે જ રિલિઝ કરવાનું આયોજન છે. આમ આ વર્ષે એક્તા કપૂરની બે ફિલ્મોમાં તમન્ના ભાટિયા હિરોઇન તરીકે જોવા મળશે. કહેવાઈ રહ્યુ છે કે Variety India ના એક રિપોર્ટ મુજબ, સલમાન ખાનના બનેવી આયુષ શર્માને ફિલ્મ રાગિનીમાં એક મહત્વની ભૂમિકા માટે કાસ્ટ કરવામાં આવ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ફિલ્મમાં તમન્ના ભાટિયા, આયુષ અને જુનૈદ બંને સાથે રોમેન્ટિક સીન કરશે. તો બીજી તરફ, નરગિસ ફાખરી એક પોલીસ અધિકારીની ભૂમિકા ભજવતી જોવા મળશે. રાગિની 3 હોરર-ઈરોટિક ફોર્મેટથી અલગ હશે. આ નવી ફિલ્મને એક હાઈ-કોન્સેપ્ટ સુપરનેચરલ થ્રિલર તરીકે રજૂ કરવામાં આવી રહી છે, જેમાં સસ્પેન્સ, કોમેડી અને સુપરનેચરલ એલિમેન્ટ્સ પર વધુ ફોકસ રહેશે. સમાચારો મુજબ, મેકર્સનો હેતુ દર્શકો માટે એક ડેટ નાઈટ હોરર એક્સપિરિયન્સ તૈયાર કરવાનો છે. ફિલ્મ અત્યારે પ્રી-પ્રોડક્શન સ્ટેજમાં છે અને જુલાઈ 2026 માં તેનું શૂટિંગ શરૂ થવાની આશા છે. ભૂત બંગલાથી ખૂબ પૈસા કમાયા બાદ હવે એકતા કપૂર હોરર થ્રિલર ફ્રેન્ચાઈઝી રાગિનીનો ત્રીજો ભાગ લાવી રહી છે. રાગિની 3ને લઈને લાંબા સમયથી ચર્ચા થઈ રહી છે અને તેના પર નવા-નવા અપડેટ્સ સામે આવી રહ્યા છે. સતત તેની કાસ્ટિંગમાં પણ ફેરફાર થઈ રહ્યા છે.



# દિલજીત દોસાંઝ રાજકારણમાં જોડાશે? સોશિયલ મીડિયા પર વાયરલ અટકળો

### દિલજીતે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, "ક્યારેય નહીં. મારું કામ માત્ર લોકોનું મનોરંજન કરવાનું છે. હું મારા વર્તમાન ક્ષેત્રમાં ખૂબ જ ખુશ છું."

મુંબઇ

ભારતીય ફિલ્મ ઉદ્યોગ અને રાજકારણનો જૂનો સંબંધ રહ્યો છે. દાયકાઓથી શત્રુઘ્ન સિંહા, ગોવિંદા, રાજેશ ખન્ના અને મિથુન ચક્રવર્તી જેવા દિગ્ગજ કલાકારોએ રૂપેરી પડદે સફળતા મેળવ્યા બાદ રાજકીય મેદાનમાં ઝંપલાવ્યું છે. તાજેતરના વર્ષોમાં રવિ કિશન, મનોજ તિવારી અને પવન સિંહ જેવા ભોજપુરી સ્ટાર્સે પણ આ પરંપરા જાળવી રાખી છે. દક્ષિણ ભારતમાં તો અનેક કલાકારો મુખ્યમંત્રી પદ સુધી પહોંચ્યા છે. આ દરમિયાન લાંબા સમયથી પંજાબી સુપરસ્ટાર દિલજીત દોસાંઝ પણ રાજકારણમાં પ્રવેશ કરશે તેવી ચર્ચાઓએ જોર પકડ્યું હતું, પરંતુ હવે ખુદ દિલજીતે આ તમામ અટકળો પર પૂર્ણવિરામ મૂકી દીધું છે. 'મારું કામ મનોરંજન કરવાનું છે' : દિલજીત સોશિયલ મીડિયા પર એક પોસ્ટ ઝડપથી વાયરલ થઈ રહી હતી, જેમાં દિલજીત દોસાંઝને પંજાબના આગામી રાજકીય આઈકોન તરીકે રજૂ કરવામાં આવ્યા હતા. આ પોસ્ટ નજરે પડતા જ દિલજીતે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, "ક્યારેય નહીં. મારું કામ માત્ર લોકોનું મનોરંજન કરવાનું છે. હું મારા વર્તમાન ક્ષેત્રમાં ખૂબ જ ખુશ છું." દિલજીતના આ સ્પષ્ટ ઈનકાર પછી ચાહકોમાં ખુશીની લહેર જોવા મળી રહી છે. સોશિયલ મીડિયા યુઝર્સ આ નિર્ણયને આવકારી રહ્યા છે અને કહી રહ્યા છે કે મનોરંજનની દુનિયામાં જ દિલજીત શ્રેષ્ઠ છે. રાજકારણની વાતોને બાજુ પર મૂકીને દિલજીત હાલમાં પોતાના ફિલ્મી પ્રોજેક્ટ્સમાં વ્યસ્ત છે. તેમની છેલ્લી ફિલ્મ 'બોર્ડર 2' એ બોક્સ ઓફિસ પર ધૂમ મચાવી હતી. હવે ચાહકો તેમની આગામી ફિલ્મ 'મૈં વાપસ આઉંગા' ની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે, જેમાં તેઓ ફરી એકવાર જાણીતા દિગ્દર્શક ઈમ્તિયાઝ અલી સાથે કામ કરી રહ્યા છે. 'અમર સિંહ ચમકીલા'ની જબરદસ્ત સફળતા બાદ આ જોડી ફરીથી શું નવું લાવશે તે જોવું રસપ્રદ રહેશે. આગામી ફિલ્મ 'મૈં વાપસ આઉંગા' 12 જૂન, 2026 ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થવાની તૈયારીમાં છે. આ ફિલ્મની સ્ટાર કાસ્ટ પણ આકર્ષણનું કેન્દ્ર છે, કારણ કે તેમાં નસીરુદ્દીન શાહ જેવા અનુભવી કલાકારોની સાથે વેદાંગ નારંગ અને શર્વરી વાઘ જેવા ઉભરતા સ્ટાર્સ પણ જોવા મળશે.





# પરફેક્ટ પતિ પર શંકા થશે: સારા

### 'પતિ પત્ની ઔર વો 2' સ્ટાર્સે રિલેશનશિપ ટિપ્સ આપી, વામિકા-રકુલે સંબંધોના સાચા ગ્રીન ફ્લેગ્સ જણાવ્યા

મુંબઇ | તા.06

ફિલ્મ 'પતિ પત્ની ઔર વો 2' માં આયુષ્માન ખુરાના એક એવા પતિ પ્રજાપતિ પાંડેના પાત્રમાં જોવા મળશે, જેને ખૂબ જ સમજદાર, ભરોસાપાત્ર અને પરિવારને મહત્વ આપનાર દર્શાવવામાં આવ્યો છે. વાતચીત દરમિયાન ત્રણેય અભિનેત્રીઓએ લોયલ પાર્ટનર, સંબંધોમાં વિશ્વાસ, રેડ ફ્લેગ-ગ્રીન ફ્લેગ, રિલેશનશિપ સલાહ અને પોતાની અંગત વિચારસરણી સાથે જોડાયેલા ઘણા રસપ્રદ જવાબો આપ્યા. સાથે જ તેમણે જણાવ્યું કે તણાવભરી જિંદગીમાં પોતાને શાંત કેવી રીતે રાખે છે અને શા માટે ફેમિલી એન્ટરટેઈનર ફિલ્મો હંમેશા લોકોના દિલની નજીક રહે છે. સારા અલી ખાનએ જણાવ્યુ મારા માટે જૂઠું બોલવું સૌથી મોટો રેડ ફ્લેગ છે. જ્યારે એવી વ્યક્તિ જે તમને ખુશ રાખી શકે અને હસાવી શકે, તે સૌથી મોટો ગ્રીન ફ્લેગ છે. બીજી તરફ રકુલ પ્રીત સિંહ: જે વ્યક્તિ તમારી સફળતાથી ખુશ હોય અને દરેક પગલે તમારો સપોર્ટ સિસ્ટમ બને, તે જ સૌથી સારો પાર્ટનર હોય છે. ફિલ્મમાં પ્રજાપતિ પાંડેને ખૂબ જ ઈમાનદાર અને સારો માણસ બતાવવામાં આવ્યો છે. જો વાસ્તવિક જીવનમાં આવો કોઈ મળ્યો, તો કદાચ હું પહેલા એ જ વિચારીશ કે આટલો પરફેક્ટ માણસ ખરેખર હોઈ શકે છે કે નહીં. ઘણીવાર આવું ત્યારે થાય છે જ્યારે તમે કોઈને શોધવાનું છોડી દો છો. પછી અચાનક કોઈ એવી વ્યક્તિ મળી જાય છે જેની સાથે બધું કુદરતી રીતે જોડાવા લાગે છે.

વામિકા ગબ્બીએ કહ્યુ મારા મતે, ખુલ્લીને વાતચીત કરવી સૌથી જરૂરી છે. જો કોઈ વાતને લઈને મનમાં પરેશાની હોય, તો સામેવાળા સાથે ઈમાનદારીથી વાત કરવી જોઈએ. આવી ફિલ્મો લોકોને હસવાનો અને પરિવાર સાથે સારો સમય વિતાવવાનો મોકો આપે છે. આ જ તેમની સૌથી મોટી ખાસિયત. આ એક એવી ફિલ્મ છે જેને આખો પરિવાર ખચકાટ વિના સાથે બેસીને જોઈ શકે છે. દરેક ઉંમરના લોકો તેને માણશે. આજકાલ જીવનમાં તણાવ ખૂબ છે. આવા સમયે જો કોઈ ફિલ્મ તમને થોડીવાર હસવામાં અને હળવાશ અનુભવવામાં મદદ કરે, તો તેને ચોક્કસ જોવી જોઈએ. વામિકા ગબ્બીએ આગળ વાત કરતા જણાવ્યુ કે આ તો ખૂબ જ અંગત વાત હશે, તેથી વધારે નહીં કહું. પરંતુ જો કોઈ વ્યક્તિ ખરેખર એટલો સાચો અને ભરોસાપાત્ર હોય, તો તેની સાથે જીવન આરામથી વિતાવી શકાય છે. જે વ્યક્તિ પ્રાણીઓ કે કોઈપણ જીવંત વસ્તુ પ્રત્યે સંવેદનશીલ નથી, તે મારા માટે રેડ ફ્લેગ છે. જ્યારે જે પ્રેમ અને સન્માન આપવાનું જાણે છે, તે ગ્રીન ફ્લેગ છે.

# લોરેન્સ ગેંગના નામે એલ્વિશ યાદવને ધમકી, સોશિયલ મીડિયા પર ગરમાયો મામલો, ફેન્સ થયા નારાજ

મુંબઇ

સોશિયલ મીડિયા ઈન્ફ્લુએન્સર અને 'બિગ બોસ OTT 2'ના વિજેતા એલ્વિશ યાદવ ફરી એકવાર ચર્ચામાં આવ્યા છે. આ વખતે મામલો સીધો જાનથી મારી નાખવાની ધમકી અને કરોડોની ખંડણી સાથે જોડાયેલો છે. એલ્વિશ યાદવે ગુરુગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે અજાણ્યા વ્યક્તિઓએ તેમને 10 કરોડ રૂપિયાની ખંડણી માગી છે અને પૈસા નહીં આપ્યા તો તેમને તથા તેમના પિતાને ગોળી મારી દેવાની ધમકી આપી છે. વિદેશી નંબર પરથી આવ્યો ધમકીભર્યો મેસેજ માહિતી મુજબ એલ્વિશ યાદવે પોલીસને જણાવ્યું કે 5 મે 2026ના રોજ તેમના વોટ્સએપ પર એક અજાણ્યા વિદેશી નંબર પરથી કોલ આવ્યો હતો. એલ્વિશે કોલ રિસીવ કર્યો નહોતો, પરંતુ થોડા સમય બાદ તે જ નંબર પરથી તેમને મેસેજ મળ્યો હતો. મેસેજ મોકલનાર વ્યક્તિએ પોતાને ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈનો નજીકનો માણસ હોવાનું જણાવ્યું હતું. મેસેજમાં એલ્વિશ પાસે 10 કરોડ રૂપિયાની માંગ કરવામાં આવી હતી અને માત્ર બે દિવસની મોહલત આપવામાં આવી હતી. સાથે જ પૈસા નહીં આપ્યા તો એલ્વિશ અને તેમના પિતાને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ગુરુગ્રામ પોલીસે નોંધ્યો ગુનો ધમકી મળ્યા બાદ એલ્વિશ યાદવે તરત જ ગુરુગ્રામના સેક્ટર-56 પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે ભારતીય ન્યાય સંહિતાની કલમ 308(2) અને 351(2) હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. પોલીસ હવે તે વોટ્સએપ નંબરની ટેક્નિકલ વિગતો તપાસી રહી છે. સાથે જ કોલ અને મેસેજ કયા સ્થળેથી કરવામાં આવ્યા હતા તેની માહિતી એકત્રિત કરવામાં આવી રહી છે. પ્રાથમિક તપાસમાં આ મામલો ગેંગસ્ટર નેટવર્ક સાથે જોડાયેલો હોઈ શકે તેવી આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. અગાઉ પણ થઈ ચૂક્યું છે ફાયરિંગ આ પહેલીવાર નથી જ્યારે એલ્વિશ યાદવનું નામ આવી ગંભીર ઘટનામાં સામે આવ્યું હોય. અગાઉ ઓગસ્ટ 2025માં તેમના ઘરની બહાર બાઈક પર આવેલા કેટલાક શખ્સોએ ફાયરિંગ કર્યું હતું.



પાક્કો ગુજરાત

સોમવાર I 11 મે 2026 I અમદાવાદ

### 'ગુજ્જુ બોય' ઉર્વિલની IPLની ફાસ્ટેસ્ટ ફિફ્ટી ફટકારી

# લખનઉ પ્લેઓફની રેસમાંથી બહાર:ચેન્નઈએ જીતની હેટ્રિક લગાવી

નવી દિલ્હી

લખનઉ સુપર જાયન્ટ્સ IPLમાં પ્લેઓફની રેસમાંથી બહાર ફેંકાઈ ગઈ છે. રવિવારની પ્રથમ મેચમાં ચેન્નાઈ સુપર કિંગ્સે તેને 5 વિકેટથી હરાવ્યું હતું. આ હાર બાદ ઋષભ પંતની ટીમ બાકીની મેચો જીતીને પણ માત્ર 12 પોઈન્ટ સુધી જ પહોંચી શકે તેમ છે, જે પ્લેઓફ માટે પૂરતા નથી. ચેપોક સ્ટેડિયમમાં ચેન્નઈના કેપ્ટન ઋતુરાજ ગાયકવાડે ટોસ જીતીને બોલિંગ પસંદ કરી હતી. લખનઉએ 20 ઓવરમાં 8 વિકેટના નુકસાને 203 રન બનાવ્યા હતા. ચેન્નઈએ 204 રનનો ટાર્ગેટ 19.2 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને હાંસલ કરી લીધો હતો. છેલ્લી ઓવરમાં શિવમ દુબેએ એડન માર્કરામના બોલ પર સતત બે છગ્ગા ફટકારીને ટીમને જીત અપાવી હતી. ઉર્વિલે સૌથી ઝડપી ફિફ્ટીના રેકોર્ડની બરાબરી કરી ઉર્વિલ પટેલે 13 બોલમાં ફિફ્ટી પૂરી કરી હતી. તેણે રાજસ્થાનના યશસ્વી જાયસ્વાલના સૌથી ઝડપી ફિફ્ટીના રેકોર્ડની બરાબરી કરી લીધી છે. જોશ ઇંગ્લિસે 85 રન કર્યા હતા. તેણે 33 બોલની ઈનિંગમાં 10



ચોગ્ગા અને 6 છગ્ગા ફટકાર્યા હતા. અંતમાં શહબાઝ અહમદે અણનમ 43 રન બનાવ્યા હતા. ચેન્નઈ તરફથી જેમી ઓવરટને 3 વિકેટ ઝડપી હતી. અંશુલ કંબોજને 2 વિકેટ મળી હતી, જ્યારે એક વિકેટ નૂર અહમદને મળી હતી. પહેલા બોલ પર વીરે સ્કૂપ શોટ રમવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ બોલ બેટના નીચેના ભાગમાં લાગીને શોર્ટ ફાઈન લેગ તરફ ગયો હતો. ત્યાં રાઠી સરળ કેચ પકડી શક્યો ન હતો. તેના પછીના જ બોલ પર વીરે મોટો શોટ રમ્યો હતો. બોલ ડીપ મિડવિકેટ તરફ ગયો, જ્યાં નિકોલસ પૂરન દોડતો પહોંચ્યો હતો, પરંતુ ડાઈવ લગાવવા છતાં તે કેચ પકડી શક્યો નહીં. ચેન્નઈ સુપર કિંગ્સ: ઋતુરાજ ગાયકવાડ (કેપ્ટન), સંજુ સેમસન (વિકેટકીપર), ઉર્વિલ પટેલ, કાર્તિક શર્મા, ડેવાલ્ડ બ્રેવિસ, શિવમ દુબે, જેમી ઓવરટન, અકીલ હુસૈન, નૂર અહમદ, અંશુલ કંબોજ અને મુકેશ ચૌધરી. ઈમ્પેક્ટ પ્લેયર્સ: ગુર્જપનીત સિંહ, પ્રશાંત વીર, મેથ્યુ શોર્ટ, સરફરાઝ ખાન અને આકાશ મધવાલ. લખનઉ સુપર જાયન્ટ્સ: મિચેલ માર્શ, જોસ ઇંગ્લિસ, નિકોલસ પૂરન, ઋષભ પંત (કેપ્ટન અને વિકેટકીપર), એઈડન માર્કરામ, અક્ષત રઘુવંશી, હિંમત સિંહ, શહબાઝ અહમદ, મોહમ્મદ શમી, પ્રિન્સ યાદવ અને દિગ્વેશ રાઠી.

## લખનઉએ બેંગલુરુને ટેબલ-ટોપર બનતા રોક્યું

મુંબઈ

IPL પોઈન્ટ્સ ટેબલમાં 10મા નંબરની ટીમ લખનઉ સુપર જાયન્ટ્સે ગુરુવારે ડિફેન્ડિંગ ચેમ્પિયન રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને ટેબલ ટોપર બનતા રોકી. બેંગલુરુની ટીમ હજુ પણ ત્રીજા સ્થાને છે. ઈકાના ક્રિકેટ સ્ટેડિયમમાં લખનઉએ બેંગલુરુને 9 રનના નજીવા અંતરથી હરાવ્યું. આ મેચ પછી સિઝનના પોઈન્ટ્સ ટેબલમાં કોઈ ફેરફાર થયો નથી. આજે કેએલ રાહુલ પાસે ઓરેન્જ કેપ મેળવવાની તક છે. બેંગલુરુની ટીમ પાસે 10 મેચમાં 12 પોઈન્ટ્સ છે. ટીમે 6 જીત મેળવી છે, જ્યારે 4 મેચ ગુમાવી છે. હાલમાં બેંગલુરુને પ્લેઓફમાં પહોંચવા માટે આગામી 4 માંથી ઓછામાં ઓછી 2 મેચ જીતવી પડશે. બીજી તરફ લખનઉ 10 માંથી માત્ર 3 મેચ જીતી શક્યું છે. ટીમ પાસે 6 પોઈન્ટ છે. લખનઉ હાલમાં પોઈન્ટ્સ ટેબલમાં સૌથી નીચે 10મા નંબર પર છે. ટીમ આગામી 4 મેચ જીતીને 14 પોઈન્ટ સુધી જ પહોંચી શકે છે. દિલ્હી કેપિટલ્સની આ સિઝનમાં હવે માત્ર 4 લીગ મેચ બાકી છે. પ્લેઓફની રેસમાં ટકી રહેવા માટે ટીમને લગભગ દરેક મેચ જીતવી પડશે. ટીમના 10 મેચ પછી 8 પોઈન્ટ્સ છે. આગામી મેચો સરળ નથી, કારણ કે બે મેચ કોલકાતા સામે છે. ધર્મશાળામાં પંજાબ કિંગ્સને હરાવવું પણ પડકારજનક રહેશે. આજે કોલકાતા સામે ઘરઆંગણે જીત ટીમને પ્લેઓફની રેસમાં ટકાવી રાખી શકે છે, પરંતુ હાર સ્થિતિ મુશ્કેલ બનાવી દેશે. કોલકાતા માટે છેલ્લી 5 મેચ મહત્વની કોલકાતા નાઈટ રાઈડર્સે અત્યાર સુધીમાં 9 મેચ રમી છે અને 5 બાકી છે. ટીમના 9 મેચમાં 7 પોઈન્ટ્સ છે. આવનારી મેચોમાં ટીમને દિલ્હી, બેંગલુરુ, ગુજરાત અને મુંબઈ જેવી મજબૂત ટીમોનો સામનો કરવો પડશે. પ્લેઓફની રેસમાં ટકી રહેવા માટે સતત સારું પ્રદર્શન કરવું જરૂરી રહેશે. કોલકાતા માટે સારી વાત એ છે કે છેલ્લી 3 મેચ ઘરઆંગણે રમાશે, જ્યાં ટીમને પરિસ્થિતિઓનો ફાયદો મળી શકે છે.

### પેટ કમિન્સ પર કરોડોનો વરસાદ

## ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં બળવો, 5 સીનિયર ખેલાડીઓએ કોન્ટ્રાક્ટ સાઈન કરવાની ના પાડી

મુંબઈ

ઓસ્ટ્રેલિયન ક્રિકેટમાં હાલમાં અંદરુની તણાવ ચરમસીમાએ છે. ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (CA) અને તેના દિગ્ગજ ખેલાડીઓ વચ્ચે સેન્ટ્રલ કોન્ટ્રાક્ટને લઈને મોટો વિવાદ ઊભો થયો છે. બિગ બેશ લીગ (BBL) ના આયોજન અને શેડ્યૂલની સમસ્યાઓ વચ્ચે હવે ખેલાડીઓના અસંતોષે બોર્ડની ચિંતામાં વધારો કર્યો છે. તાજેતરના અહેવાલો મુજબ, ઓસ્ટ્રેલિયાના 5 જેટલા સીનિયર ખેલાડીઓએ નવા નેશનલ કોન્ટ્રાક્ટ પર હસ્તાક્ષર કરવાનો ઈનકાર કરી દીધો છે. ખેલાડીઓ કોન્ટ્રાક્ટમાં મળતી રકમથી ખુશ નથી. તેમની મુખ્ય માંગ એ છે કે તેમને વિદેશી T20 લીગ (જેમ કે IPL, SA20, ILT20) માં રમવા માટે વધુ આઝાદી અને



સરળતાથી NOC (અનાપત્તિ પ્રમાણપત્ર) આપવામાં આવે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે કેપ્ટન પેટ કમિન્સને 3 વર્ષ માટે અંદાજે 12 મિલિયન ડોલરનો વિશાળ કોન્ટ્રાક્ટ ઓફર કરવામાં આવ્યો છે. કમિન્સને આટલી મોટી રકમની ઓફર મળતા અન્ય ખેલાડીઓમાં નારાજગી વધી છે. તેમનું માનવું છે કે ફ્રેન્ચાઈઝી ક્રિકેટની સરખામણીએ તેમના નેશનલ કોન્ટ્રાક્ટનો પગાર હવે ઘણો ઓછો છે. ગયા વર્ષે ઓક્ટોબરમાં BBL ના 12 મુખ્ય ખેલાડીઓએ એક વોટ્સએપ ગ્રુપ બનાવીને પગારની અસમાનતા પર ચર્ચા કરી હતી. ખેલાડીઓની ફરિયાદ છે કે વિદેશી ખેલાડીઓને ઘણીવાર સ્થાનિક ઓસ્ટ્રેલિયન ખેલાડીઓ કરતા વધુ પૈસા આપવામાં આવે છે, જે અન્યાયી છે.

## સૂર્યવંશીનો વર્લ્ડ રેકોર્ડ, ટી20માં સૌથી ઝડપી 100 સિક્સર ફટકારનારો બેટ્સમેન

### વૈભવે માત્ર ઈનિંગ્સના મામલે જ નહીં પરંતુ બોલના હિસાબે પણ રેકોર્ડ તોડ્યો છે

મુંબઈ

ભારતીય ક્રિકેટના ઉભરતા સિતારા વૈભવ સૂર્યવંશીએ ટી20 ક્રિકેટમાં એક એવી સિદ્ધિ હાંસલ કરી છે જેણે વિશ્વના દિગ્ગજ બેટ્સમેનોને પાછળ છોડી દીધા છે. વૈભવ ટી20 ક્રિકેટના ઈતિહાસમાં સૌથી ઝડપી અને સૌથી નાની ઉંમરે 100 સિક્સર પૂરી કરનાર ખેલાડી બની ગયો છે. આ ઐતિહાસિક સિદ્ધિ તેણે માત્ર 29 ઈનિંગ્સમાં મેળવી છે.

બોલના હિસાબે પણ મોટો રેકોર્ડ વૈભવે માત્ર ઈનિંગ્સના મામલે જ નહીં પરંતુ બોલના હિસાબે પણ રેકોર્ડ તોડ્યો છે. તેણે માત્ર 514 બોલમાં પોતાની 100 ટી20 સિક્સર પૂર્ણ કરી છે. અગાઉ કોઈ પણ બેટ્સમેન આટલા ઓછા બોલમાં આ આંકડા સુધી પહોંચી શક્યો નથી. પાવરપ્લેમાં રચ્યો ઈતિહાસ આઈપીએલ 2026માં વૈભવ સૂર્યવંશી પાવરપ્લેમાં સૌથી ખતરનાક બેટ્સમેન



સાબિત થયો છે. તેણે આ સીઝનમાં પાવરપ્લેમાં કુલ 30 સિક્સર ફટકારી છે, જે આઈપીએલની કોઈ પણ એક સીઝનનો સર્વોચ્ચ રેકોર્ડ છે. આ મામલે તેણે અભિષેક શર્માનો (2024માં 29 સિક્સર) રેકોર્ડ તોડી નાખ્યો છે.

ચાલુ સીઝનમાં અત્યાર સુધી વૈભવના બેટથી કુલ 40 સિક્સર નીકળી છે. ગુજરાત ટાઈટન્સ સામેની મેચમાં વૈભવે મોહમ્મદ સિરાજની પહેલી જ બોલ પર લોન્ગ-ઓન ઉપર શાનદાર સિક્સર ફટકારી પોતાના ઈરાદા સ્પષ્ટ કર્યા હતા.

રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા વૈભવે 11 ઈનિંગ્સમાં 40.00ની સરેરાશ અને 236.55ના સ્ટ્રાઈક રેટ થી 440 રન બનાવ્યા છે, જેમાં 1 સદી અને 2 અર્ધસદીનો સમાવેશ થાય છે. જોકે, આ મેચમાં ગુજરાત ટાઈટન્સે પ્રથમ બેટિંગ કરતા શુભમન ગિલના 84 અને સાઈ સુદર્શનના 55 રનની મદદથી 229 રન બનાવ્યા હતા. જેના જવાબમાં રાજસ્થાનની ટીમ 152 રનમાં સમેટાઈ ગઈ હતી અને 77 રનથી હારનો સામનો કરવો પડ્યો હતો. પરંતુ હાર છતાં વૈભવની બેટિંગે સમગ્ર ક્રિકેટ જગતનું ધ્યાન ખેંચ્યું છે. 30*- વૈભવ સૂર્યવંશી (2026) 29- અભિષેક શર્મા (2024) 27*- અભિષેક શર્મા (2026) 22- સનથ જયસૂર્યા (2008) 22- ટ્રેવિસ હેડ (2024) 22- યશસ્વી જાયસ્વાલ (2025) IPL સીઝનમાં સર્વાધિક છક્કા લગાવનાર ભારતીય 42- અભિષેક શર્મા (2024) 40*- વૈભવ સૂર્યવંશી (2026) 39- શ્રેયસ અય્યર (2025) 38- વિરાટ કોહલી (2016) 38- વિરાટ કોહલી (2024) 38- સૂર્યકુમાર યાદવ (2025) 37- ઋષભ પંત (2018).




### SBI ટોપ લૂઝર રહી, વેલ્યુ 44 હજાર કરોડ ઘટી

## ટોપ-10-કંપનીઓમાંથી 4ની વેલ્યુ ₹1 લાખ કરોડ ઘટી

મુંબઈ

માર્કેટ કેપની દ્રષ્ટિએ દેશની 10 સૌથી મોટી કંપનીઓમાંથી 4 કંપનીઓની વેલ્યુ છેલ્લા અઠવાડિયાના કારોબારમાં 1 લાખ કરોડ રૂપિયા ઘટી ગઈ. આ સમયગાળા દરમિયાન SBIની માર્કેટ વેલ્યુ સૌથી વધુ ઘટી છે.

SBIની માર્કેટ વેલ્યુ 44,722 કરોડ ઘટીને 9.41 લાખ કરોડ પર આવી ગઈ. આ ઉપરાંત એરટેલ, TCS અને લાર્સન એન્ડ ટુબ્રોની માર્કેટ વેલ્યુ પણ ઘટી છે. જ્યારે રિલાયન્સ, HDFC બેંક, ICICI બેંક, બજાજ ફાઈનાન્સ, HUL અને LICની માર્કેટ વેલ્યુ વધી. છેલ્લા અઠવાડિયાના કારોબારમાં આ તમામ 6 કંપનીઓનું માર્કેટ કેપ કુલ 46,685 કરોડ રૂપિયા વધ્યું. ગયા અઠવાડિયે સેન્સેક્સ 414.69 (0.53%) પોઈન્ટ



અને નિફ્ટી 178.6 (0.74%) પોઈન્ટ વધ્યા હતા. જ્યારે, ગયા અઠવાડિયાના છેલ્લા ટ્રેડિંગ દિવસે એટલે કે શુક્રવારે સેન્સેક્સ 516 પોઈન્ટના ઘટાડા સાથે 77,328 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 150 પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો, તે 24,176 પર આવી ગયો. માર્કેટ કેપ એ કોઈપણ કંપનીના કુલ આઉટસ્ટેન્ડિંગ શેર એટલે કે હાલમાં તેના શેરધારકો પાસે રહેલા તમામ શેરનું મૂલ્ય છે. તેની ગણતરી કંપની દ્વારા જારી કરાયેલા શેરની કુલ સંખ્યાને તેમની કિંમત વડે ગુણીને કરવામાં આવે છે. કંપની પર અસર : મોટું માર્કેટ કેપ કંપનીને બજારમાંથી ભંડોળ એકત્ર કરવામાં, લોન લેવામાં અથવા અન્ય કંપનીઓ હસ્તગત કરવામાં મદદ કરે છે. જ્યારે, નાના અથવા ઓછા માર્કેટ કેપથી કંપનીની નાણાકીય નિર્ણય લેવાની ક્ષમતા ઘટી જાય છે. રોકાણકારો પર અસર : માર્કેટ કેપ વધવાથી રોકાણકારોને સીધો ફાયદો થાય છે. કારણ કે તેમના શેરની કિંમત વધી જાય છે. તે જ સમયે, ઘટાડાથી નુકસાન થઈ શકે છે, જેના કારણે રોકાણકારો શેર વેચવાનો નિર્ણય લઈ શકે છે. ઉદાહરણ: જો TCSનું માર્કેટ કેપ 12.43 લાખ કરોડ વધે છે, તો રોકાણકારોની સંપત્તિ વધશે, અને કંપનીને ભવિષ્યમાં રોકાણ માટે વધુ મૂડી મળી શકે છે.

### શેરધારકોને લાંબા વેઈટિંગ પીરિયડમાંથી મળશે છુટકારો

## કંપનીઓને બાયબેકની પ્રક્રિયા હવે 66 દિવસમાં પૂર્ણ કરવા સેબીનો પ્રસ્તાવ

મુંબઈ

બજાર નિયમનકાર સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાએ શેર બાયબેક પ્રક્રિયાને વધુ મજબૂત બનાવવા માટે વધારાના પ્રસ્તાવો રજૂ કર્યા છે. નિયમનકારે પ્રાઈમરી માર્કેટ એડવાઈઝરી કમિટી સાથે ચર્ચા અને આંતરિક ચર્ચા-વિચારણા બાદ બાયબેક પ્રક્રિયા સરળ અને ઝડપી કરવા અનેક પ્રસ્તાવો મુક્યાં છે. એપ્રિલમાં સેબીએ ઓપન માર્કેટ દ્વારા સ્ટોક એક્સચેન્જ પર બાયબેક ફરી શરૂ કરવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. નવી દરખાસ્તોમાં હવે કંપનીઓને સ્ટોક એક્સચેન્જ દ્વારા ઓપન માર્કેટ બાયબેક કરવાની મંજૂરી આપવાની માંગ કરવામાં આવી છે, જેમાં મહત્તમ ૬૬ કાર્યકારી દિવસોનો સમયમર્યાદા હશે. નિયમનકારે એવું પણ સૂચન કર્યું છે કે બાયબેક ઓફર સમયગાળાના પહેલા ભાગમાં બાયબેક રકમનો ઓછામાં ઓછો ૪૦ ટકા ઉપયોગ થવો જોઈએ.

જોકે, પ્રાઈમરી માર્કેટ એડવાઈઝરી કમિટીએ બાયબેક પૂર્ણ કરવા માટે છ મહિનાની સમયમર્યાદા અને ૫૦ ટકા ફંડ યુટિલાઈઝેશનની ભલામણ કરી હતી.



સેબીએ જણાવ્યું કે ફાઈનાન્સ એક્ટ ૨૦૨૬ હેઠળ કંપનીઓ માટે બે બાયબેક ઓફર વચ્ચેના અંતરાલને નિયંત્રિત કરતા નિયમોમાં ફેરફારો કરવામાં આવી રહ્યા છે, જેના કારણે સંતુલિત સિસ્ટમની જરૂર હોવાથી ૬૬ દિવસ આપવામાં આવશે.

સેબીના મતે, જો બાયબેક પ્રક્રિયા છ મહિનાથી વધુ લંબાય છે, તો બજારની બદલાતી પરિસ્થિતિઓમાં તેનું મહત્વ ઘટી શકે છે. વધુમાં, લાંબી પ્રક્રિયા શેરધારકો માટે ટ્રેકિંગ મુશ્કેલ બનાવી શકે છે.

વધુમાં, સેબીએ બે બાયબેક ઓફર વચ્ચેના અંતરાલને કંપની એક્ટ ૨૦૧૩ની જોગવાઈઓ સાથે સંરેખિત કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. સેબીએ મર્ચન્ટ બેંકરની નિમણૂકને વૈકલ્પિક બનાવવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. હાલમાં મર્ચન્ટ બેંકરો દ્વારા સંભાળવામાં આવતી જવાબદારીઓ કંપની, સ્ટોક એક્સચેન્જ અને સેક્રેટરિયલ ઓડિટર્સ વચ્ચે વહેંચી શકાય છે.

દરખાસ્ત અનુસાર, બાયબેક સમયગાળા દરમિયાન કંપનીના પ્રમોટર્સ અને તેમના સહયોગીઓ દ્વારા રાખવામાં આવેલા શેર અને અન્ય સ્પષ્ટ સિક્યોરિટીઝ આઈએસઆએન સ્તરે ફ્રીઝ થઈ શકે છે. સેબીએ બાયબેક વ્યવહારો માટે અલગ ટ્રેડિંગ વિન્ડોની જરૂરિયાતને દૂર કરવાનો પણ પ્રસ્તાવ મૂક્યો છે. આ હેઠળ, બાયબેક ટ્રાન્ઝેકશનો હવે સામાન્ય બજાર પદ્ધતિઓ દ્વારા હાથ ધરવામાં આવશે. ટ્રેડિંગ સ્ક્રીન પર કંપનીને ખરીદદાર તરીકે ઓળખવાની જરૂરિયાત પણ દૂર થઈ શકે છે. નિયમનકારે એવી સ્પષ્ટ જોગવાઈ ઉમેરવાનું પણ સૂચન કર્યું છે કે કોઈપણ બાયબેક લઘુત્તમ જાહેર શેરહોલ્ડિંગ આવશ્યકતાઓનું ઉલ્લંઘન ન કરે.

### 2026 માં અત્યાર સુધીમાં ₹2 લાખ કરોડનું વેચાણ કર્યું

## વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી મે મહિનામાં ₹14,231 કરોડ પાછા ખેંચ્યા

મુંબઈ

મે મહિનામાં ભારતીય શેરબજારમાંથી વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (FPIs) ની ઉપાડ ચાલુ છે. વૈશ્વિક આર્થિક ચિંતાઓને કારણે આ વર્ષે અત્યાર સુધીમાં વિદેશી રોકાણકારો બજારમાંથી 2 લાખ કરોડથી વધુ ઉપાડી ચૂક્યા છે. NSDL ના ડેટા અનુસાર, માત્ર મે મહિનામાં વિદેશી રોકાણકારોએ અત્યાર સુધીમાં 14,231 કરોડનું વેચાણ કર્યું છે.

2025ની સરખામણીમાં આ વર્ષે વધુ દબાણ વર્ષ 2026 માં અત્યાર સુધીનો કુલ ઉપાડ ગયા આખા વર્ષની સરખામણીમાં ઘણો વધારે છે. વર્ષ 2025 માં વિદેશી રોકાણકારોએ ભારતીય બજારમાંથી કુલ 1.66 લાખ કરોડ ઉપાડ્યા હતા. આ વર્ષે અત્યાર સુધીમાં આ આંકડો 2 લાખ કરોડને પાર કરી ગયો છે, જે બજાર પર સતત વેચાણના



દબાણને દર્શાવે છે. માત્ર ફેબ્રુઆરીમાં ખરીદી જોવા મળી હતી, માર્ચમાં રેકોર્ડ વેચાણ થયું હતું આ વર્ષે વિદેશી રોકાણકારોનો ઝોક મોટાભાગે નકારાત્મક જ રહ્યો છે. જાન્યુઆરીમાં 35,962 કરોડના શેર વેચાયા હતા. જોકે, ફેબ્રુઆરી એક અપવાદરૂપ મહિનો રહ્યો જ્યારે રોકાણકારોએ 22,615 કરોડનું રોકાણ કર્યું, જે છેલ્લા 17 મહિનાનું સૌથી મોટું માસિક રોકાણ હતું. પરંતુ આ વૃદ્ધિ લાંબો સમય ટકી શકી નહીં. માર્ચમાં અત્યાર સુધીનો સૌથી મોટો ઉલટફેર જોવા મળ્યો અને રેકોર્ડ 1.17 લાખ કરોડ બજારમાંથી બહાર નીકળી ગયા. ત્યારબાદ એપ્રિલમાં પણ 60,847 કરોડની ઉપાડ નોંધાઈ છે. મોંઘવારી અને વ્યાજ દરો બન્યા મોટા કારણ મોર્નિંગસ્ટાર ઈન્વેસ્ટમેન્ટ રિસર્ચ ઈન્ડિયાના પ્રિન્સિપાલ મેનેજર રિસર્ચ, હિમાંશુ શ્રીવાસ્તવના મતે, વૈશ્વિક સ્તરે વધતી મોંઘવારી, વ્યાજ દરોમાં ફેરફારની આશંકા અને ભૌગોલિક રાજકીય જોખમો આ વેચવાલીના મુખ્ય કારણો છે.

## આ અઠવાડિયે ઈરાન-અમેરિકા તણાવ પર રોકાણકારોની નજર રહેશે

- **ચોથા ક્વાર્ટરના પરિણામો સહિત 5 પરિબળો ગતિ નક્કી કરશે; નિફ્ટી માટે 24,500 પર રેજિસ્ટેંસ**

મુંબઈ

આવતીકાલે 11 મેથી શરૂ થતા અઠવાડિયામાં શેરબજારમાં ઘણી હલચલ જોવા મળશે. કંપનીઓના ચોથા ક્વાર્ટરના પરિણામો, અમેરિકા-ઈરાન તણાવ અને વિદેશી રોકાણકારોની વેચવાલી જેવા પરિબળો બજારની દિશા નક્કી કરશે. ચાલો સમજીએ કે આવતા અઠવાડિયે બજારમાં શું થઈ શકે છે સપોર્ટ એટલે, તે સ્તર જ્યાં શેર અથવા ઈન્ડેક્સને નીચે પડવાથી ટેકો મળે છે.

અહીં ખરીદી વધવાથી કિંમત સરળતાથી નીચે જતી નથી. અહીં ખરીદીની તક હોઈ શકે છે. રેઝિસ્ટન્સ એટલે, તે સ્તર જ્યાં શેર અથવા ઈન્ડેક્સને ઉપર જવામાં અવરોધ આવે છે. આ વેચવાલી વધવાથી થાય છે. રેઝિસ્ટન્સ ઝોન પાર કરવા પર તેજીની અપેક્ષા રહે છે. અમેરિકા અને ઈરાન વચ્ચે સંઘર્ષ ચાલુ છે, જેના કારણે સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પાસે અસ્થિરતા પ્રવર્તી રહી છે. વોશિંગ્ટન હજુ પણ તેહરાનના જવાબની રાહ જોઈ રહ્યું છે જેથી શાંતિ વાટાઘાટો આગળ વધી શકે. આ ભૌગોલિક-રાજકીય તણાવની સીધી અસર ભારતીય બજારના સેન્ટિમેન્ટ્સ પર પડશે. વિદેશી રોકાણકારો (FIIs) સતત ભારતીય બજારમાંથી પૈસા પાછા ખેંચી રહ્યા છે. ગયા અઠવાડિયે તેમણે 11,072 કરોડના શેર વેચ્યા. મે મહિનામાં અત્યાર સુધી આ આંકડો 14,231 કરોડ સુધી પહોંચી ગયો છે. 2026માં અત્યાર સુધી વિદેશી રોકાણકારો કુલ 2.06 લાખ કરોડની ઉપાડ કરી ચૂક્યા છે. નિફ્ટીની મોટાભાગની મોટી કંપનીઓએ તેમના પરિણામો જાહેર કર્યા છે, પરંતુ હવે મધ્યમ કદની કંપનીઓનો વારો છે. આગામી છ દિવસમાં 400 થી વધુ કંપનીઓ જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરના પરિણામો જાહેર કરશે.

### ઇતિહાસમાં પ્રથમવાર GPSCની એકસાથે 64 અલગ અલગ કેડરની પ્રાથમિક પરીક્ષા

# 454 જગ્યા માટે હજારો ઉમેદવારો મેદાને



## અમદાવાદના 152 કેન્દ્ર પર વિદ્યાર્થીઓની એકઝામ યોજાઇ

અમદાવાદ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા મેગા ભરતી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે એકસાથે 64 અલગ-અલગ કેડરની પ્રાથમિક પરીક્ષા લેવામાં આવી હતી. GPSCના ઈતિહાસમાં પ્રથમવાર આટલી મોટી સંખ્યામાં વિવિધ સંવર્ગોની પરીક્ષાઓ એક જ દિવસે લેવામાં આવી છે. અમદાવાદમાં કુલ 152 જેટલા પરીક્ષા કેન્દ્ર પર હજારો વિદ્યાર્થીઓ પરીક્ષા આપી હતી. સવારે 11 વાગ્યાથી બપોરે 12 વાગ્યા સુધી એક કલાક પરીક્ષા ચાલી હતી. જેથી પરીક્ષા પ્રક્રિયા પારદર્શક અને શિસ્તબદ્ધ રહે તે માટે તંત્ર દ્વારા ખાસ દેખરેખ રાખવામાં આવી હતી.

ગુજરાત પબ્લિક સર્વિસ કમિશન (GPSC) દ્વારા આજે મેગા ભરતી પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. એકસાથે 64 અલગ-અલગ કેડરની પ્રાથમિક પરીક્ષા લેવામાં આવી છે. જેમાં કુલ 454 જગ્યાઓ માટે ઉમેદવારો મેદાનમાં ઉતર્યા હતાં. GPSCના ઈતિહાસમાં પ્રથમવાર આટલી મોટી સંખ્યામાં વિવિધ સંવર્ગોની પરીક્ષાઓ એક જ દિવસે લેવામાં આવી હોવાથી ઉમેદવારોમાં ભારે ઉત્સાહ સાથે તણાવ પણ જોવા મળ્યો હતો. પરીક્ષા પ્રક્રિયા પારદર્શક અને શિસ્તબદ્ધ રહે તે માટે GPSC તેમજ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા ખાસ દેખરેખ ગોઠવવામાં આવી હતી. તમામ કેડરમાં આજે જનરલ સ્ટડી માટેની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સૌથી વધુ 128 જગ્યાઓ શિક્ષણ વિભાગમાં જાહેર કરવામાં આવી છે. જ્યારે ગુજરાત ઈન્ડસ્ટ્રીયલ એન્ડ ટેક્નિકલ કન્સલ્ટન્સી માટે 51 જગ્યાઓનો સમાવેશ થાય છે. મહાનગરપાલિકાઓમાં એન્જિનિયરિંગ અને ટેક્નિકલ કેડરની લગભગ 100 જેટલી જગ્યાઓ માટે પણ પરીક્ષા યોજાઈ હતી. તેમજ શિક્ષણ સેવા, ઉદ્યોગ વિભાગ, માહિતી ખાતુ અને તબીબી સેવાઓ સહિતના વિવિધ વિભાગોની ભરતી માટે ઉમેદવારોએ આજે પરીક્ષા આપી હતી. વહેલી સવારે જ અનેક ઉમેદવારો પરીક્ષા કેન્દ્રો પર પહોંચી ગયા હતા.

GPSC દ્વારા પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિ ન થાય તે માટે ચેકિંગ, CCTV મોનિટરિંગ અને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ઉમેદવારોને પરીક્ષા કેન્દ્ર સુધી સમયસર પહોંચવા સૂચના આપવામાં આવી હતી અને ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ સહિત પ્રતિબંધિત વસ્તુઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સિવિલ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ કેડરની પરીક્ષાઓ સૌથી વધુ સ્પર્ધાત્મક માનવામાં આવી રહી છે. કારણ કે વોટર સપ્લાય, મ્યુનિસિપલ કોર્પોરેશન અને ટેક્નિકલ વિભાગોમાં ભરતી માટે મોટી સંખ્યામાં અરજદારો મેદાનમાં છે.

### ઇલેક્ટ્રોનિક ગેજેટ્સ સહિત વસ્તુઓ પર સંપૂર્ણ પ્રતિબંધ

GPSC દ્વારા પરીક્ષા દરમિયાન કોઈ ગેરરીતિ ન થાય તે માટે ચેકિંગ, CCTV મોનિટરિંગ અને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. ઉમેદવારોને પરીક્ષા કેન્દ્ર સુધી સમયસર પહોંચવા સૂચના આપવામાં આવી હતી અને ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ સહિત પ્રતિબંધિત વસ્તુઓ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. સિવિલ અને ઈલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ કેડરની પરીક્ષાઓ સૌથી વધુ સ્પર્ધાત્મક માનવામાં આવી રહી છે.

### 'જનનીની જોડ સખી...' ફક્ત કાગળ પર રહી ગયું

# શહેરના વૃદ્ધાશ્રમમાં 2000થી વધુ 'માતા'!

- અમદાવાદમાં 50થી 60 જેટલા વૃદ્ધાશ્રમ ચાલે છે, જે 3500થી 3700 વડીલોનું કાયમી સરનામું બની ગયા
- સંતાનો માતા-પિતાની અંતિમક્રિયા કરવાની જવાબદારીને પણ આશ્રમ સંચાલકો પર છોડી દે છે
- ગૃહકલેશ તો ક્યારેક સાથે ન રહેવાની હઠ જવાબદાર

અમદાવાદ

મે મહિનાના બીજા રવિવારે વિશ્વભરમાં મધર્સ ડેની ઉજવણી કરવામાં આવે છે. આ દિવસે સોશિયલ મીડિયા પર મા પ્રત્યે પ્રેમ દર્શાવતા ફોટો અને હૃદયસ્પર્શી લખાણ સાથેની પોસ્ટનું ઘોડાપૂર આવશે. પરંતુ આ ડિજિટલ ઘરડાઘર ધમધમી રહ્યાં છે. જેમાં બે હજારથી વધુ માતારૂપી મહિલાઓ આશરો લઈ રહી છે. મેગાસિટી અમદાવાદમાં 50થી 60 જેટલા વૃદ્ધાશ્રમ ચાલે છે. જે 3500થી 3700 વડીલોનું કાયમી સરનામું બની ગયા છે. આશ્ચર્યની વાત તો એ છે કે આ વડીલોમાં 55થી 60 ટકા મહિલાઓ છે. વડીલોને ઘરડાઘરમાં મૂકવા આવતી વખતે સંતાનો પાસે કારણોની યાદી તૈયાર હોય છે. ક્યારેક ગૃહકલેશ તો ક્યારેક સાથે ન રહેવાની હઠ જવાબદાર છે. શિક્ષિત દીકરા-વહુ માટે માતા-પિતાની સલાહ દખલગીરી લાગે છે, તો ક્યારેક આર્થિક સંકડામણનું બહાનું આગળ ધરી દેવાય છે. સૂત્રોના જણાવ્યાનુસાર, કેટલાક એવા



કિસ્સા પણ બને છે જ્યાં માતા-પિતા પોતાની મિલકત સંતાનોના નામે કરી દે છે અને બાદમાં તે જ માતા-પિતા બોજ લાગતા હોવાથી સંતાનો તેમને વૃદ્ધાશ્રમના આંગણે છોડી દે છે. અમદાવાદમાં પોણા સૈકાથી ચાલતા જીવનસંધ્યા વૃદ્ધાશ્રમ સાથે જોડાયેલા સુકેતુભાઈ અને તેમના સહકર્મીઓએ આવા આશરે 1000 જેટલા વડીલો માટે કાયદાકીય લડત લડી તેઓને પોતાનું ઘર પરત અપાવ્યું હતું. એટલું જ નહીં પોતાની દુનિયામાં મશગૂલ બનેલા સંતાનો માતા-પિતાની અંતિમક્રિયા કરવાની જવાબદારીને પણ આશ્રમ સંચાલકો પર છોડી દે છે. અમદાવાદમાં એક મોટો વર્ગ એવી મથામણમાં જીવે છે, જ્યાં 20-30 હજારની મર્યાદિત આવકમાં બે બાળકોના ભણવાના ખર્ચ, મોંઘા ઘરભાડા તેમજ પાંચ-છ લોકોના ઘરખર્ચને પહોંચી વળવું અશક્ય બની જાય છે. પરિણામે લાચારી અને આર્થિક સંકડામણથી ગૃહકલેશ વધતાં ક્યારેક માતા-પિતા સામેથી વૃદ્ધાશ્રમના આંગણે પહોંચે છે.

### સરખેજ પોલીસે 1 કરોડના મુદ્દામાલ ડ્રાઈવરની ધરપકડ કરી

# પતંજલિની પ્રોડક્ટની આડમાં હરિયાણાથી રૂપિયા 76 લાખનો દારૂ અમદાવાદ આવ્યો..!

અમદાવાદ

અમદાવાદની સરખેજ પોલીસે એસ.પી. રિંગ રોડ પર એક ટ્રકમાંથી લાખો રૂપિયાનો વિદેશી દારૂ ઝડપી પાડી મોટી સફળતા મેળવી છે. હરિયાણાથી પતંજલિ કંપનીની પ્રોડક્ટ્સની આડમાં છુપાવીને લાવવામાં આવેલો અંદાજે 76 લાખ રૂપિયાનો દારૂ પોલીસે જપ્ત કર્યો છે. આ મામલે પોલીસે ટ્રક ડ્રાઈવરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સરખેજ પોલીસ સ્ટેશનના પી.આઈ. એલ.એલ. ચાવડા અને પી.એસ.આઈ. એ.આર. બોડિયાની ટીમને ચોક્કસ બાતમી મળી હતી કે, બાકરોલ સર્કલથી સનાથલ સર્કલ તરફ જતાં એસ.પી. રિંગ રોડ પર એક ટ્રકમાં દારૂનો મોટો જથ્થો પસાર થવાનો છે. આ બાતમીના આધારે પોલીસે વોચ



ગોઠવી એક શંકાસ્પદ ટ્રકને અટકાવી હતી. પોલીસે જ્યારે ટ્રકની તપાસ કરી ત્યારે પ્રાથમિક દ્રષ્ટિએ તેમાં પતંજલિ કંપનીની અલગ-અલગ પ્રોડક્ટ્સના કાર્ટૂન જોવા મળ્યા હતા. જોકે, ઊંડાણપૂર્વક તપાસ કરતા પતંજલિના બોક્સ અને લોટના કટ્ટાની નીચે છુપાવેલી વિદેશી દારૂની કુલ 9,624 બોટલો મળી આવી હતી. બજાર કિંમત મુજબ આ દારૂના જથ્થાની કિંમત અંદાજે 76.56 લાખ રૂપિયા થાય છે.

પોલીસે આ કાર્યવાહી દરમિયાન 76.56 લાખનો દારૂ, 10 લાખની કિંમતની પતંજલિની પ્રોડક્ટ્સ અને ટ્રક મળીને કુલ 1.01 કરોડ રૂપિયાનો મુદ્દામાલ કબજે કર્યો છે. પોલીસે ટ્રક ચાલક વગતારામ બેનીવાલ (રહે. રાજસ્થાન)ની અટકાયત કરી પૂછપરછ હાથ ધરી હતી. તપાસમાં સામે આવ્યું કે, તેણે હરિયાણાથી હરીશ ચૌધરી નામના વ્યક્તિના કહેવાથી આ દારૂનો જથ્થો ભર્યો હતો અને તેને સાણંદ રોડ પર ઉતારવાનો હતો. સરખેજ પોલીસે ગુનો નોંધી ડ્રાઈવરની ધરપકડ કરી છે, જ્યારે દારૂ મોકલનાર હરીશ ચૌધરી હાલ ફરાર હોવાથી પોલીસે તેને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# સાસરિયાના ત્રાસથી કંટાળી પરિણીતાનો આપઘાત : પતિ અને સાસુ વિરુદ્ધ ફરિયાદ

અમદાવાદ

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં સાસરિયાઓના સતત માનસિક અને શારીરિક ત્રાસથી કંટાળીને એક પરિણીતાએ પોતાના પિયરમાં ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું છે. આ મામલે વેજલપુર પોલીસે મૃતક પરિણીતાના પતિ અને સાસુ સામે આપઘાત માટે મજબૂર કરવાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી અનુસાર, વેજલપુરના શાંતિનાથ એપાર્ટમેન્ટમાં રહેતા કિશોરભાઈ માલવિયાની દીકરીના લગ્ન માર્ચ 2025માં ન્યૂ વાસણાના શ્રેયાંક ઠાકોર સાથે થયા હતા. લગ્નના માત્ર બે મહિના પછી જ સાસરિયાઓએ પોતાનું અસલી રૂપ બતાવવાનું શરૂ કર્યું હતું. બ્યુટીપાર્લરમાં કામ કરતી પરિણીતાનો આખો પગાર સાસરિયાઓ ઘરખર્ચમાં વાપરી નાખતા, જ્યારે પતિ પોતાની કમાણી શેરબજારમાં રોકતો હતો.



## લગ્નના બે મહિનામાં જ શરૂ થયો ત્રાસ

પરિણીતાના પિતાએ નોંધાવેલી ફરિયાદમાં સાસરિયાઓના ત્રાસની ચોંકાવનારી વિગતો સામે આવી છે, જેમાં નવું ટુ-વ્હીલર લેવા પિયરમાંથી 20,000 રૂપિયા લાવવા દબાણ કરાતું હતું. માસિક ધર્મના સમયે ઘર અભડાય નહીં તેવા બહાને સાસુ દર મહિને એક અઠવાડિયું તેને પિયર કાઢી મુકતા હતા. પતિને બળજબરીથી બુટ-મોજા પહેરાવવા અને થાકીને ઘરે આવે તો પણ આરામ ન કરવા દેવા જેવો માનસિક ત્રાસ અપાતો હતો. આ ઉપરાંત પરિણીતાએ પોતાની જૂની અલ્ટો કાર વેચતા આવેલા 50,000 રૂપિયા પતિને જોઈતા હતા, જે બાબતે સતત ઝઘડા થતા હતા. કાર વેચવાના પૈસા મુદ્દે થયેલા ઝઘડા બાદ પરિણીતા 20મી એપ્રિલના રોજ પિયર આવી ગઈ હતી. ગત 24મી એપ્રિલના રોજ જ્યારે તેના માતા-પિતા બહાર ગયા હતા, ત્યારે તેણે બેડરૂમમાં પંખા સાથે દુપટ્ટો બાંધી આત્મહત્યા કરી લીધી હતી. આપઘાત પહેલાં પતિ શ્રેયાંક સાથે તેની 4 મિનિટ વાતચીત થઈ હતી અને વોટ્સએપ પર છૂટાછેડા અંગેની ચર્ચાઓ પણ થઈ હતી.

પરિણીતાના પિતાની ફરિયાદના આધારે વેજલપુર પોલીસે પતિ શ્રેયાંક અને સાસુ રેખાબેન વિરુદ્ધ ગુનો દાખલ કર્યો છે. અગાઉ પણ પતિના અન્ય સંબંધોને લીધે છૂટાછેડાના કાગળો તૈયાર થયા હતા, પરંતુ તે સમયે સમાધાન થયું હતું. પોલીસે મોબાઈલ ચેટ અને કોલ ડિટેલ્સના આધારે વધુ પુરાવા એકત્ર કરવાની કાર્યવાહી હાથ ધરી છે.

# વાસણામાં સાયકલ ચોરીના આક્ષેપે સગીરોને માર માર્યાનો આરોપ

અમદાવાદ

અમદાવાદના વાસણામાં આવેલા હરેન પંડ્યા ગાર્ડન ખાતે ગઈકાલે (નવમી મે) મોડી રાત્રે બે સગીર પર સાયકલ ચોરીની શંકાના આધારે સિક્યોરિટી ગાર્ડે પોલીસ બોલાવી હતી. જે બાદ પોલીસકર્મીએ એક સગીરને લાફો ચોડી દીધો હતો અને તેના પરિજનોને બોલાવ્યા હતા. જે બાદ સગીરની બે બહેનોની પોલીસ સાથે ઉગ્ર બોલાચાલી થઈ હતી. જે બાદ યુવતીએ તેના મોબાઈળમાં વીડિયો ઉતારતા પોલીસકર્મીએ તેમની સાથે ગેરવર્તણૂક કરી હતી.

યુવતી આ અંગે પોલીસ કમિશનરને લેખિતમાં ફરિયાદ કરી છે. તો બીજી તરફ, વાસણા પોલીસે અને વોચમેને આ તમામ આક્ષેપોને નકારી કાઢ્યા છે. ત્યારે ગુજરાત સમાચાર ડિજિટલે ફરિયાદી યુવતી, ગાર્ડનના વોચમેન અને PI સાથે વાતચીત કરી હતી. જેમાં દરેકના અલગ અલગ નિવેદન સામે આવ્યા છે. ઘટના અંગે યુવતીએ જણાવ્યું હતું કે, 'મારા 9 અને 11 વર્ષના ભાઈઓ રાત્રે 10 વાગ્યાની આસપાસ આઈસ્ક્રીમ ખાવા ગયા હતા.


# માતાના ગર્ભમાં જ મૃત્યુ પામેલા બાળકના પરિવારને વળતર ચૂકવવા હાઇકોર્ટનો હુકમ

- કોર્ટે અનબોર્ન ચાઇલ્ડના પિતાને 8 લાખ રૂપિયા 9 ટકા વ્યાજ સાથે ચુકવવાનો આદેશ કર્યો

અમદાવાદ

સુરતના કીમ રેલવે સ્ટેશન પર માતાના ગર્ભમાં જ મોતને ભેટેલા બાળકના પરિવારને 8 લાખ રૂપિયાનું વળતર આપવાનો ચૂકાદો ગુજરાત હાઈકોર્ટે આપ્યો છે. ગુજરાતના ઈતિહાસમાં રેલવેમાં અકસ્માતમાં ગર્ભમાં રહેલા બાળકના મૃત્યુ બાદ વળતર ચુકવવાનો આ પ્રથમ કિસ્સો છે. જેમાં કોર્ટે અનબોર્ન ચાઇલ્ડના પિતાને 8 લાખ રૂપિયા 9 ટકા વ્યાજ સાથે ચુકવવાનો આદેશ કર્યો છે. અગાઉ માતાના મૃત્યુ માટે રેલવે ટ્રિબ્યુનલે 8 લાખ રૂપિયા વળતર ચુકવવાનો આદેશ કર્યો હતો.

જાણીતા વકીલ નીતિન કાપડેએ જણાવ્યું હતું કે, 14 એપ્રિલ-2018ના રોજ મૂળ મધ્યપ્રદેશના ઉષાબેન તેમના પતિ જયપ્રકાશ ઘસીટાલાલ અને તેમના 2 સંબંધીઓ સાથે સુરતના કીમ રેલવે સ્ટેશનથી કાનપુર જવા માટે નિકળ્યા હતા. જયપ્રકાશ ઘસીટાલાલના કાકાના દીકરાના લગ્ન માટે તેઓ કાનપુર જઈ રહ્યા હતા. આ સમયે કીમ રેલવે સ્ટેશન પર મેમુ ટ્રેનમાં ચડવા ગયા હતા અને તે સમયે દુર્ઘટના થતાં ઉષાબેનનું મોત



થયું હતું.આ સમયે તેમના પેટમાં 9 માસનો ગર્ભ હતો, આ બાળક પણ માતાના પેટમાં જ કચડાઈને મૃત્યું પામ્યું હતું અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પણ પ્રસ્થાપિત થયું હતું. જેથી મૃતક મહિલાના પતિએ વેસ્ટર્ન રેલવે ટ્રીબ્યુનલે અમદાવાદમાં બે ક્લેઈમ કર્યાં હતા.

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, રેલવે ટ્રીબ્યુનલે માત્ર તેમની પત્નીને 8 લાખનું વળતર આપવાનો આદેશ કર્યો હતો. જોકે, અનબોર્ન ચાઈલ્ડને વળતર ચુકવવામાં આવ્યું નહોતું. આ સમયે ગર્ભમાં જ મૃત્યું પામનાર બાળકને વળતર ન ચૂકવવા માટે એ કારણ આપ્યું હતું કે, અનબોર્ન ચાઈલ્ડ એ માણસમાં નથી આવતું. જો કે, હકીકત એ છે કે, 5 મહિનાનું ગર્ભ થઈ જાય પછી તે પછી તેને પર્સન કહેવામાં આવે છે.

તેઓએ કહ્યું હતું કે, વેસ્ટર્ન રેલવે ટ્રીબ્યુનલે ગર્ભમાં રહેલા બાળકને વળતરનો કેસ કાઢી નાખતા અમે ગુજરાત હાઈકોર્ટમાં ગયા હતા. હાઈકોર્ટના જજ જે.સી.દોશીએ લેન્ડમાર્ક જજમેન્ટ આપ્યું અને ગર્ભને ઈન્ડેપેન્ડેન્ટ આઈડેન્ટીટી આપી અને અનબોર્ન ચાઈલ્ડને 8 લાખ રૂપિયાનું વળતર 9 ટકા વ્યાજ સાથે 3 અઠવાડિયામાં ચુકવવાનો આદેશ આપ્યો છે.


આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070



Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI